સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

નવેમ્બર/ડીસેમ્બર-૦૬

## ગઢપુરમાં ઉડે રે ગુલાલ, ગઢડા સ્વામિનારાયણનું... ગઢપુરધામને આંગણે તા. ૨૪ થી ૩૦ ઓક્ટોમ્બર-૨૦૦૬ સુધી યોજાયેલ ભવ્ય 'શ્રી ગઢપુર મહોત્સવ'



વક્તા : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર ✤ સંયોજક : પૂ. એસ.પી. સ્વામી-ગઢપુર ✤ વક્તા : પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી-ગઢપુર





# ગઢપુરમાં ઉડે રે ગુલાલ, ગઢડા સ્વામિનારાયણનું...




શ્રી સ્વામિનારાયણ
# ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૫/૬, તા. ૨૦-૧૨-૦૬

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com


"...અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય."

- ભગવાન શ્રી સ્વામિનારાયણ (વચ. ગઢડા પ્રથમપ્રકરણ : ૩)

## :: અનુક્રમણિકા ::


૧ ઉત્સવ એટલે શું ?... ૦૮

૨ શ્રી ગઢપુર મહોત્સવનો દિવ્ય સંકલ્પ અને ઉદ્‌ઘોષ ૧૦

૩ શ્રી ગઢપુર મહોત્સવની પૂર્વ સંધ્યાએ ૧૧

૪ શ્રી ગઢપુર મહોત્સવ સ્થળની સગવડતાઓ તથા શોભાઓ ૧૩

૫ શ્રી ગઢપુર મહોત્સવનો મંગળ પ્રારંભ ૧૬

૬ શ્રી ગઢપુર મહોત્સવ અંતર્ગત ઉજવાયેલ વિવિધ ઉત્સવો ૧૭

૭ શ્રી ગઢપુર મહોત્સવની દિવ્ય યાદગાર પળો ૨૦

૮ તીર્થયાત્રા માહાત્મ્ય... - સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી ૨૪


૯ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રાનોમંગલ પ્રારંભ... ૨૬

- તા. ૧૦-૧૧-૦૬ કારતક વદ - ૫, ઉજ્જૈન (મધ્યપ્રદેશ રાજ્ય)........ ૨૮
- તા. ૧૧-૧૧-૦૬ કારતક વદ - ૬, મથુરા-વૃંદાવન-ગોકુળ (ઉત્તરપ્રદેશ રાજ્ય)........ ૩૦
- તા. ૧૨-૧૧-૦૬ કારતક વદ - ૭, દેવભૂમિ હરિદ્વાર - તપોભૂમિ ઋષિકેશ (ઉત્તરાંચલ રાજ્ય)........ ૩૩
- તા. ૧૪-૧૧-૦૬ કારતક વદ - ૯, ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્ય ભૂમિ છપૈયા (ઉત્તરપ્રદેશ રાજ્ય)... ૩૫
- તા. ૧૭-૧૧-૦૬ કારતક વદ - ૧૨, શ્રીરામજન્મ ભૂમિ અયોધ્યા (ઉત્તરપ્રદેશ રાજ્ય)........ ૩૮
- તા. ૧૮-૧૧-૦૬ કારતક વદ - ૧૩, ત્રિવેણી સંગમસ્થાન પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ રાજ્ય)........ ૩૯
- તા. ૧૯-૧૧-૦૬ કારતક વદ - ૧૪, મોક્ષદાયિની નગરી કાશી-બનારસ (ઉત્તરપ્રદેશ રાજ્ય)........ ૪૧
- તા. ૨૦-૧૧-૦૬ કારતક વદ - ૩૦, ગયાજી-બોદ્ધગયા (બિહાર રાજ્ય)........ ૪૩
- તા. ૨૧-૧૧-૦૬ માગશર સુદ - ૧, ગંગાસાગર-કપિલાશ્રમ (પશ્ચિમબંગાલ રાજ્ય)........ ૪૫
- તા. ૨૨-૧૧-૦૬ માગશર સુદ - ૨, જગન્નાથપુરી-ભૂવનેશ્વર-સાક્ષીગોપાલ-કોનાર્ક (ઓરિસ્સા રાજ્ય)........ ૪૭

૧૦ ઉત્તર-પૂર્વ ભારતની યોજાયેલ અજોડ કલ્યાણકારી ટ્રેનયાત્રા ઉપસંહાર ૫૦

૧૧ સત્સંગ સમાચાર પત્રિકા... ૫૨


:: સંપૂર્ણ અંક લેખન/સંકલન ::
સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. રાજુ ભગત
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર





# ઉત્સવ એટલે શું ?...

**ઉત્સવ એટલે આનંદની હેલી...**
**ઉત્સવ એટલે હતાશ હૈયામાં નવા પ્રાણનો સંચાર...**
**ઉત્સવ એટલે હૃદયકમળમાં સર્જાતી ભક્તિભાવની હેલી...**
**ઉત્સવ એટલે મનને સંકુચિતતામાંથી બહાર લાવી ઉદારતાના ખુલ્લા આકાશમાં વિહાર કરાવતી પાંખો...**

**'ઉત્સવપ્રિયાઃ ખલુ માનવાઃ'** કવિ કાલિદાસની આ ઉક્તિ સૂચવે છે કે મનુષ્યજીવનમાં ઉત્સવોનું ઘણું મહત્ત્વ છે. જીવનમાં રોજિંદા વ્યવહારની શુષ્કતાથી કંટાળી ગયેલા મનુષ્યના જીવનને ઉત્સવ આનંદથી ભરી દે છે. માનવીઓના જીવનમાં પરિવર્તન અને આનંદ લાવવા માટે જ ઉત્સવોનો આવિષ્કાર થયો છે. ઉત્સવો એ આર્ય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. ભાવપૂર્ણ અંતઃકરણથી ઉત્સવની ઉજવણી કરવાથી જીવનમાં નૂતન આશાનો સંચાર થાય છે.

આ પારંપારિક ઉત્સવોની પરંપરા યુગોથી માનવજીવનમાં સહજ રીતે નૂતન ને નૂતન સર્જાતી રહી છે. અવતારોથી લઈને ઋષિમુનિઓ અને સંતો-પરમહંસોએ પણ આ ઉત્સવોની પરંપરાને માણી છે, જાણી છે તેમજ અનુભવી છે.

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, સર્વાવતારી, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે સમાજના અધઃપતનના કારણરૂપે જે કેટલીક બદીઓને નિહાળી હતી તેને ધર્મ-સંસ્થાપનના મહાકાર્યમાં ચીવટપૂર્વક દૂર કરી. ભક્તિના નામે પૂજાવિધિમાં અને ખાસ કરીને ઉત્સવોના નિમિત્તે પ્રવેશેલી અશુદ્ધિઓને એમણે દૂર કરી. ઉત્સવોમાં વિસરાયેલાં પરંપરાગત મૂલ્યોનું તેમણે પુનઃસ્થાપન કર્યું. ઉત્સવો બંધ કરાવવાને બદલે તેમાં ચાલતી અંધશ્રદ્ધાને તોડીને તેમણે શુદ્ધ ભક્તિપરંપરા સજીવન કરી. હિંદુત્વનું એ અનાદિભૂત પ્રાણમય તત્ત્વનું પુનઃજાગરણ થયું.

પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આ ભૂમંડળ પર અનંત જીવોના સર્વાંગી અભ્યુદય-વિકાસ અર્થે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિભાવ યુક્ત ભાગવત-એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. પોતે સ્થાપેલ દેવ, મંદિર, આચાર્ય, શાસ્ત્ર, સંત, સત્સંગી. આ ષડ્અંગી સંપ્રદાયની દિવ્ય ભાગીરથીના નીર આ ધરા પર ચારે દિશામાં ફરી વળ્યા. અને અનંત જીવાત્માઓને પાવન કરતા રહ્યા છે. શ્રીજીમહારાજે પોતાના સમકાલીન સમય દરમ્યાન સત્સંગના પ્રચાર-પ્રસારાર્થે અનેક ઉત્સવોની ભવ્ય પરંપરા વહાવી છે. પછી ભલેને તે

વડતાલનો પુષ્પદોલોત્સવ હોય કે પંચાળાનો રાસોત્સવ, કે લોયાનો શાકોત્સવ કે ગઢપુરનો અન્નકૂટોત્સવ હોય. પરંતુ નાના-મોટા ઉત્સવોના માધ્યમથી સંતો-ભક્તો સાથે મળે અને પરસ્પરના યોગથી સહુને સત્સંગનું પોષણ મળી રહે એજ એનો હેતુ છે. એટલે જ શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૪મા વચનામૃતમાં કહે છે : ''...અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના ઉત્સવ વર્ષોવર્ષ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.'' વળી તે ઉત્સવ-સમૈયાની સ્મૃતિ અંતરે કેવી રીતે કરવી તેની રીત ગઢડા મધ્ય પ્રકરણના ૩૫મા વચનામૃતમાં કહે છે : ''...અને આ તમે સર્વે છો તે મને ભગવાન જાણો છો. ને અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કહી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય, તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે.''

ભગવાન શ્રી સ્વામિનારાયણે રચેલી આ શુદ્ધ ઉત્સવ-પરંપરાનું આમૂલ રક્ષણ કરવા માટે વર્તમાનકાળે એમની ધર્મધુરંધરાને વહન કરનારા એમના જ અપર સ્વરૂપ સમા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્યજી મહારાજશ્રી તથા તેમના-ધર્મકુળઆશ્રિત સંતો-સત્સંગીઓએ પણ પરિપૂર્ણ જતન કર્યું છે. એટલું જ નહિ, તેનો અનેકગણો પ્રચાર કર્યો છે. ઉત્સવોના પરંપરાગત મૂલ્યોની સાથે જાહેર જનસમુદાયને જોડીને તેમણે ઉત્સવોની ગરિમાને આસમાને પહોંચાડી છે.

એજ ઉત્સવ પરંપરામાં આજે એક નવું પુષ્પ ઉમેરાઈ રહ્યું છે, અને તે છે શ્રીજીમહારાજના કાયમી નિવાસસ્થાન એવા ગઢપુરધામને આંગણે હમણાં જ તાજેતરમાં તા. ૨૪ થી ૩૦ ઓક્ટોમ્બર ૨૦૦૬ સુધી ઉજવવામાં આવેલ ભવ્ય 'શ્રી ગઢપુર મહોત્સવ'...!!!

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના સાંનિધ્યમાં શ્રી લક્ષ્મીવાડી ખાતે અતિ વિશાળ ફલક પર ત્રિવિધ નિમિત્ત યુક્ત ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

દુર્ભેદ્ય અધર્મ અંધકારના ચૂરેચૂરા કરી સદ્ધર્મને સ્થાપવા, અનેક સાચા સંતો-પરમહંસો તથા ભક્તોના ભાવોને પૂર્ણ કરવા તથા ગાય-બ્રાહ્મણોનું અને સત્શાસ્ત્રોનું રક્ષણ કરી સમગ્ર સમાજને નવપલ્લવિત કરવા અનેક સત્શાસ્ત્રોના સદ્‌વચનોને સાર્થક કરવા...જેવા કે,

**દત્તાત્રેયઃ કૃતયુગે ત્રેતાયાં રઘુનંદનઃ ।**
**દ્વાપરે વાસુદેવઃ સ્યાત્ કલૌ સ્વામી વૃષાત્મજઃ ॥**

આવા અનેકાનેક સત્શાસ્ત્રોના વચનોને સાકાર સ્વરૂપ આપવા તથા અનેક તામસી-રાજસી-સાત્ત્વિક જીવોને બ્રહ્મરૂપ કરી પોતાનું પરબ્રહ્મ, સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવી આત્યંતિક મોક્ષ અપાવવાને કાજે ઉત્તરભારતમાં સુપ્રસિદ્ધ અયોધ્યા નજીક આવેલા, વિસ્તારથી નાનકડા છતાં ઐતિહાસિક મહિમાથી અપાર સમૃદ્ધ એવા છપૈયા ગામમાં સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું તેને જ્યારે ૨૨૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ રજત દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ' અને તેની સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની જેટલી ઊંચાઈ હતી તેટલી જ ઊંચી મૂર્તિ, પોતાના એકે એક અંગનું માપ લઈને બનાવેલ મૂર્તિ એટલે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ. શ્રીજીમહારાજના અંગોઅંગ સમાન બનેલા એ શ્રી ગોપીનાથજી મહારાજની ભગવાન શ્રીહરિએ સં. ૧૮૮૫ આસો સુદ - ૧૨, તા. ૨૦-૧૦-૧૮૨૮ રવિવારના રોજ પ્રતિષ્ઠા કરી હતી તેને ૧૭૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે 'શ્રી ગોપીનાથજી મહારાજ શતામૃત મહોત્સવ' તેમજ ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ બાપુના પ્રેમને વશ થઈને સં.૧૮૬૨ ફાગણ વદ - ૩ના રોજ સત્સંગના આદિ દેવ શ્રી વાસુદેવનારાયણની દાદાખાચરના ઉત્તરાભિમુખના ઓરડામાં સંપ્રદાયમાં સૌપ્રથમવાર પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે 'શ્રી વાસુદેવનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી મહોત્સવ' મળી ત્રિવિધ નિમિત્ત યુક્ત ભવ્ય 'શ્રી ગઢપુર મહોત્સવ' ઉજવવામાં આવ્યો હતો.

તો ચાલો... આપણે પણ આ દિવ્ય અને ભવ્ય 'શ્રી ગઢપુર મહોત્સવ'ની સ્મૃતિ અને દર્શનને ચિરકાળ પર્યંત ભાવિક ભક્તોને યાદ કરાવતા આ વિશેષાંકથી તે મહોત્સવની પ્રત્યક્ષ અનુભૂત ઝલક માણીએ અને આનંદ અનુભવીએ....


## છપાય છે...છપાય છે...
## ટૂંક સમયમાં જ છપાય છે...

વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ વાર્ષિક વ્રત-ઉત્સવનો '**નિર્ણય**' છપાય છે તો જો તેમાં પોતાનું નામ અથવા કંપની, ઓફિસ, ફેકટરી યા દુકાનનું નામ શુભેચ્છક તરીકે અથવા મુખ્ય ફોરકલર પેજમાં જાહેરાત આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો.

**પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, વડતાલ.**
**મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮**
**પ.ભ. શ્રી નનુમામા - રઘુવીરવાડી, વડતાલ.**
**મો. ૯૮૨૫૨ ૩૪૩૬૨**

# શ્રી ગઢપુર મહોત્સવનો દિવ્ય સંકલ્પ અને ઉદ્‌ઘોષ



**'માનવ જાણે મેં કર્યું, પણ કરતલ બીજો કોઈ;**
**આદર્યા અધુરા રહે, અને હરિ કરે સો હોઈ.'**

વ્હાલા ભક્તજનો ! અનંત કરોડો બ્રહ્માંડોમાં સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું કર્યું જ બધું થાય છે. તેમ છતાં અજ્ઞાની આત્મા સ્વયં તેનો કર્તા બની જઈ મિથ્યા અહંકાર કરે છે.

પરંતુ ભગવાન કે ભગવાનના એકાંતિક સંતો-ભક્તોના સંકલ્પો કે ક્રિયા સામાન્ય જીવ જેવી સ્વાર્થ પરાયણ હોતી નથી. તેમના સંકલ્પમાં લાખો મુમુક્ષુઓના મોક્ષ સમાયેલા હોય છે. અને તેમાં કેવળ પરોપકારની જ સુવાસ સ્ફુરતી હોય છે.

અત્યારના આ ઘોર કળિકાળમાં જ્યારે વિષય, વ્યસન અને અરાજકતાએ માઝા મૂકી છે, ત્યારે તે પાપમાંથી ભગવાન કે ભગવાનના સાચા સંતો-ભક્તો સિવાય બચાવનાર બીજુ કોણ છે ? માટે કૃપાળુ ભગવાન શ્રીહરિ અને તેઓએ પોતાની ગાદીએ સ્થાપેલા આચાર્ય મહારાજશ્રી કે સાચા સંતો-ભક્તોનું વિચરણ જીવોના રૂડા માટે જ હોય છે.

તેમાંય ભગવાન શ્રી સ્વામિનારાયણે તો બહુ અદ્‌ભૂત સંકલ્પો કર્યા છે કે મારા જોગમાં કે મારા એકાંતિક સંતો-ભક્તોના જોગમાં જાણે-અજાણે કોઈ પણ મુમુક્ષુ જીવ આવી જાય તો તેનું મારે આત્યંતિક કલ્યાણ કરવું છે.

આ ઉપરોક્ત સંકલ્પને ફળીભૂત કરવાનો જાણે કે સમય આવ્યો...!!! તા. ૧૯-૮-૦૬ના રોજ ગઢપુર ખાતે યોજાયેલ ૨૨૫ કલાક અખંડ ધૂનમાં પધારેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ દાદાખાચરના દરબારગઢમાં મહોત્સવનો સંકલ્પ તેમજ તેની ભવ્યતાની ઉદ્‌ઘોષણા કરતા કહ્યું : "વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો સંકલ્પ હતો કે, "ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજતા હતા ત્યારે જે ઉત્સવ થતાં અને સંતો-ભક્તોને જે સુખ આવતું તેમ ઉત્સવ કરવાં. તે વખતે શ્રીજીમહારાજ, આચાર્ય મહારાજ, સંતો-ભક્તો સાથે મળી ઉત્સવ કરતાં તેવો જ ઉત્સવ આપણે કરવો છે. જેમાં શ્રીજીમહારાજનો સિદ્ધાંત જળવાય અને બધાની ભાવનાનો સમન્વય થાય, તો આ ઉત્સવ એવો જ થશે - શ્રી ગોપીનાથજી જેવા દેવ - આ ગઢપુર જેવું સ્થાન, ધર્મકુળ ઉત્સવ ઉજવે અને સંપ્રદાયના બધાજ સંતો-ભક્તો સાથે મળી ઉત્સવ ઉજવે ત્યારે એનો આનંદ કંઈક જુદી જ રીતનો હોય. આપણે નવું નથી કરવું પણ મહારાજે જે કર્યું છે તે જાળવવું છે અને એ પરંપરા પ્રમાણે આપણે ઉત્સવ કરી ભજન કરવું છે. એમાં જ શ્રીજીમહારાજનું વાસ્તવિક સુખ રહેલું છે, એવું સુખ અસંખ્ય ભક્તોને આવા સ્થાનમાંથી ભજન-ભક્તિના માધ્યમથી કેવી રીતે પ્રાપ્ત થાય" એવો સંકલ્પ રહેતો અને તેમાં આ ભગવાન શ્રી સ્વામિનારાયણના રજત દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ, શ્રી વાસુદેવનારાયણ દ્વિશતાબ્દી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અને શ્રી ગોપીનાથજી મહારાજ શતામૃત મહોત્સવના નિમિત્તો આવ્યા. ત્યારે પ.પૂ. મહારાજશ્રીના આ સંકલ્પને ચરિતાર્થ કરવા અમો કટિબધ્ધ બન્યા છીએ; ત્યારે અમોએ અમારા સંતોને પણ જેવાં કે ગઢપુર, વડતાલ, જૂનાગઢ, સરધાર, અમરેલી, બગસરા વગેરે સ્થાનોમાં રહેતા સંતોને પણ જાણ કરી ત્યારે તેઓ પણ ખૂબજ હર્ષથી અમારા આ ઉત્સવના કાર્યમાં જોડાઈ ગયા અને આ તમામ સંતો-ભક્તોએ ઉત્સવનો કાર્યભાર સંભાળી લીધો."

વિશેષમાં આ મહોત્સવ સં. ૨૦૬૩ કારતક સુદ ૨ થી ૮ તા. ૨૪-૧૦-૦૬ થી તા. ૩૦-૧૦-૦૬ સુધી ઉજવવામાં આવનાર 'શ્રી ગઢપુર મહોત્સવ'માં મનવાણીથી અવર્ણનીય અવસરને નજરે નિહાળવા, શ્રવણે સાંભળવા, જિહ્વાથી પ્રભુપ્રસાદના આસ્વાદને માણવા અને તન-મનને પુલકિત કરવા આબાલવૃદ્ધ સર્વ ભક્તજનોને તથા આપના ગ્રામજનોને સહપરિવાર પધારવા અમો સ્નેહભર્યા નયને નિમંત્રણ પાઠવીએ છીએ.

આમ, પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભામાં પોતાના પ્રવચન દરમ્યાન મહોત્સવનો સંકલ્પ જણાવીને ઉદ્‌ઘોષ કરીને સર્વેને આમંત્રિત કર્યા હતા.







# શ્રી ગઢપુર મહોત્સવની પૂર્વ સંધ્યાએ

## ઠેર ઠેર સત્સંગ સભાઓ અને પ્રચાર કાર્ય

વ્હાલા ભક્તજનો ! વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે ગઢડામાં મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું. જ્યારથી મહોત્સવની જાહેરાત થઈ ત્યારથી ગામે-ગામ, શહેરે-શહેર અને દેશ-વિદેશમાં પણ આ મહોત્સવના પડઘમો ગુંજવા લાગ્યા. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની દિવ્ય આજ્ઞા સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં સુરત, મુંબઈ, રાજકોટ, માણાવદર, ગઢપુર, આદિક નગરો તેમજ ગામડાઓમાં ઠેર ઠેર સત્સંગ સભાઓ યોજીને ભક્તજનોને અતિ ભવ્યતાથી ઉજવવામાં આવનાર 'શ્રી ગઢપુર મહોત્સવ'ની કાર્યક્રમરૂપરેખા અને સંચાલન-આયોજન પધ્ધતિ સમજાવી હતી.

વ્હાલા ભક્તજનો ! અનંતજીવોને સુખિયા કરવા માટે અને તેમનું આધ્યાત્મિક સ્તર ઊંચુ લાવવા માટે જે કાર્ય થઈ રહ્યું હોય તેના સમાચાર ઠેક ઠેકાણે પહોંચવા જ જોઈએ ને ? આ મહોત્સવને વ્યક્તિ વ્યક્તિ સુધી પહોંચાડવા માટે પ્રચાર અને પ્રસારનું માધ્યમ ખૂબ જ જરૂરી છે. મહોત્સવ ઉદ્‌ઘોષ થયો ત્યારથી પ્રચારકાર્ય વેંગવંતુ કરવામાં આવ્યું. એટલા માટે ૧ લાખ ફોરકલરમાં સ્ટીકર, ધર્મ સિદ્ધાંત સામયિક, આમંત્રણ પત્રિકા, ૫૦ હજારથી વધારે દિવાલ પોસ્ટરો, ૧૫૦૦ કાપડમાં એક કલરમાં બેનરો તેમજ દ્વારકાથી લઈને વાપી સુધી ઠેર ઠેર જગ્યાએ મોટા મોટા હોડીંગ બોર્ડો વગેરે પ્રચાર માટે આધુનિક ઢબેથી બનાવવામાં આવ્યું હતું. આ તમામ કાર્યમાં સરધાર, ગઢપુર, અમરેલી, બગસરા, વડતાલ વગેરેના સંતો-ભક્તો અને સુરત-અમદાવાદ-મુંબઈ-વડોદરા-આણંદ વગેરે શહેરોના નવયુવાન સત્સંગીભાઈઓએ રાત્રિ-દિવસ દાખડો કરીને ગામડે ગામડે, શહેરે શહેર અને દેશ-વિદેશમાં પણ આ મહોત્સવની જાહેરાત કરી હતી.

આ પ્રચારકાર્યની સાથે સાથે આજના વૈજ્ઞાનિક યુગમાં ટી.વી. ચેનલનાં માધ્યમથી કરોડો લોકોએ મહોત્સવને માણ્યો હતો. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે આ ભવ્યાતિ ભવ્ય 'શ્રી ગઢપુર મહોત્સવ'ને 'સાધના' ચેનલના માધ્યમથી ૧૫૦થી વધારે દેશોમાં લાઈલ પ્રસારણ કરવામાં આવ્યું હતું. તેમજ તા. ૨૬ થી ૩૧ સુધી રાત્રિના ૯-૪૫ થી ૧૦-૪૫ સુધી મહોત્સવના રોજ-બરોજના મુખ્ય અંશોનું ટેલીકાસ્ટ 'સંસ્કાર' ચેનલ દ્વારા ૧૫૦થી વધારે દેશોમાં કરવામાં આવ્યું હતું. જેના માધ્યમથી ગામડે-ગામડે, શહેરે-શહેર અને દેશ-વિદેશમાં વસતા કરોડો લોકોએ પણ આ મહોત્સવને ઘેર બેઠા નિહાળ્યો હતો.



વ્હાલા ! ભક્તજનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના માર્ગદર્શનથી અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી સમિતિમાં જે સ્વયંસ્વકો હતા તેમાં વધારે સુરતના સ્વયંસેવકો હતા સાથોસાથ બીજા ગામોથી અને શહેરોથી પણ ઘણા ભક્તો સ્વયંસેવકની સેવામાં જોડાયા હતા. તેમા ઘણા ભક્તો અજાણ્યા પણ હતા. સંચાલકોને ખ્યાલ રહે તે માટે સ્વયંસેવકોના ડ્રેસ પણ અલગ અલગ રાખવામાં આવ્યા હતા. આ ઉત્સવના આગળના દિવસોમાં સ્વયંસેવકોની મીટિંગો કરી પ.પૂ. નિત્યસ્વરૂપ સ્વામી તથા સંતોએ મળી સ્વંયસેવકોને સંપૂર્ણ માહિતી સાથે ટ્રેનીંગ આપી હતી. સ્ત્રીભક્તોના ઉતારામાં સ્ત્રીભક્તોને જ સ્વયંસેવક બનાવાયા હતા તે જવાબદારી સંચાલક સમિતિને સોંપાઈ હતી. મહોત્સવ શરૂ થતાં પહેલા જ સ્વયંસેવકોની સંપૂર્ણ વરણી તથા તેમનું વર્ગીકરણ પૂર્ણ થયું હતું.

આ મહોત્સવમાં ખરેખર શ્રીજી મહારાજનો સંદેશો **''સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્''** સેવા એજ મુક્તિ છે આ સંદેશને શિરોમાન્ય કરી દરેક સ્વયંસેવકોએ નિઃસ્વાર્થ અને નિખાલસ ભાવે આ ઉત્સવ અમારો છે. આવેલા દરેક ભક્તો અમારા સાચા સ્નેહી સંબંધી છે એમ માની પ.પૂ. આચાર્ય મહારાજ તથા પ.પૂ. લાલજી મહારાજ તથા પૂ. વડીલ સંતોને રાજી કરવા ખુબજ તન મનથી સેવા કરી હતી. રાત્રી - દિવસ જોયા વિના આ મહોત્સવના ચૈતન્ય સમા સ્વયંસેવકોએ ખરેખર દરેકનો ખુબજ રાજીપો પ્રાપ્ત કરવા પોતાના દેહની પણ પરવા કર્યા વગર ખૂબજ જહેમતથી સેવાઓ કરી આ મહોત્સવમાં કોઈપણ જગ્યાએ કંઈપણ ક્ષતિ રહેવા ન પામે તેવી રીતે કાર્યભાર જીવ પૂર્વક ખંતથી સંભાળી લીધો હતો અને સૌનો રાજીપો પણ પ્રાપ્ત કરી લીધો હતો.

સ્વયંસેવકોની વ્યવસ્થામાં પણ ઘણાજ વિભાગો કરવામાં આવ્યા હતા. મુખ્ય આયોજક સમિતિ, સહ આયોજક સમિતિ તેમાં પણ અલગ અલગ વિભાગો હતા. જેવા કે..... રસોડા વિભાગ, સભામંડપ વિભાગ, ઉતારા વિભાગ, યજ્ઞશાળા વિભાગ, ઓફિસ વિભાગ તેમાં પણ બીજા ઘણાંક નાના પેટા વિભાગો મળી કુલ ૧૦૦ થી પણ વધારે સમિતિઓ રચાઈ હતી કોઈ સમિતિમાં ૧૦ સ્વયંસેવકો તો કોઈમાં ૫૦ થી વધારે સ્વયંસેવકો હોય તેમ કુલ મળી ૪૫૦૦ થી વધારે સ્વયંસેવકોની વરણી થઈ હતી. સમિતિના વિભાગો પ્રમાણે અલગ અલગ ડ્રેસોની વહેંચણી કરી આપી હતી. અને છેલ્લે સ્વયંસેવકોએ કરેલી સેવા ભક્તિથી પ્રસન્ન થઈ પ.પૂ. લાલજી મહારાજ તથા સંતોએ રાજી થઈ મહામુક્તરાજ લીંબ વૃક્ષના કાષ્ઠમાંથી બનાવેલ માળાના પારાઓ અર્પણ કરી સૌ સ્વયંસેવકોને પણ ખુબજ રાજી કર્યા હતા.

અનુસંધાન પાન નં. ૧૬ પરનું

થનગનતા હતા. જોતજોતામાં ગગનભેદી અવાજો શરૂ થયા. મંદિરના પટાંગણથી ગઢડાના મુખ્ય માર્ગ ઉપર પોથીયાત્રાનો પ્રારંભ થયો. શણગારેલા ફલોટ્સમાં બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રીના અને ભવ્ય પોથીયાત્રાના દર્શન કરવા લોકો ઉમટ્યા હતા. 'મોટા થાય બંદુક કેરા ભડાકા, કોઈ જાણે કે મેઘ કડાકા... ધીમે ધીમે ચાલે અસવારી, નીરખે પુરના નરનારી. વાજે ભૂંગળ, તાલ, મૃદંગ, ગાય કીર્તન મુનિજન સંગ...' આમ ચારે કોર મધુર નાદ ગુંજતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી ગોપીનાથજી મહારાજનો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો હતો.

આ પોથીયાત્રામાં હજારો પુરુષો અને સ્ત્રીભક્તોની મેદની વચ્ચે અનુક્રમથી શ્રીજીમહારાજનો દિવ્યરથ, પ.પૂ. લાલજી મહારાજશ્રીનો શણગારેલો રથ, વક્તાશ્રીનો રથ, બેન્ડવાજા, રાસમંડળી, સંતો-પાર્ષદો, કીર્તન-ધૂન મંડળીઓ, સ્ત્રીભક્તો વગેરે મંગળગીતો ગાતા ગાતા અતિ ધામધૂમથી ચાલતા હતા. શૂરવીરોએ તલવારબાજીના ખેલ, બંદુકોના અવાજ, વિવિધ જાતના ફટાકડાઓ, રંગબેરંગી ફુગ્ગાઓ વહેતા કરીને એક અનેરું વાતાવરણ ખડું કર્યું હતું. આજથી બસો વર્ષે પૂર્વે ગઢપુરના ધણી એભલખાચર અને દાદાખાચરે શ્રીજીમહારાજના કરેલા ભવ્ય સ્વાગત સન્માનની યાદ આ પોથીયાત્રા અપાવતી હતી. મુખ્ય મંદિરથી શરૂ થયેલી આ પોથીયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરીને મહોત્સવ સ્થળ શ્રી લક્ષ્મીવાડી ખાતે ૧૦-૪૫ કલાકે વિરમી હતી.

## દિપ પ્રાગટ્ય

પોથીયાત્રાના વિરામ બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ હસ્તે સભામંડપના મુખ્ય દ્વાર ખુલ્લા કરવામાં આવ્યા. ત્યારપછી પ.પૂ. લાલજી મહારાજશ્રીની સાથે સંતો-ભક્તોએ સભામાં પ્રવેશ કર્યો. સમગ્ર મહોત્સવનું દિપ પ્રાગટ્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અને પૂ. વક્તાશ્રી, પૂ. એસ.પી. સ્વામી વગેરે સંતોભક્તો દ્વારા વિપ્રો અને સંતોએ ગાન કરાયેલા મંત્રોચ્ચાર સાથે અતિ ધામધૂમપૂર્વક કરવામાં આવ્યું હતું. અને ભક્તજનોએ તાલીઓના ગડગડાટ સાથે આ મહોત્સવના દિપ પ્રાગટ્યને વધાલી લીધું હતું. વ્યાસપીઠ ઉપર પોથી અને શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન-અર્ચન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું આસન શોભાવ્યું. ત્યારબાદ પૂ. વક્તાશ્રીએ પણ પોતાનું આસન સ્વીકાર્યું. મહોત્સવના યજમાનો દ્વારા ઠાકોરજીનું, પોથીજી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. વક્તાશ્રીનું પૂજન-અર્ચન, તથા હારમાળા અર્પણ કરીને આરતી ઉતારવામાં આવી હતી.



# શ્રી ગઢપુર મહોત્સવ સ્થળની સગવડતાઓ તથા શોભાઓ

વ્હાલા ભક્તજનો ! વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે તેમજ પૂ. એસ.પી. સ્વામી, પૂ. કો. ઘનશ્યામવલ્લભ સ્વામી અને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી આદિક સંતો-ભક્તોના સાથ સહકારથી ભગવાન શ્રી સ્વામિનારાયણે જેને પોતાનું ઘર માનીને ૨૮ વર્ષ સુધી રહ્યા છે, જે નગરની ગલિ ગલિમાં જ નહિ, ધરતીના કણ કણમાં પરબ્રહ્મના સ્પંદનોની અલૌકિક અનુભૂતિનો અહેસાસ માત્ર સ્મરણ કરવાથી જ થાય છે, સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાલલોકમાં આ નગર જેવું પવિત્ર બીજું કોઈ તીર્થક્ષેત્ર નથી એવા ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાનું સોહામણું મહાતીર્થધામ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી ધામ એટલે ગઢડા. આ ગઢડામાં જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો તેમજ શ્રીજીમહારાજે જે સ્થાનમાં અનેકાનેક દિવ્ય લીલાઓ કરી છે તેવા પ્રસાદિભૂત સ્થાન શ્રી લક્ષ્મીવાડીમાં અતિ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ 'શ્રી ગઢપુર મહોત્સવ' સ્થળની સગવડતાઓ તથા શોભાઓને હવે આપણે માણીશું.



## કથા મંડપ

એકી સાથે હજારો ભક્તજનો બેસી શકે તેવો વિશાળકાય કથામંડપ બનાવવામાં આવ્યો હતો. કથામંડપમાં ૪૦૦થી વધારે મંડપ ગાળા નાખવામાં આવેલા હતા. તેમજ બરાબર કથામંડપની મધ્યથી ૧૦૦ ફૂટ પહોળાઈ અને ૩૦ ફૂટ ઉંચાઈવાળો ભવ્ય ડોમ(ગોળાકાર શોભાયુક્ત)નાખવામાં આવ્યો હતો. સમગ્ર કથામંડપનું કાપડ તદ્દન નવું અને પહેલી વખત જ ઉપયોગ કરવામાં આવ્યું હતું. તેમાં અલગ-અલગ વિભાગ પાડીને સુંદર રીતે સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દરેક સ્થંભ ઉપર શ્રીહરિ તથા આચાર્ય, સંત, હરિભક્ત અને તીર્થધામના મહિમાના સૂત્રો લગાડવામાં આવ્યા હતા. સ્ત્રીભક્તો તથા પુરુષભક્તોના બંનેના વિભાગ અલગ-અલગ રીતે સંપ્રદાયની મર્યાદા પ્રમાણે ગોઠવવામાં આવ્યા હતા. ૧૦૦ x ૬૦ ફૂટ સાઈઝમાં સુશોભિત કલામંડિત સ્ટેજ થર્મોકોલમાં બનાવવામાં આવ્યું હતું. તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સિંહાસન, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આસન, પૂ. વક્તાશ્રીનું આસન, આવી રીતે અતિશ્રેષ્ઠ ત્રણ વ્યાસપીઠ ગોઠવવામાં આવી હતી. આ સ્ટેજ જોઈને જ દર્શકોને ભવ્ય મહોત્સવની વિશાળતાનો ખ્યાલ આવતો હતો. મહોત્સવમાં સંપૂર્ણ મંડપ સર્વિસનું કામ સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત અને આ કામના જાણીતા, અનુભવી એવા રાજકોટના શ્રી ગણેશ મંડપ સર્વિસવાળા શ્રી ગણેશભાઈ તથા દિપકભાઈને સોંપવામાં આવ્યું હતું. જેમણે પોતાના ગોડાઉનો ખાલી કરી કરીને ગઢપુરમાં પોતાનો સમગ્ર માલસામાન ઠાલવી દીધો હતો. તેમજ સ્ટાફ સહિત ખડે પગે હાજર રહી સમયોચિત સંતોષકારક સેવા બજાવી હતી.

## ભોજનાલય

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે તેમજ પૂ. એસ.પી. સ્વામી, પૂ. કોઠારી સ્વામી અને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામીની દેખરેખ નીચે ભોજનાલયની વ્યવસ્થા એટલી ચતુરાઈથી કરવામાં આવી હતી કે, લાખો ભક્તો હોય કે કરોડો ભક્તો



ભોજનાલય

હોય તો પણ તેમણે સ્વયં શિસ્તમાં જ રહેવું પડે અને વળી ક્યાંય પણ ધક્કા મુક્કી થાય જ નહિં. કાયમ સવાર, બપોર અને સાંજે લાખો માણસોની જમવાની ભીડ જામતી હતી. છતાં પણ તેઓને જમવા જવામાં, ત્યાં ભોજન લેવામાં, બેસવામાં, ચળુ કરવામાં - કોઈ સ્થળે મુશ્કેલી પડતી ન હતી. આ ભોજનાલય સ્ત્રીભક્તો તથા પુરુષભક્તોનું સંપૂર્ણ રીતે અલગ રાખવામાં આવ્યું હતું. ભોજનાલય જીલ્લાવાઈઝમાં સ્ત્રીભક્તો તથા પુરુષભક્તો, સ્વયંસેવકો, આમંત્રિત મહેમાનો વગેરેના અલગ-અલગ મળીને ૧૮ ભોજનાલય ખંડ હતા. આયોજન મુજબ દરેક ખંડમાં અંદર પ્રવેશ કરી હારબંધ ચાલવાનું હતું અને આગળ ૫ મેઈન અને ૮ રીપીટ સબ કાઉન્ટર મુકવામાં આવેલા; જેમાં બે મિષ્ટાન્ન, ફરસાણ, શાક-દાળ-ભાત, રોટલી અને સંભારો પીરસાતો હતો. આખા ભોજનાલયમાં માત્ર આગળ જ વધવાનું હતું, પાછળ ક્યારેય પગલું મુકવાની જગ્યા ન હતી. એક જગ્યાએથી પ્રવેશ મેળવ્યા બાદ જેમ જેમ મહાપ્રસાદ જોઈએ તેમ તેમ આગળ વધતાં છેલ્લે દાળ-ભાતના કાઉન્ટર ઉપર પહોંચી જવાતું. ત્યાંથી આગળ જઈએ એટલે ડીશ-વાટકા ધોવા માટેની મોટી ચોકડી હતી ત્યાં ડીશ મૂકી દેવાની હતી, પછી ચોકડીની બંને બાજુ પીવાનું પાણી નળ વાટે અપાતું. ત્યાં પણ પાણી ન ઉડે એટલા માટે પાકી વ્યવસ્થા કરવામાં આવેલ. જમ્યા બાદ ભોજનાલયમાંથી બહાર નીકળી ફરીથી તુરંત જ ભક્તો મહોત્સવના દિવ્ય આનંદને માણતા હતા.

ભોજનાલયમાં પણ ભક્તજનોને આગ્રહ કરીને પ્રસાદ અપાતો હતો. તમામ જગ્યાએ ભોજન તો એક સરખું જ હતું. પરંતુ આગંતુક તમામ ભક્તોની પૂરેપૂરી વ્યવસ્થા સચવાય અને શાંતિપૂર્વક મહાપ્રસાદ લઈ શકે તેમજ પોતપોતાના ગ્રુપના સભ્યો વેરવિખેર ન થઈ જાય એવા હેતુથી અલગ-અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. કારણ કે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રથમથી જ એવો આદેશ હતો કે, "મહોત્સવમાં આવેલ ભક્તજન ગરીબ હોય કે શાહુકાર, સભાસદ હોય કે યજમાન, ગામડાના હોય કે શહેરના હોય, દેશના હોય કે વિદેશના હોય. પરંતુ જમવામાં કોઈ ભેદભાવ થવો ન જોઈએ, તમામવિભાગમાં એક સરખું જ પીરસણું હોવું જોઈએ." આ ભોજનાલયમાં પીરસણથી લઈને થાળી સાફ કરવાની વગેરે આ તમામ પ્રકારની સેવા નિયમ-નિશ્ચય અને પક્ષમાં દૃઢ નિષ્ઠાવાન સુરતના તથા અમદવાદવાસી સૌરાષ્ટ્રના નવયુવાન સત્સંગી બંધુઓએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના આદેશથી ઉપાડી લીધી હતી. અને પુરા ખંતથી મહોત્સવના સંપૂર્ણ દિવસ સુધી બજાવી હતી.



ધર્મ-મર્યાદા

વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારથી સંપ્રદાયની શરૂઆત કરી ત્યારથી ધર્મ-મર્યાદાને આગળ જ રાખી છે. અહિં પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો આદેશ હતો કે, આપણે પણ આ મહોત્સવમાં શ્રીજીમહારાજે બાંધેલી ધર્મ-મર્યાદાનું સંપૂર્ણપણે પાલન કરવાનું છે. તેથી જ તો પુરા મહોત્સવમાં સ્ત્રીભક્તો તથા પુરુષભક્તોની સંપૂર્ણ રીતે અલગ-અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. એ પછી ભોજનાલય હોય કે ઉતારા વિભાગ, સભામંડપ હોય કે ઓફિસ વિભાગ હોય. આ કોઈપણ જગ્યાએ સ્ત્રીભક્તો તથા પુરુષભક્તોનો ભેળારો થવાની સંભાવના ન હતી. સ્ત્રીભક્તોના ઉતારા વિભાગમાં એવો તો મજબૂત બંદોબસ્ત કરાવ્યો હતો કે, તેના ફરતી ચારેય બાજુ પતરાની આડશ કરવામાં આવી હતી. આવવા જવા માટેના માત્ર બે દરવાજા હતા. આમ, પુરા મહોત્સવમાં હજારો સ્ત્રીભક્તો તથા પુરુષભક્તો લાભ લેતા તો પણ સ્ત્રી-પુરુષનો ક્યાંય પણ સંસર્ગ જ ન રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

## યજ્ઞ શાળા

આ મહોત્સવમાં ૫૧ કુંડી શ્રીહરિયાગ યજ્ઞ રાખવામાં આવ્યો હતો. યજ્ઞશાળાની વ્યવસ્થા મહોત્સવ પહેલા અમરેલી નિવાસી પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા ખોપાળા નિવાસી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવી હતી. સ્વયંસેવકો ભક્તો દ્વારા સુંદર રીતે ઈંટોથી કુંડો બનાવીને કલાત્મક લીંપણ કરવામાં આવ્યું હતું. અને યજ્ઞશાળાને ફરતી પ્રદક્ષિણા ગોઠવવામાં આવી હતી. જેથી



યજ્ઞ શાળા

દર્શનાર્થી ભક્તજનોને પ્રદક્ષિણાનો પણ અનેરો લાભ મળતો હતો. આ શ્રીહરિયાગ તા. ૨૯-૧૦-૦૬ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને ૩૦-૧૦-૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. એસ.પી. સ્વામી, મહોત્સવના મુખ્ય વક્તા પૂ. કોઠારી સ્વામી અને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી તેમજ યજ્ઞના યજમાન શ્રી નંદલાલભાઈ પાંડવ - સુરત આદિક સંતો-ભક્તો અને યજમાનો દ્વારા બીડું હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.



લાઈટની સુવિધા તથા ડેકોરેશન

શ્રી લક્ષ્મીવાડીની વિશાળ જગ્યા ઉપર પથરાયેલા 'શ્રી ગઢપુર મહોત્સવ'ને વિષે રાત્રિના અંધકારને સૂર્યપ્રભા સમાન પ્રકાશથી હટાવી દૂર કરવા માટે હજારો મીટર લંબાઈના વાયરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પૂરતાં પ્રકાશ માટે ગઢડા જી.ઈ.બી દ્વારા સપ્ટેશન ઊભા કરવામાં આવ્યા હતા. અને તેની સાથે સાથે જનરેટરો પણ મુકવામાં આવ્યા હતા. કારણ કે અચાનક ફોલ્ટ ઊભો થાય તો દોડાદોડી ન કરવી પડે. આ મહોત્સવ હજારો ટયુબલાઈટ, સીરીઝ લેમ્પ, હેલોજન લાઈટ, ડુમસ આ બધાથી ઝળહળતું સમગ્ર મહોત્સવ સ્થળ તથા ગઢપુર મંદિર અને ગામ રાત્રિ સમયે એક રોશનીનગરમાં પલટાઈ જતું હતું. હજારો સંખ્યામાં વોલ્ટનો વિદ્યુતપ્રવાહ પથરાયેલ હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અમીદષ્ટિથી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી મહોત્સવના સંપૂર્ણ દિવસોમાં એક પણ નાનો કે મોટો વિદ્યુત-અકસ્માત ન થયો. આમ, મહોત્સવ રોશનીથી ઝળહળતો રંગચંગે પૂર્ણ થયો હતો.


મહોત્સવમાં સંપૂર્ણ રીતે આ લાઈટ વ્યવસ્થાની કામગીરી ગઢડા જી.ઈ.બીના કાર્યપાલક, નાયબ કાર્યપાલક, ઈજનરોશ્રીઓ તથા તેમના કર્મચારીઓ અને ઈલેક્ટ્રીક સમિતિએ પૂરેપૂરી તકેદારીથી સંભાળી હતી. અને આંખોને આંજી દેતી અને હૃદયમાં ઝબકારો કરી દેતી એવી અદ્‌ભૂત રોશની રાજકોટના જાણીતા પાયલ ડેકોરેશનવાળા શ્રી જગદિશભાઈએ ગઢપુરધામમાં ખડી કરી હતી.



ઉતારા વિભાગ

ભોજનાલયની જેમજ ઉતારા વિભાગ પણ સ્ત્રી - પુરુષોના અલગ અલગ રાખવામાં આવ્યા હતા. મહોત્સવ સ્થળ-લક્ષ્મીવાડીમાં પ્રવેશદ્વાર પાસે જ ઓફિસોની વ્યવસ્થા હતી. ત્યાંથી પુછપરછ કરી આગળ વધતા કથા મંડપની પાછળ ઉતારા વિભાગોની ઓફિસો જીલ્લાવાઈજ રાખવામાં આવી હતી જે જીલ્લાના ભક્તો પધારે તે પોતાના જીલ્લાની ઓફિસે જાય ત્યાં સ્વયંસેવકોનો સંપર્ક કરે, તુર્તજ તેમને વ્યવસ્થિત ઉતારા અને પાગરણની સુંદર વ્યવસ્થા તત્કાળ કરી અપાતી. સ્ત્રી પુરુષોના વિભાગ અલગ હતા. કોઈ ભક્તોને પોતાના સંબંધિ સ્ત્રી ભક્તોને મળવું હોય તો તેમને મળવા માટે અલગ વિભાગ રાખવામાં આવ્યો હતો. સ્ત્રી પુરુષ ભક્તોના ઉતારા અલગ તેમજ બંનેવ ને સ્નાનાદિક માટે બાથરૂમવ્યવસ્થા સંપૂર્ણ અલગ અને પોતપોતાના ઉતારા પાસે સુંદર પાણીની વ્યવસ્થા સાથે ગોઠવવામાં આવી હતી. ઘણીજ સુંદર વ્યવસ્થા હોવા છતાં પણ આગંતુક ભક્તોને કોઈ વાતની તકલીફ નથી ને ? તેવા સમાચાર પૂ. લાલજી મહારાજ વારંવાર પુછી ખબર અંતર પૂછતા પૂ. સંતો પણ ઉતારે ઉતારે વારંવાર જઈ ખબર પૂછતા, કોઈને નાની - મોટી બિમારી હોય તો તેમને તેવી અનુકૂળતા કરી આપતા તે જોઈ હરિભક્તોને ખૂબજ આનંદ થતો અને એવી સતત અનુભૂતિ થતી કે આ ઉત્સવ અમારો જ છે. સ્વયંસેવકોના તથા યજમાનોના ઉતારાની વ્યવસ્થા અલગ કરવામાં આવી હતી.

# શ્રી ગઢપુર મહોત્સવનો મંગળ પ્રારંભ



વ્હાલા ભક્તજનો ! આ મહોત્સવ નિમિત્તે જેટલું કાર્ય કરવું જોઈએ તેટલું વિના સંકોચે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દિવ્ય આર્શીવાદથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે તેમજ પૂ. એસ.પી. સ્વામી, પૂ. કોઠારી સ્વામી અને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામીની દેખરેખ નીચે સંપૂર્ણ થઈ ચુક્યું હતું. હવે આ 'શ્રી ગઢપુર મહોત્સવ'નો દિવ્યાનંદ, બ્રહ્માનંદ માણવાનો હતો. 'ક્યારે મહોત્સવ આવે અને ક્યારે મહોત્સવમાં જઈએ...' આવા શબ્દના ઉદ્‌ગારો ભક્તોને મુખે નીકળતા હતા, તે મંગળમય દિવસ આજે આવી ગયો હતો. એ દિવસ હતો - સં.૨૦૬૩ના કારતક સુદ - ૨ (ભાઈબીજ) અને તા. ૨૪મી ઓક્ટોમ્બરનો...!!


## ભવ્યતાતિ ભવ્ય પોથીયાત્રા


પ્રાતઃકાળે પ્રભાતિયાના સૂર રેલાવા લાગ્યા. આજના પ્રભાત સમયે સંતો-ભક્તો સ્નાનાદિક વિધિ કરીને મહોત્સવના પ્રથમદિવસની શુભ ઘડીની રાહ જોતા હોય તેમ લાગતું હતું. આજે સૌના મુખ આનંદિત જણાતા હતા. આજનું મંગળમય પ્રભાત પણ જાણે કે આનંદિત થઈને સૌ કોઈ ભાવિક ભક્તોને કહેતું હતું કે ચાલો ! આજે ગઢપુરમાં ત્રિવિધ નિમિત્ત યુક્ત મહોત્સવ ઉજવાય રહ્યો છે. જ્યારે સૂર્યનારાયણ ઉદયાચળની છેલ્લી ટેકરી ઉપર પોતાના રથને થોડેક ઊંચે લાવ્યા અને તેમનાં ત્રાંસા કિરણો જગત ઉપર પડતાં હતા. અને જે સમયે ગઢપુરની પ્રાસાદિક ભૂમિ ઉપર વૃક્ષોની ઘટાઓમાં ડાળું પર બેસીને કોયલો સામસામે ટહુકા કરતી હરતી તથા શીતળ પવનથી હિલોળા લેતી લેતી ડાળો ઉપર બેસી હિંચકતી હતી. બીજાં પક્ષીઓના પણ કર્ણપ્રિય શબ્દો સંભળાતા હતા અને ઝાડની નીચે મોરલાઓ કળાઓ પૂરીને નાચતા હતા. મંદ-સુગંધ અને શીતળ સમીર ધીરો ધીરો વાતો હતો. બરાબર આ જ સમયે અનેક શહેરો, નગરો, ગામેગામથી, દેશ-વિદેશથી આવતા ભક્તજનોનો પ્રવાહ અવિરતપણે વહેવા લાગ્યો હતો.

ભુવન ભાસ્કર ભગવાન શ્રી સૂર્યનારાયણ પોતાના સ્વર્ણીય કિરણો દ્વારા જ્યારે ઉગતી ઉષાએ રોશની પાથરી રહ્યા હતા ત્યારે બરાબર ૭-૩૦ કલાકે ગઢપુર મંદિરમાં વિરાજમાન દેવોની પીળા પીતાંબરમાં સજ્જ થઈને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શણગાર આરતી ઉતારીને પોથીયાત્રાનો પ્રારંભ કર્યો. પ્રથમ ઠાકોરજીનું અને મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન તેમજ અન્ય પોથીજીઓનું પૂજન કરી આરતી ઉતારવામાં આવી. પૂજનવિધિ સમાપ્તિ બાદ સુરવાળ-જામો-ખેસ અને સાફામાં શોભાયમાન પ.પૂ. લાલજીમહારાજશ્રીએ પોથીયાત્રામાં આસન ગ્રહણ કર્યું. ત્યારબાદ મહોત્સવના બંનેવ મુખ્ય વક્તાશ્રીએ પણ પોતાનું આસન લીધું. પૂ. એસ.પી. સ્વામી તથા યજમાનશ્રી દ્વારા હારતોરા અર્પણ કરીને પૂજન કરવામાં આવ્યું હતું.

મંદિરના વિશાળ પટાંગણે હજારો ભક્તોની ભીડ જામી હતી. બેન્ડવાજા, લેઝીમ, દાંડીયારાસ, કીર્તન-ધૂનમંડળીઓ, છત્તર-ચામર-અબદાગિરિવાળા તથા છડીદારો, બંદુકધારીઓ, તલવારધારીઓ, સાફાધારીઓ વગેરે સૌ તૈયાર થઈને

અનુસંધાન પાન નં. ૧૨ પર







# શ્રી ગઢપુર મહોત્સવ અંતર્ગત ઉજવાયેલ વિવિધ ઉત્સવો

## ઘનશ્યામ જન્મોત્સવ

દુર્ભેદ્ય અધર્મ અંધકારના ચૂરેચૂરા કરી સદ્ધર્મને સ્થાપવા, અનેક સાચા સંતો-પરમહંસો તથા ભક્તોના ભાવોને પૂર્ણ કરવા તથા ગાય-બ્રાહ્મણોનું અને સત્શાસ્ત્રોનું રક્ષણ કરી સમગ્ર સમાજને નવપલ્લવિત કરવા અનેક સત્વચનોને સાર્થક કરવા અને સાકાર સ્વરૂપ આપવા તથા અનેક તામસી-રાજસી-સાત્ત્વિક જીવોને બ્રહ્મરૂપ કરી પોતાનું પરબ્રહ્મ, સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવી આત્યંતિક મોક્ષ અપાવવાને કાજે ઉત્તરભારતમાં સુપ્રસિદ્ધ અયોધ્યા નજીક આવેલા, વિસ્તારથી નાનકડા છતાં ઐતિહાસિક મહિમાથી અપાર સમૃદ્ધ એવા છપૈયા ગામમાં સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું તેને ૨૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે અને 'શ્રી ગઢપુર મહોત્સવ' અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન કથામાં તા. ૨૫-૧૦-૦૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં વક્તાશ્રી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ ભગવાન શ્રીહરિના જન્મના ૨૨૫મા પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને જાણે કે આજથી ૨૨૫ વર્ષ પહેલા છપૈયાપુરમાં ધર્મ-ભક્તિના ઘેરે ઉજવાયેલ પ્રાગટ્યોત્સવની ઝાંખીથી ગઢપુરમાં અને ૧૫૦થી વધુ દેશોમાં સાધના ચેનલના માધ્યમથી લાઈવ પ્રસારણ દ્વારા મહોત્સવનો લાભ લેતા લાખો આબાલ-વૃદ્ધ હરિભક્તોના અંતરમાં સ્મૃતિપથ કર્યો હતો. ત્યારે સર્વત્ર આનંદ, આનંદ છાઈ રહ્યો અને પછી **'રંગ લાગ્યો ઘનશ્યામ તારો રંગ લાગ્યો'** અને **'ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી'**ના જયઘોષથી સારાયે સભાખંડમાં જાણે આજે બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું હતું. તે જ સમયે હિંડોળે ઝુલતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે સહુના ચિત્ત ખેંચી લીધા. પછી તો દાંડિયા, આતશબાજીવાળા, ગવૈયાઓ આદિક સહુ નાચવા કુદવા લાગ્યા. આજે સભામંચ ઉપર સંતોના દિવ્ય રાસમાં પ.પૂ. લાલજી

મહારાજશ્રીએ પણ પધારીને પંચાળામાં શ્રીજીમહારાજે ઉજવેલ રાસોત્સવની યાદ અપાવી હતી. આ પ્રમાણે ઘનશ્યામપ્રાગટ્યના જન્મોત્સવે તો સારાયે વાતાવરણને રંગભીનું કરી દીધું હતું. ત્યારબાદ સભામાં બિરાજમાન હજારોની સંખ્યામાં જનમેદનીએ પોતપોતાના સ્થાને બેસીને જ સમૂહમાં પારણીએ ઝૂલતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજની આરતીનો ૧૫ લાખ જેવી મોટી રકમનો બોલ બોલીને અમેરિકાવાસી પ.ભ. શ્રી ચિમનભાઈ પટેલે આરતીનો અલભ્ય લાભ લીધો હતો.


ગાદી પટ્ટાભિષેક મહોત્સવ

તા. ૨૭-૧૦-૦૬ના રોજ પૂ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીએ શ્રીમદ્ સત્સંગિજીવન કથાગંગાને આગળ ધપાવી. શ્રીજીમહારાજની વનવિચરણની લીલા, લોજની લીલા, પીપલાણામાં પ્રથમ મેળાપ અને દિક્ષા મહોત્સવ વગેરે પૂ. વક્તાશ્રીએ કથા દ્વારા ચિત્રાત્મક શૈલીમાં રજુ કરી ભક્તજનોને કથા-સરિતામાં રસતરબોળ કરી દીધા. ગુરુવર્ય રામાનંદ સ્વામીએ ૨૧ વર્ષની કુમળી વયનાં સહજાનંદ સ્વામીને ઉદ્ધવ સંપ્રદાયના ક્ષિતીજો વિસ્તારવા જેતપુરમાં ધર્મધુરા સોંપી, એ કથા પ્રસંગે શ્રીજીમહારાજનો ગાદી પટ્ટાભિષેક મહોત્સવ ભવ્યતાથી બરાબર સાંજે ૫-૩૦ કલાકે ઉજવાયો હતો. જાણે કે અત્યારે જ સભામંડપમાં શ્રીજીમહારાજનો પ્રથમ ગાદી પટ્ટાભિષેક મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવું દિવ્ય વાતાવરણ ખડું થયું હતું. પ્રસંગને અનુરૂપ કીર્તનો, ઉત્સવીયા સંતો-ભક્તોએ રાસ અને નૃત્યની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યજમાનશ્રીઓ તથા સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત સહિત કેસર વગેરે સુગંધિત જળોથી અને વેદોક્ત મંત્રોચ્ચારના ગાન સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક કરવામાં આવ્યો ત્યારે તમામ ભક્તસમુદાય ભાવવિભોર બની ગયો હતો. પછી પટ્ટાભિષેકના અંતમાં યજમાનશ્રીઓ દ્વારા ભગવાનશ્રી સહજાનંદ સ્વામીની


શ્રીહરિનું પ્રથમવાર ગઢપુરમાં આગમન
'આગમન મહોત્સવ'

આરતી ઉતારવામાં આવી હતી.

તા. ૨૮-૧૦-૦૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે વક્તાશ્રી પૂ. કોઠારી સ્વામીએ સરધારમાં શ્રીજીમહારાજ ચાતુર્માસ રોકાણ કરી કારીયાણી પધાર્યા. ત્યાંથી એભલબાપુના પ્રેમને વશ થઈને ગઢપુર પધાર્યા તે કથાને અતિ ભાવપૂર્વક ભક્તજનોને સંભળાવી હતી. આ પ્રસંગે સભામંડપમાં જીવંત માણકી ઘોડી ઉપર પોતાની મૂર્તિસ્વરૂપે બિરાજતા શ્રીજીમહારાજ પૂ. એસ.પી. સ્વામી આદિક સંતોની સાથે પધાર્યા હતા. ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના સ્થાન ઉપર ઊભા થઈને શ્રીજીમહારાજનું સ્વાગત-પૂજન કર્યું હતું. ત્યારબાદ મંચ મધ્યે માણકીએ અસવાર શ્રીજીમહારાજને ફરતે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો-ભક્તો દ્વારા રાસની રમઝટ બોલાવી હતી. ગવૈયાઓએ 'સખી ગઢપુર ગામના ચોકમાં રે...' એ આદિક કીર્તનોથી શ્રીજીમહારાજનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંચ ઉપર ઘોડીને ખેલવી સહુ ભક્તજનોને આનંદિત કર્યા હતા. અંતમાં યજમાનો દ્વારા શ્રીજીમહારાજની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ તે ઘોડી ઉપર પ.પૂ. લાલજી મહારાજશ્રીને બિરાજમાન કરાવીને સમગ્ર મહોત્સવ સ્થળમાં વિચરણ કરવામાં આવ્યું હતું.


શ્રી વાસુદેવનારાયણ દ્વિશતાબ્દી
પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૨૮-૧૦-૦૬ના રોજ બપોરની કથામાં વક્તાશ્રી પૂ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી શૈલીમાં ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ બાપુના પ્રેમને વશ થઈને સં.૧૮૬૨ ફાગણ વદ - ૩ના રોજ સત્સંગના આદિ દેવ શ્રી વાસુદેવનારાયણની દાદાખાચરના ઉત્તરાભિમુખના ઓરડામાં સંપ્રદાયમાં સૌપ્રથમવાર પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી તે કથા સરિતાને ૨૦૦ વર્ષ પહેલાની ઝાંખી વર્ણન કરીને શ્રી વાસુદેવનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સભામંચમાં ઉજવવામાં આવ્યો હતો.



અન્નકૂટ મહોત્સવ

શ્રીમદ્ સત્સંગિજીવનનો કથા પ્રવાહ બંને પૂ. વક્તાશ્રીના મુખકમળમાંથી અવિરત વહેતો હતો. કથા દરમિયાન આજે તા. ૨૯-૧૦-૦૬ના રોજ બપોરે ૧૧-૦૦ કલાકે અન્નકૂટ ઉત્સવ ઉજવવાનો હતો. કથા અંતર્ગત પૂ. કોઠારી સ્વામીએ ગઢપુરમાં શ્રીજીમહારાજે ઉજવેલ ભવ્ય અન્નકૂટ લીલા ઉત્સવનું સુમધુર શૈલીમાં વર્ણન કરીને તેનું આબેહુબ દશ્ય મંચ પર ખડું કર્યું હતું. વિવિધ પકવાનો રાજાધિરાજ ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ ગોઠવવામાં આવ્યા. એ વિવિધ પકવાનો તથા વાનગીઓ ભક્તોના પ્રેમશ્રદ્ધાની પાખંડીઓથી દીપતા ભક્ત હૃદયરૂપી કમળની વિમલ મંગલ ફોરમ હતી. જે પરમાત્મારૂપી ભ્રમરને આકર્ષ્યા વગર રહે ખરી ? જરૂર અલબેલો આવશે ને અન્નકૂટ આરોગશે એ ભાવના સાથે ગવૈયા સંતો-ભક્તોએ સુંદર થાળનું પદ બોલાવ્યું. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની સાથે ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ મા. શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અને યજમાનશ્રી દ્વારા અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી.


## છપાય છે...છપાય છે... ટૂંક સમયમાં જ છપાય છે...

વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ વાર્ષિક વ્રત-ઉત્સવનો **'નિર્ણય'** છપાય છે તો જો તેમાં પોતાનું નામ અથવા કંપની, ઓફિસ, ફેકટરી યા દુકાનનું નામ શુભેચ્છક તરીકે અથવા મુખ્ય ફોરકલર પેજમાં જાહેરાત આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો.

**પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, વડતાલ. મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮**
**પ.ભ. શ્રી નનુમામા - રઘુવીરવાડી, વડતાલ. મો. ૯૮૨૫૨ ૩૪૩૬૨**



**અનુસંધાન પાન નં. ૩૪ પરનું**


દેવભૂમિ હરિદ્વારથી તમામ યાત્રિકો પ્રથમ ઋષિકેશ દર્શને ગયા. અહીંની રમણીયતા કુદરતી સૌંદર્ય અવર્ણનીય છે. પ્રકૃતિએ મન મૂકીને પોતાનું સૌંદર્ય લૂંટાવ્યું છે. જ્યાં શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણી વેશે પધાર્યા હતા તેવાં લક્ષ્મણઝૂલાએ શ્રી લક્ષ્મણજીના મંદિરમાં સર્વેએ ભાવથી દર્શન કર્યા. મંદિરમાં જ એક બાજુમાં નીલકંઠ વર્ણીની આરસની મૂર્તિ પધરાવામાં આવેલ છે તેના પણ દર્શન કર્યા. પૂ. સ્વામીશ્રીએ આ તીર્થનો મહિમા સર્વે ભક્તોને સંભળાવ્યો. ત્યાંથી ઝૂલતા પુલ પરથી પ્રસાર થઈને ગંગા નદીને સામે કાંઠે પણ ૧૫ થી ૧૭ માળ જેટલા ઊંચા ભવ્ય મંદિરો અને આશ્રમો છે. તેના પણ દર્શન કરીને બરાબર ૦૭.૦૦ કલાકે હરિદ્વાર આપણાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સહુ કોઈ પધાર્યા. ત્યાં સંધ્યા આરતી-સ્તુતિ-પ્રાર્થના કરીને મંદિર મહંત પૂ. સ્વામી શ્રી હરિવલ્લભદાસજી તથા ગઢપુરથી પધારેલ પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી આદિક સંતોએ પૂ. સ્વામીને ટ્રેનયાત્રા સંબંધી ખબરઅંતર પૂછ્યા. પછી ત્યાંથી હરિદ્વાર રેલ્વે સ્ટેશને પરત ફરીને તમામ યાત્રિકોએ ઠાકોરજી જમાડીને આરામ લીધો હતો.

બીજે દિવસે તા. ૧૩-૧૧-૦૬ના સવારના ૦૭.૦૦ થી ૦૨.૩૦ વાગ્યા સુધી હરિદ્વારમાં રહેલ સપ્તધારા, માયાદેવીનું મંદિર, ગીતાભવન તથા કનખલમાં દક્ષ પ્રજાપતિનો મહેલ, શ્રી સ્વામિનારાયણ ઘાટ વગેરે તીર્થસ્થળોના દર્શન કર્યા હતા. અને આ શહેરમાં ગરમ કપડાંનું ઉત્તમ બજાર હોવાથી સર્વે યાત્રાળું ભક્તોએ ધાબળા, બ્લેંકેટ, ગરમ કપડાં વગેરેની ખરીદીમાં વ્યસ્ત બન્યા હતા. ત્યારબાદ રેલ્વે સ્ટેશને યાત્રિક પ્લેટફોર્મ ઉપર સર્વેયે ઠાકોરજીનો મહાપ્રસાદ લીધો હતો. બરાબર ૦૩.૩૦ કલાકે પૂ. સ્વામી અને સંતો તેમજ સર્વે યાત્રિક હરિભક્તો સ્ટેશનથી રેલીના રૂપમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર નારાની સાથે ગંગાકિનારે સમૂહ સ્નાન અને સત્સંગ સભા અર્થે પધાર્યા હતા.

ગંગાજીના વેગવાન ઠંડા પાણીના પ્રવાહમાં 'જનમંગલ સ્તોત્ર પાઠ' અને 'આજ મારે ઓરડે રે...' વગેરે કીર્તન પદોના ઉચ્ચાર સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક પૂ. સ્વામીશ્રી અને સંતો-ભક્તો દ્વારા કરવામાં આવ્યો હતો. સમૂહ સ્નાન પૂર્ણ થયા બાદ ગંગાજીના કાંઠે જ સભાનું સુંદર આયોજન થયું હતું. સર્વે સંતો તથા યાત્રિકો સભામાં બિરાજમાન થઈ ચૂક્યા. ગવૈયાશ્રી હરિકૃષ્ણ પટેલે ધૂન અને કીર્તનથી સભાની શરૂઆત કરી. આજની દિવ્ય વાતાવરણ યુક્ત સભામાં હરિદ્વાર સ્થિત પૂ. સ્વામી શ્રી હરિવલ્લભદાસજીની સાથે અનેક મહામંડલેશ્વરો પધાર્યા. સર્વે મહંતોએ સહુ યાત્રિક ભક્તજનોની યાત્રા ભગવાન નિર્વિઘ્નપણે પૂર્ણ કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં પૂ. સ્વામીશ્રીએ સહુ મહંતોનો આભાર પ્રદર્શિત કરીને ચાદર અને પુષ્પમાળાથી સ્વાગત કર્યું હતું. સભા પૂર્ણ થયા બાદ ૦૫.૪૫ કલાકે હરકી પૈડી ઘાટે જ્યાં ગંગાજીની મહાઆરતી થાય છે. ત્યાં મહાઆરતીના દર્શન કરી તમામ યાત્રિકો રેલ્વે સ્ટેશને પરત ફર્યા હતા. બરાબર ૧૦.૦૦ કલાકે ટ્રેને ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિ અને આ ટ્રેનયાત્રાનું મુખ્ય તીર્થસ્થાન એવું છપૈયા ધામ તરફ ગતિ ધપાવી હતી.

# શ્રી ગઢપુર મહોત્સવની દિવ્ય યાદગાર પળો






## અખંડ ધૂન :

આ મહોત્સવમાં મોક્ષના ભાતારૂપ અનેક વિધવિધ આયોજનો થયા હતા. પરંતુ તેમાં જે દાદાખાચરના દરબારગઢમાં જ જે અખંડ ધૂનનું આયોજન થયું તેતો ખરેખર ખૂબજ અનેરૂ આયોજન હતું. આ અખંડ ધૂનના શુભ કાર્યને મુખ્યત્વે સરધાર મંદિરના કોઠારી પૂ. સ્વામીશ્રી વિરકતસ્વરૂપદાસજીને સોપવામાં આવ્યું હતું.

અખંડ ધૂનનો પ્રારંભ પણ પ. પૂ. લાલજી મહારાજશ્રી તથા વડિલ સંતોની હાજરીમાં મહોત્સવ સ્થળ પાસેની બેઠક-છત્રીએ થયો હતો. ત્યારબાદ ધૂનને દાદાખાચરના દરબારગઢે લાવવામાં આવી હતી. દર ૬ કલાકે ગામોગામના ભક્તોના વારા બદલતા રહેતા હતા. છતાં પણ અનેક ગામોના ભક્તોથી ધૂનમાં માણસોની સખત ભીડ રહેતી હતી. રાત્રી હોય કે દિવસ, સતત સંતો તથા હરિભક્તોનાં અતિ ઉત્સાહથી ગગનભેદી ઉચ્ચ સ્વરથી તાલિકાના નાદથી અને સંગીતના સથવારે અખંડ ધૂનનો નાદ અખંડ વહ્યા જ કરતો હતો.

તેમાં પણ સોનામાં સુગંધ ભળે તે ન્યાયે અતિ દર્શનીય પળ તો એ હતી કે, પ. પૂ. લાલજી મહારાજશ્રી મંદિરમાં શણગાર આરતી કરીને દરરોજ ધૂનમાં પધારી સંતો-હરિભક્તોની સાથે ધૂન સ્વયં પોતાના કંઠેથી ગવરાવે અને સાથે સૌ સમાજ તેને ઝીલીને ગાય ત્યારે તો ૨૦૦ વર્ષ પૂર્વનો ઈતિહાસ તાદૃશ્ય બની જતો અને અનુભુતિ થતી કે, સ્વયં શ્રીજીમહારાજ નંદસંતોની સાથે અને હરિભક્તોની સાથે આજ રીતે ગાતા હશે અને ગવરાવતા હશે !! તે દૃશ્ય જેણે નિહાળ્યું તેને તો મોક્ષનું કામ પુરૂ થઈ રહ્યું એવી એ અદ્ભુત પળો હતી અખંડ ધૂનની...!!!



પ.પૂ. લાલજી મહારાજશ્રીનું
સભાસ્થાનમાં નિત્ય આગમન દર્શન

વ્હાલા ભક્તજનો ! હવે જે વર્ણન કરવું છે તે વર્ણન કરતા અમારા હૃદયના ભાવો પૂર્ણતાના દર્શન કરાવશે. કારણ કે આ મહોત્સવની સાત દિવસની શ્રીમદ્ સત્સંગિજીવની કથામાં સવાર-બપોરના બંને સમયે જે પ. પૂ. ભાવિઆચાર્યશ્રી લાલજી મહારાજનું કથામંડપમાં આગમન તે ખરેખર એવી જ અનેરી અને અદ્‌ભૂત પળો હતી કે જે આદિઆચાર્ય-સમકાલીન ઐતિહાસિક પળોને તાદૃશ્ય કરાવતી હતી. એ વર્ણન કરતા આજે હૃદય થાકી જાય કારણકે લખી લખીને કેટલુંક વર્ણવીએ. પરંતુ ટુંકમા કહીએ તો પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો-ભક્તોની ભાવના અનુસાર પ્રસંગોચિત ધોતી, સુરવાળ, જામો અને માથે સાફો વગેરે આકર્ષક વસ્ત્રાભૂષણો પહેરીને પધારતા અને આનંદ વધારતા રહેતા હતા..... અને જ્યારે સભામંડપ આગળ તેમની ગાડી આવે ત્યારે ફટાકડા-બંદુકોના અવાજ સાથે પુરા સભામંડપમાંથી તાલીઓના ધ્વનિ સાથે તાલબદ્ધ શરૂ થાય, સાથોસાથ ગગનભેદી જયઘોષ થાય. સંપૂર્ણ સભામંડપના દરેક સ્ત્રી-પુરુષ ભક્તો પોતાના સ્થાને ઉભા થાય, કથાને પણ થોડી ક્ષણ રૂકાવટ કરી, દરેક સંતો પાર્ષદો ઉભા થઈ આગતુંક એ ભાવિઆચાર્યના સ્વાગત દર્શન માટે તલપાપડ બની જતા. જ્યારે ભગવાન શ્રીહરિનું અપર સ્વરૂપ સમા પ. પૂ. લાલજી મહારાજશ્રી સભામંડપમાં સ્ટેજ તરફ ગતિમાન થાય ત્યારે તેમની ગજગતિ મંદ - ગંભીર ચાલ, તેમનો પહેરવેશ આભુષણ જોવા સૌની આંખ ચકોર પક્ષી બની પરિપૂર્ણ ચંદને નીરખતી જ રહેતી. બંને બાજુ ચામર - બંદુકો - અબદાગીરી-નિશાન, ડંકા-ઉપર છત્ર,આગળ રંગબેરંગી રંગોળીઓ પૂરેલ પથ પર પાર્ષદો દ્વારા પુષ્પ પાંદડીઓ પથરાય, પાછળ સંતો - ભક્તોની ફોજ. આ જોતા જ મન-બુદ્ધિ કબુલ કરે કે શ્રીજી મહારાજ પોતે જ આ પ. પૂ. લાલજી મહારાજશ્રીમાં પ્રવેશ કરી ચાલ્યા આવે છે.

પ. પૂ. લાલજી મહારાજશ્રી સ્ટેજે પધારે ત્યાં સુધી સર્વે સંતો - ભક્તો પોતાના નિજ સ્થાને ઉભા રહી તાલ બદ્ધ તાળીઓ બજાવે અને સંગીત મંડળી ધૂનની ચલતી લઈ સ્વાગત માટે સજ્જ રહે. પ. પૂ. લાલજી મહારાજશ્રી શ્રીજીમહારાજના દર્શન કરી - પોથીજીના દર્શન કરી પોતાનું સ્થાન સ્વીકારે ત્યારે ફરીથી જોરદાર બંદુકોના બહાર થાય અને તાલિકાનાદ અને જયઘોષથી સંપૂર્ણ વાતાવરણ ગાજી ઉઠે. ત્યારબાદ સૌ કોઈ પ. પૂ. લાલજી મહારાજશ્રીને દુરથી નત મસ્તકે અતિભાવથી નમસ્કાર કરી પોતાનું સ્થાન સ્વીકારે. વકતાશ્રી પ. પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પહારથી સ્વાગત કરે, જયનાદ થાય ને વકતાશ્રી પોતાનું સ્થાન સ્વીકારી મંગલાચરણ કરી ફરી કથાને આગળ ધપાવે. આ ઘટના માત્ર એક દિવસ જ નહિ પરંતુ દરરોજ ત્રણ ત્રણ વખત બનતી. સવાર-બપોર ને રાત્રે જાણે કે ઉત્સવની અંદર ઉત્સવ થાય તેવું દિવ્ય ભવ્ય વાતાવરણ સર્જાતુ. પ. પૂ. લાલજી મહારાજશ્રીના આગમનથી તેમનામાં સૌને શ્રીજીમહારાજના દર્શન થતાં અને તેથી જ આ પ્રસંગ ઉમંગથી ઉજવાતો હતો. પ. પૂ. લાલજી મહારાજશ્રી કથામંડપમાં સ્ટેજ પર પોતાનું સ્થાન સ્વીકારીને જ્યારે બેઠા હોય ત્યારે એક અદ્‌ભુત દૃશ્ય ખડું થતું શ્રીમદ્ સત્સંગિજીવન જેવા સમ્રાટ ગ્રંથની કથા પવિત્ર સંતો દ્વારા થતી હોય ને એક મને સૌ ભક્તજનો કથા સાંભળતા હોય ને તેમાં પ. પૂ. લાલજી મહારાજશ્રી દર્શન આપતા હોય તેમાં પણ લક્ષ્મીવાડી-ગઢપુર જેવું સ્થાન હોય ત્યારે જાણેકે શ્રીજીમહારાજ સ્વયં તે કથામંડપમાં પ. પૂ. લાલજી મહારાજના સ્વરૂપથી દર્શન આપે છે અને શતાનંદ સ્વામી જેવા સંત જાણે કે કથા શ્રવણ કરાવી રહ્યા હોય ને શ્રીજીમહારાજ સમકાલીન સર્વે ભક્તો આ કથારસનું પાન કરતા હોય...!! આ ક્ષણે તો પાપી હૃદયના પાપો પણ બુઝાઈ જાય તેવી અદ્‌ભુત ક્ષણ હતી. દરેકના હૃદયે ભગવાનને મેળવવાની તીવ્ર તાલાવેલી ઉપજતી અને અનેક જન્મથી ભટકતા પોતાના જીવાત્માનો મોક્ષ કરી મહારાજની મૂર્તિના સુખે સુખીયા થવાની ભાવના પ્રગટતી હતી.



સંગીતના સુરો સાથે
કીર્તન-ભક્તિની દિવ્ય રમઝટ

વ્હાલા ભક્તજનો... ! આ મહોત્સવમાં કથાની સાથે સાથે જે સંગીત મંડળી દ્વારા કિર્તન ભક્તિની છોળો ઉછળતી તે અદ્‌ભુત આનંદકારી હતી. જો કે સંપૂર્ણ સંગીત સ્ટાફ વિશેષ કરીને સરધાર મંદિરના સંતો - પાર્ષદોનો હતો. અને જ્યારે સિતાર, સારંગી,

વાંસળી તબલાદિક વાજીત્રો સંતો સ્વયં વગાડતા હોયને પ. પૂ. લાલજી મહારાજશ્રી સ્વયં કિર્તન બોલી કિર્તન-ભક્તિની શરૂઆત કરાવતા હોય તે સમય પણ ખરેખર દિવ્ય દિવ્ય બની જતો ને સાંભળનાર સંતો-ભક્તોના હૃદયે એવો તો આનંદ ઉપજતો કે સૌ કોઈ પોતાની જાતને ભૂલી એક નાના બાળકની જેમ પ. પૂ. લાલજી મહારાજશ્રીને રાજી કરવા નાચી ઉઠતા. તે પછી વકતા હોય કે મોટા યજમાન, કોઈપણ ભક્ત સૌ તાલ બદ્ધ નાચતા ! અરે ! પૂરા સભામંડપમાં એવી કોઈ વ્યક્તિ ના હોય કે જ્યારે આ કિર્તન-ભક્તિ શરૂ થાય ને મન મુકીને નાચી ન હોય ! તેવો અદ્‌ભુત આનંદ મોજથી માણતા હતા કિર્તન - ભક્તિની દિવ્ય રમઝટમાં...!!!



સર્વધર્મ સંત સંમેલન

વ્હાલા ભક્તજનો ! આપણો ભારતદેશ તે સર્વધર્મનો સમન્વય કરી એકશ્વરવાદને માનનારો દેશ છે. આ વાતને યાદ કરી આ મહોત્સવમાં એવું એક સંત સંમેલન પ. પૂ. લાલજી મહારાજના નેતૃત્વ નીચે ગોઠવાયું હતું કે જેમાં સર્વે ધર્મના સંતોએ તે સંમેલનમાં ભાગ લીધો હતો. સ્ટેજ પર જ સૌ સંતો - મહંતોને યથાયોગ્ય સુંદર આસનો પર બેસાડી સૌનું પુષ્પમાળા અને શાલ અર્પણાદિથી સ્વાગત કરાયું હતું. આ સંમેલનની શુભ શરૂઆત પ. પૂ. ભાવિઆચાર્ય લાલજી મહારાજના મંગલમય પ્રવચનથી જ થઈ હતી. પ. પૂ. લાલજી મહારાજે પોતાની અમૃતવાણીથી દરેક ધર્મના સંતો - મહંતોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. ત્યારબાદ સર્વે સંતો - મહંતોને પ્રવચન અપાયા હતા તેમાં સર્વે સંતોનો એકજ સુર હતો કે, સંપ્રદાયના ધણી તો આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ જ છે અને ભાવિઆચાર્ય તો આ નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ જ હોઈ શકે એટલુંજ નહિ પરંતુ અમે તો આ લાલજી મહારાજશ્રીને આચાર્યજ જાણીયે છીએ એમપણ કહ્યું હતું. આ વાતને તો સમગ્ર ભક્તજનો એ સંતો - મહંતો એ વારંવાર વધાવી લઈ તાળીઓના ધ્વનીથી સુર પુરાવ્યો હતો. ત્યારબાદ સર્વે સંતો-મહંતોએ મહાપ્રસાદ શ્રી ગોપીનાથજી મહારાજના મંદિરે ગ્રહણ કર્યો અને પછી સૌ પ. પૂ. લાલજી મહારાજશ્રી પાસેથી રજા લઈ છુટા પડયા હતા.




શ્રીમદ્ સત્સંગિજીવન કથામૃત

આ મહોત્સવમાં સૌથી વધારે આકર્ષણનું કેન્દ્ર તથા લાખો હરિભક્તોને પુરા સાત - સાત દિવસ સુધી જો પકડી રાખી આનંદ - મોજ અને સત્સંગની દિવ્યતા અપાવી હોય તો તે છે શ્રીમદ્ સત્સંગિજીવનની કથા ! આ કથા શરૂ થાય તે પહેલા જ સંપૂર્ણ સભામંડપ ભરાઈ જાય ને કથા પૂરી થયા પછી સર્વે કાર્યક્રમ પુરા થાય ત્યાં સુધી સભામંડપ ભરચક રહે, તે જ બતાવે છે કે આ શ્રીમદ્ સત્સંગિજીવનની કથા એ કેટલી મધુર કથા છે !

કથાનો સમય સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ અને બપોરે ૩ થી ૬ હતો. સવારની કથાના વકતા પૂ. કો. ઘનશ્યામવલ્લભસ્વામી (ગઢપુર) તથા બપોર પછીની કથાના વકતા પૂ. સદ્. નિત્યસ્વરૂપદાસજી સ્વામી (સરધાર) બંને વકતાએ આ કથાના દરેક પ્રસંગોની ખુબજ સુંદર છણાવટ કરી હતી. સંપૂર્ણ કથામાં કોઈ શબ્દમાં છળ ન હતો, કોઈ દેખાવ નહી, કોઈ એષણા નહિ, કોઈ જબરદસ્તી નહી, એક સાચા સદ્‌ગુરુની જેમ માત્ર ધર્મમાં રહિ, ધર્મ સમજાવી ચરિત્રોનું વર્ણન કરી શ્રીજી મહારાજને અંતરે યાદ કરી નિખાલસભાવથી કથા થતી હતી. તેથી જ તો મનમાં બાઝેલી જાળાની ગૂંચો નીકળી જતી ને કથા સાંભળતા જ શંકાઓના વાદળા વિખરાઈ જતાં, સહજાનંદી સુરજના હૃદયે દર્શન માટે સૌ તલપાપડ બની આ કથાના શબ્દોને એક મનથી સાંભળી જ રહેતા. અને હજુ પણ કોઈને આ અનુભવની યાત્રા કરવી હોય તો આ વકતાશ્રીઓને ફરીથી પ્રત્યક્ષ સાંભળવા જ રહ્યા.

કથાની શરૂઆતે યજમાન દ્વારા ઠાકોરજી-પોથીજી અને વકતાશ્રીનું પુજન અર્ચન થતું ત્યારબાદ આરતી ઉતરતી અને દિવસના અંતે તે દિવસની પૂર્ણાહુતિની આરતી ઉતારાતી, જયારે કથા શરૂ હોય ત્યારે કથામંડપમાં લાખો માણસોથી વધારે માણસો કથા સાંભળતા. છતાં પણ ટાંચણી પડે તો પણ અવાજ આવતો તેવી પરમશાંતિનો અહેસાસ આ કથામાં થતો. એવી દિવ્યતાની સાથે ભવ્યતા પણ તેવીજ હતી, વચ્ચે ૩૦ ફુટ ઉંચો ભવ્ય ડોમથી સુસજ્જ બનાવેલ સભામંડપ સુંદર શોભતો હતો.



મંદિરમાં વિરાજમાન દેવોનો અભિષેક

તા. ૩૦-૧૦-૨૦૦૬ કારતક સુદ ૮ સવારના ૬-૦૦ કલાકે આ પરમપવિત્ર દિવસે શ્રીજી મહારાજે સ્વહસ્તે પોતાની મનુષ્ય મૂર્તિ રૂપ સ્વરૂપ બનાવરાવી પધરાવેલ તે શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોનો અભિષેક કરવામાં આવેલો. દેવોની આગળ અર્ચાસ્વરૂપ-નાના શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક યજમાનો દ્વારા તથા સર્વે દેવોનો અભિષેક પ.પૂ. લાલજી મહારાજ તથા પવિત્ર બ્રહ્મચારિઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ અભિષેકના દર્શન બે કલાક સુધી થયા હતા. છતાં પણ સતત હરિભક્તોની ભીડ રહી હતી. પંચામૃતથી દેવોનો પ્રથમ અભિષેક થયો ત્યારબાદ કેસર જળથી દુધ - દહિની નદિઓ વહેતી થઈ હતી, અભિષેક પછી અભિષેકનું જળ બધાજ ભક્તોને વહેચવામાં આવ્યું હતું.

દરેક ભક્તજનોએ આ અભિષેકના દર્શન તથા જળના પ્રસાદથી પોતાના જીવનની ધન્યતા અનુભવી હતી. કારણકે જીવનમાં પ.પૂ. લાલજી મહારાજ દ્વારા થતા દેવોના અભિષેકના દર્શન કયારે થાય.....!

ટ્રેનયાત્રામાં મોબાઈલ ફોનના માધ્યમથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વરસાવેલ



## આશીર્વાદાત્મક દિવ્ય અમૃતવચનો...

સર્વે યાત્રિક ભક્તજનોને અમારા હૃદયપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...!

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી આપ સહુ કોઈની તીર્થયાત્રા નિર્વિઘ્નપણે આગળ વધી રહી છે તે જાણી અમોને ખૂબ જ આનંદ થયો છે. શાસ્ત્રની અંદર યાત્રાનો મહિમા કહેતા શાસ્ત્રકારો લખે છે: **'અન્યક્ષેત્રે કૃતં પાપં, તીર્થક્ષેત્રે વિનશ્યતિ । તીર્થક્ષેત્રે કૃતં પાપં વજલેપો ભવિષ્યતિ ॥'**

શાસ્ત્રોમાં તીર્થોનો મહિમા ઘણો બતાવ્યો છે. જીવનમાં જાણે-અજાણે કોઈપણ દુષ્કર્મો થયાં હોય તેને કારણે આપણને મોક્ષ માર્ગે વિઘ્ન થવાનું હોય તે તમામ વિઘ્નોથી મુક્ત થવા તીર્થોની અંદર દેવ-દર્શન અને તીર્થ સ્નાન તેનો મહિમા શાસ્ત્રોમાં બતાવેલો છે. આપણે ભગવાન શ્રીહરિના જીવનથી પરિચિત છીએ. શ્રીજીમહારાજે છપૈયાનો ત્યાગ કર્યા પછી સમગ્ર તીર્થોની અંદર ભ્રમણ કરીને તીર્થોના દેવોના દર્શન કરી દરેક તીર્થોની ભૂમિને પાવન બનાવી એક અજોડ ઉદાહરણ આપણા જીવનને માટે આપેલું છે કે, 'જીવનમાં જ્યારે સમય મળે ત્યારે આવા કાર્યની અંદર આવી યાત્રાઓમાં જોડાવું જોઈએ.' અને સાથોસાથ સંતોએ ખૂબ દાખડો કરી સમગ્ર થાક અને ભાર તેમના મસ્તકે લઈ આવું સુંદર આયોજન કર્યું છે.

તમો સર્વે ખૂબ સદ્‌ભાગી છો કે હજુ દેહ ચાલે છે, સ્વજાતથી આપણે આપણી દરેક ક્રિયા કરીએ છીએ ત્યારે આપણને આ લાભ મળ્યો છે. અન્યથા તો **'અંગં ગલિતં ।'** અર્થાત્ શરીર પુરું થઈ જાય, વૃદ્ધાવસ્થા આવી જાય ત્યારે યાત્રા કે પરમાત્માનું ભજન વગેરે કોઈ કામ ન થાય. માટે આ વાતને દરેકે યાદ રાખી જીવનની ધન્યતા અનુભવવી જોઈએ.

ભક્તજનો ! આપણાં શરીરમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધીમાં એક કર્તવ્ય, એક નિષ્ઠા અવશ્ય હોવી જ જોઈએ, એવું તાન અવશ્ય હોવું જોઈએ કારણ કે, જીવનમાં સતત વિટમણાને મુંઝવણો રહેવાની અને તેમાં જો આવી તીર્થયાત્રામાં જોડાયાને પરમાત્માની કથા સાંભળીને મહારાજના સ્વરૂપમાં એકમય થવા પ્રયત્ન કરવો તેજ માનવજીવનનો ઉદ્દેશ છે. અમો અનુભવથી કહિએ છીએ કે, પરમાત્માએ બાંધેલી મર્યાદાને ધ્યાનમાં રાખી કથા-વાર્તા, નિત્ય નિયમ, ચેષ્ટાદિકનું સુખ માણતા માણતા તેની નિયમીતતાને જાળવીને મર્યાદામાં રહિને યાત્રાનું આયોજન કરીએ ત્યારે થોડું કષ્ટ સહન કરવું પડે. પરંતુ જીવનની અંદર તે વેઠ નથી, તે તો ઈષ્ટદેવને રાજી કરવા હું કરું છું, મારા જીવના કલ્યાણ માટે કરું છું તેવો જો ભાવ રાખી કરીએ તો આ કષ્ટ તે કષ્ટ ન લાગે.

હું તો ઘણીવાર સભામાં કહું છું કે, યાત્રામાં થોડું કષ્ટ તો પડવું જ જોઈએ, તો જ જીવાત્માને તેની સ્મૃતિ રહે. જો બધું સુખેથી જ પતી જાય તો જીવાત્મા તેને ભૂલી જાય છે. આ યાત્રાની કષ્ટીને જીવનની યાદગીરી રૂપે રાખીશું તો સહેજે યાત્રાનું, તીર્થસ્થાનોનું અને પરમાત્માના સ્વરૂપનું સ્મરણ થઈ આવે. જેથી કરી મહારાજે જે ઉત્સવ-સમૈયાનો મહિમા બતાવ્યો છે તેવો જ યાત્રાનો મહિમા બતાવ્યો છે.

હવે તો સગવડતા ઘણી સારી છે. માટે ભગવાનનું ખૂબ ભજન કરજ્યો, ભગવાનના સ્વરૂપમાં એકમય થજ્યો ને ભગવાનને અખંડ હૃદયમાં રાખી તેમનો રાજીપો મેળવજો તેવી તમોને સર્વેને ભલામણ કરીએ છીએ. અંતમાં આવું સુંદર ટ્રેનયાત્રાનું આયોજન થયું છે ત્યારે તમોએ સર્વે ભાગ લીધો છે તેથી તમો સર્વેને શ્રી હરિકૃષ્ણ મહારાજ સુખીયા કરે ને યાત્રા નિર્વિઘ્નપણે પૂર્ણ કરે તેવી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતૃશ્રી વતી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

# તીર્થયાત્રા માહાત્મ્ય...

- સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી
સરધાર (વેદાંતાચાર્ય)



ભગવાન શ્રી પુરુષોત્તમનારાયણ પરમાત્માના અનેકાનેક પ્રાદુર્ભાવોના પ્રતાપ અને પ્રભાવથી તથા તેમના ધારી રહેલા સંતો-ભક્તો અને વિભૂતિ સ્વરૂપ ધર્મધુરંધર આચાર્ય મહોદયોના પાવનકારી વિચરણથી તથા નિત્ય નિવાસથી ભારત દેશના તીર્થસ્થાનોનો મહિમા અનેરો વધ્યો છે. વિશ્વમાં કોઈ પણ દેશ આ બાબતે ભારત દેશની બરોબરી કરી શકે તેમ નથી એ વાત ચોક્કસ છે.

તીર્થ કોને કહેવાય ? તો જેનાથી મનુષ્યો પાપ થકી, અજ્ઞાન થકી તરી શકે તેને 'તીર્થ' કહેવાય - **તારયતિ ઈતિ તીર્થમ્ ।** અથવા **તીર્યતે અનેન ઈતિ તીર્થમ્ ।** જેનાથી જન્મમરણ સંસૃતિરૂપ ભવસાગર તરીને પ્રભુના ધામને પામી શકાય અને શાશ્વત શાંતિના ભોક્તા બની શકાય તેને તીર્થ કહેવાય.

ઉપરોક્ત હેતુથી તીર્થયાત્રા કરવાથી મનુષ્યને શાંતિનો અનુભવ જરૂર થાય જ છે. તેમજ તીર્થયાત્રા કરવાથી બીજા પણ ઘણા પ્રકારના અનુભવો થાય છે. જેમકે, સાચા સદ્‌ગુરુનું જ્ઞાન થાય છે તથા તે તે દેશમાં રહેલા ધાર્મિક સંપ્રદાયોના રીતિ-રિવાજ તથા વિભિન્ન પ્રાંતોમાં રહેતા ભારતીય નાગરિકોની રહેણી કરણી, ભાષા તથા પહેરવેશ સુખ-દુઃખ વગેરેનું પણ જ્ઞાન સહેજે થઈ જાય છે. આ પ્રમાણે ચાણક્ય મહર્ષિએ કહેલું છે.

તીર્થને શાસ્ત્રોમાં બે પ્રકારના વર્ણવેલા છે (૧) સ્થાવર અને (૨) જંગમ. તેમાં સ્થાવર એટલે સ્થિર-તીર્થોમાં પવિત્ર દેવસ્થાનો પવિત્ર નદીઓ, પવિત્ર પર્વતો, જળાશયો, પવિત્ર વૃક્ષો વગેરેનો સમાવેશ થાય છે. જંગમ એટલે હાલતા-ચાલતા તીર્થોમાં ભગવાનને ધારી રહેલા સત્પુરુષો, આચાર્યો વગેરેનો સમાવેશ થાય છે. આવા જંગમતીર્થોની પ્રાપ્તિ પ્રાયઃ પૂર્વોક્ત સ્થાવર તીર્થોમાં જ થતી હોય છે માટે તીર્થયાત્રામાં સ્થાવર તીર્થોનો લક્ષ્ય વિશેષ કરીને રહે છે. વાસ્તવિકમાં સત્પુરુષો જ તીર્થમાં નિવાસ કરીને પાવનકારી તીર્થસ્થાનોનું તીર્થત્વ જાળવી રાખતા હોય છે માટે એમનો પણ મહિમા શાસ્ત્રમાં સવિશેષ કહેવામાં આવ્યો છે.

આપણાં જીવનમાં જે કાંઈક પ્રાપ્તિ કરાવે અને જીવનધોરણને આગળ લઈ જાય તેને યાત્રા કહેવામાં આવે છે. **યાપયતિ પ્રાપયતિ ઈતિ યાત્રા ।** જ્યાં જઈને આપણે આપણા જીવન માટે,

પરલોક માટે કાંઈક પ્રાપ્ત કરવું છે અને તેને માટે સુખદુઃખ ટાઢ-તડકો, માન-અપમાન વગેરે તમામ દ્વન્દ્વોની પરવા કર્યા વિના દેહગેહના તમામ સુખ-વૈભવોની ભોગેચ્છાનો ત્યાગ કરીને આપણે જે સ્થાનમાં પૂર્વોક્ત બંને પ્રકારના તીર્થો હોય તેવા સ્થાનમાં જવા પ્રયાણ કરીને તેવા તીર્થોનું સેવન કરીએ તેને ખરા અર્થમાં **તીર્થયાત્રા** કહેવામાં આવે છે. આવા સદ્‌હેતુથી જ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના શ્લો, ૮૩માં સ્વાશ્રિતોને **'કર્તવ્યા દ્વારિકામુખ્ય તીર્થયાત્રા યથાવિધિ'** દ્વારિકા આદિક જે જે ભારતના પ્રસિદ્ધ તીર્થો ગણાય છે તેવા સ્થાનોની યાત્રા યથાવિધિ પૂર્વક કરવી એ પ્રમાણે આદેશ આપેલો છે.

તીર્થયાત્રામાં સંપૂર્ણ ફળપ્રાપ્તિ માટે સાવધાનતાની ખૂબજ જરૂર રહે છે. શ્રી સત્સંગિજીવન પ્ર. ૨, અધ્યાય - ૪૦માં ભગવાન શ્રીહરિ કહે છે : હે ભક્તો ! **'પુણ્યતીર્થેષુ યત્કર્મ, માનવૈઃ ક્રિયતે જનાઃ ! । સહસ્રગુણિતં તદ્ધિ જાયતે નાત્ર સંશય ॥૨૭॥'**

પુણ્યકારી તીર્થોમાં મનુષ્યો જે સત્કર્મ કરે છે તેનું હજારોગણું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ આ તીર્થોમાં જો અસાવધાનતાથી પાપ થાય તો તેનું પાપ પણ ખૂબ જ લાગે છે. તે ભગવાન શ્રીહરિ કહે છે : **'કૃતં તીર્થેષ્વલ્પમપિ યત્પુણ્યં તદ્વિવર્ધતે તથૈવ પાપકર્માપિ વૃદ્ધિમાપ્નોતિ દેહિનામ્ ॥૨૮॥'**

તીર્થ સ્થાનમાં કરેલું અલ્પ પણ પુણ્ય જેમ વૃદ્ધિને પામે છે તેમ અસાવધાનપણાથી થયેલું અલ્પ પાપ પણ તેવી જ રીતે વૃદ્ધિ પામે છે માટે ભક્તજનોએ ભગવાનનાં કથાવાર્તા, કીર્તન, નામસ્મપણાદિકથી જ તીર્થમાં સમય વ્યતીત કરવો જોઈએ. પરંતુ અપશબ્દો, અશ્લીલ વાણી કે ગ્રામ્યવાર્તા કહેવા સાંભળવામાં ક્યારેય જોડાવું નહિ અને તે તે તીર્થસ્થાનનો મહિમા ભગવાન અથવા સત્પુરુષનાં નિવાસાદિ પ્રસંગથી સવિશેષ હોય તેને સત્પુરુષો અથવા શાસ્ત્રોના માધ્યમથી જાણી-સાંભળીવે તેમાં દર્શન-સ્નાન પૂજા, દાન-અર્ચનાદિક કરવાં જેથી તીર્થયાત્રાનું ફળ સંપૂર્ણ પ્રાપ્ત થાય છે. સત્પાત્રમાં દાન કરવાથી સવિશેષ ફળ પ્રાપ્તિ થાય છે.



સત્પાત્ર ન મળે તો તેવા સત્પાત્ર બ્રાહ્મણ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી વગેરે સત્પાત્રોને દાન આપવાનો સંકલ્પ કરવાથી પણ તેનું અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે.


તીર્થના શાસ્ત્રોકત ફળ વિષે શંકાશીલ તથા મહિમાના અભાવવાળાને તીર્થનું ફળ મળતું નથી. તીર્થયાત્રા કરવી અને કરાવવી એ ખૂબ જ પુણ્યકારી કાર્ય સ્રોત છે. કારણ કે આ કાર્યમાં ફક્ત મોજ, મજા કે મસ્તીની ધીંગાલ હોતી નથી પરંતુ ઘણી ખંત અને ચીવટ પૂર્વક જ આ કાર્ય પાર પડે છે, માટે ઘણું પુણ્યકારી કહેલું છે. આવી તીર્થયાત્રા કરનારને જીવનમાં કાંઈક મેળવ્યાની અનુભૂતિ થયા વિના રહેતી નથી. નિરસ જીવન પણ સરસ બને છે.

તે માટે ઉપરોક્ત હેતુથી એક યાત્રા હમણાં જ પૂર્ણ થઈ. જેમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન અને અથાગ પરિશ્રમથી સરધારધામને આંગણે આકાર લઈ રહેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરના આગામી મૂર્તિ મૂર્તિષ્ઠા મહોત્સવના ઉપક્રમે આજના આધુનિક વિજ્ઞાન યુગના સહારે ૪૦ જેટલા સંતો-પાર્ષદો સહિત ૧૧૦૦ યાત્રિકો સાથે સ્પેશ્યલ ટ્રેનના માધ્યમથી ઉજ્જૈન, મથુરા, ગોકુળ, વૃંદાવન, હરિદ્વાર, છપૈયા, અયોધ્યા, અલ્હાબાદ, કાશી, ગયા, ગંગાસાગર, જગન્નાથપુરી, ભુવનેશ્વર,કોનાર્ક, સાક્ષીગોપાલ વગેરે ઉત્તર-પૂર્વ ભારતના તીર્થોના દર્શન કરવામાં આવ્યા હતા.

વ્હાલા ભક્તજનો ! હવે આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણની પ્રાગટ્યભૂમિ એવી અનુક્રમે છપૈયા-અયોધ્યા-મથુરા તેમજ ભારતદેશના ચારધામ માંહેલું એક તીર્થધામ જગન્નાથપુરી આદિક તીર્થોના માહાત્મ્યની સાથે અજોડ કલ્યાણકારી તીર્થયાત્રામાં જોડાયેલ સંતો-ભક્તો સહિત ૧૧૦૦ યાત્રિકોની સ્મૃતિ અને દર્શનને ચિરકાળ પર્યંત યાદ કરાવતા આ વિશેષાંકથી યાત્રાની પ્રત્યક્ષ અનુભૂત ઝલકનો આનંદ માણીએ...

નૂતન શિખરબધ્ધ શ્રી સ્વા. મંદિર - સરધારના આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય





# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રાનો મંગલ પ્રારંભ...

**તા. ૯-૧૧-૦૬, કારતક વદ - ૪**
**સરધારથી ભાવભીની વિદાય**

સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યાં અનેકવાર પધારી તેમજ ચાર ચાર માસ સુધી રોકાઈને માછલાંઓને સમાધિ, માકડનું કલ્યાણ આદિક અનેક ઐશ્વર્યયુક્ત લીલાચરિત્ર કર્યા છે તેમજ જન્માષ્ટમી, દિવાળી, અન્નકૂટોત્સવ, પ્રબોધની જેવા અનેક ઉત્સવ ઉજવીને જ્યાં ઉત્સવોની પરંપરા વહેતી કરી છે. અને ગુરુવર્ય ઉદ્ધવાવતાર મહા મુક્તરાજ સદ્‌ગુરુપદને શોભાવતા શ્રી રામાનંદ સ્વામી તથા સત્સંગમાં જેમને ખુદ શ્રીજીમહારાજે 'મા'નું બિરુદ આપીને વારંવાર બિરદાવેલ છે એવા સ.ગુ. મુક્તાનંદ સ્વામીનું પ્રથમ મિલન થયું છે. તેમજ પાંચસો પરમહંસોના મહા મંગલમય પદ પંકજથી પુનિત થયેલ અક્ષરધામતુલ્ય ભૂમિમાં 'ભવિષ્યમાં અહિંયા મોટું મંદિર થશે' એવો આશીર્વાદાત્મક કોલ આપ્યો હતો તે સરધારધામમાં ૨૦૦ વર્ષ પૂર્વે અપાયેલ આશીર્વાદને સાકાર સ્વરૂપ આપવા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સાત-આઠ કરોડથી વધારે જંગી ખર્ચે તૈયાર થઈ રહેલ બંસીપહાડપુર ગુલાબી પથ્થરમાં કલાત્મક સ્થાપત્ય જગતમાં સર્વોત્તમ નકશીકામ યુક્ત નવ્ય ભવ્ય શિખરબધ્ધ મંદિરના આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અમીદ્રષ્ટિથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન અને અથાગ પરિશ્રમથી જ્યાં ૨૨૫ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું હતું તેવી પવિત્ર તીર્થભૂમિ છપૈયા અને ભારત દેશના ચાર ધામોમાંથી એક જગન્નાથપુરી આદિક

તીર્થધામો સહિત પાવનકારી ઉત્તર-પૂર્વ ભારતની ધરતી પર 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'નું તા. ૯-૧૧-૦૬ થી તા. ૨૭-૧૧-૦૬ સુધી દિવ્ય આયોજન થયું.

તા. ૯-૧૧-૦૬ના રોજ પ્રભાતકાળે પ્રભાતિયાના સૂરો સાથે યાત્રામાં જોડાનારાં જે યાત્રિકો, સંતો-ભક્તોએ સ્નાનાદિક-પૂજાપાઠ વિધિ કરીને ૦૮.૦૦ કલાકે નૂતન મંદિરથી પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો સાથે ધૂન-કીર્તનની રમઝટ કરતા જુના મંદિરે પધાર્યા. મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી પૂ. સ્વામીશ્રીએ ઉતારી અને ગામના આગેવાન હરિભક્તોએ યાત્રિક સંતો-ભક્તોને પુષ્પમાળા તથા સાકર-નાળિયેરના પડાઓ અર્પણ કરી સહર્ષ સજળ નેત્રે ભાવભીના હૃદયે વિદાય આપી હતી.



શ્રી સ્વામિનારાયણ મંદિર - રાજકોટ
દર્શન અને રેલ્વે સ્ટેશનથી વિદાય

સરધારધામથી વિદાય લઈ સંતો-ભક્તો આદિક યાત્રિકજનો બરાબર ૯.૧૫ કલાકે રાજકોટમાં ભૂપેન્દ્ર રોડ પર આવેલ શ્રીજીમહારાજના પાવનકારી ચરણારવિંદથી અંકિત પવિત્ર ભૂમિપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ધર્મદેવ, શ્રી ભક્તિમાતા અને શ્રી લક્ષ્મીનારાયણદેવ વગેરે દેવોના દર્શન કર્યા. તેમજ સદ્. ગોપાળાનંદ સ્વામીના વચને જે બોરડીના કાંટા ખરી ગયા હતા તે બોરડીના દર્શન કરી સર્વે સંતો-ભક્તો રેલ્વે સ્ટેશને પધાર્યા.

અહિંયા પ્લેટફોર્મ પર ટ્રેન મુકાઈ ગઈ હતી. યાત્રામાં જોડાયેલ જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર વગેરે વિસ્તારોના યાત્રિકોને વળાવવા માટે પોતપોતાના સગા-સંબંધીઓ પણ પહોંચી ગયા હતા. તેમજ રાજકોટ સત્સંગ સમાજના હરિભક્તો વગેરે પણ ટ્રેનને વિદાય આપવા માટે પધાર્યા હતા. અને આ પ્રસંગે ખાસ ગઢપુરથી શ્રી ગોપીનાથજી મહારાજના પ્રાસાદિક હાર લઈને ઉપસ્થિત રહેલ પૂ. એસ.પી. સ્વામી તથા અમરેલીથી પધારેલ પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી અને આગેવાન હરિભક્તોએ તથા સરધાર રોકાયેલા સંતો-પાર્ષદોએ પૂ. સ્વામી વગેરે સંતો-ભક્તોનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કર્યું. ત્યારબાદ પૂ. એસ.પી. સ્વામી તથા અમરેલીથી પધારેલ પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીએ આ ટ્રેનયાત્રા નિર્વિઘ્નપણે સફળ થાય અને સર્વે યાત્રિકોના સ્વાસ્થ્ય નીરોગી રહે તેવી ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી. અંતમાં પૂ. સ્વામીએ વિદાય આપવા આવેલા પૂ. વડિલ સંતો તથા હરિભક્તોને સંબોધીને આ યાત્રા નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તેવી શ્રીજીમહારાજના શ્રીચરણોમાં પ્રાર્થના કરીને બરાબર ૧૦-૩૦ કલાકે પૂ. સ્વામીશ્રી અને પૂ. એસ.પી. સ્વામી તથા પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી અને ટ્રેન સંચાલક શ્રી પ્રફુલભાઈ ગઢવીના વરદ્ હસ્તે શ્રીફળ, કુંકુમ તથા પુષ્પોથી ટ્રેન એન્જિનનું વેદમંત્રો ઉચ્ચારીને પૂજન કરવામાં આવ્યું. ટ્રેનના પાયલોટોને પણ કપાળે ચાંદલા કરી હારતોરા કર્યા. પૂ. સંતો દ્વારા લીલીઝંડી મળતાની સાથે પ્લેટફોર્મ 'ભગવાન શ્રી સ્વામિનારાયણની જય' વગેરે જયઘોષના નારાથી છવાઈ ગયું. ધીરે ધીરે ટ્રેન આગળ ધપવા માંડી. વિદાય આપવા આવેલ પૂ. સંતો-હરિભક્તોએ હાથ ઊંચા કરી કરીને 'જય શ્રી સ્વામિનારાયણ'ના નાદની સાથે યાત્રિકોને રાજકોટ રેલ્વે સ્ટેશનથી એક ઐતિહાસિક ભાવપૂર્વક વિદાય આપી હતી.




અમદાવાદ રેલ્વે સ્ટેશને યાત્રિકોને દર્શન અને વિદાય આપવા વડતાલથી પધારેલ પ. પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ

૦૪.૦૦ કલાકે ટ્રેનયાત્રા અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશને પહોંચી. અહિંયાથી અમદાવાદ, સુરત, મુંબઈ, પુના, આણંદ, વડોદરા, વાપી વગેરે વિસ્તારોના યાત્રિકો જોડાવાના હોવાથી ટ્રેન સ્ટોપ થઈ હતી. વિશેષમાં સર્વે યાત્રિકોની તીર્થયાત્રા શાંતિપૂર્વક અને નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તેવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રીના આશીર્વાદાત્મક સંદેશા સાથે વડતાલથી પ.પૂ. નાના લાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. તેમના સ્વાગતમાં પૂ. સ્વામીશ્રીએ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીને હારતોરા કર્યા.

અનુસંધાન પાન નં. ૪૨ પર

# તા. ૧૦-૧૧-૦૬ કારતક વદ - ૫, ઉજ્જૈન (મધ્યપ્રદેશ રાજ્ય)



બરાબર સવારના ૦૬.૦૦ કલાકે ટ્રેનયાત્રા ગુજરાત છોડી મધ્યપ્રદેશમાં આવેલ અતિ પ્રાચીન અને મોક્ષદાયિની ગણાતી એવી ઉજ્જૈન નગરીમાં રેલ્વે સ્ટેશને પહોંચી હતી. ચાલુ ટ્રેનમાં જ સર્વે સંતો-ભક્તો યાત્રિકો પૂજાપાઠ-નિત્યવિધિથી પરવારી ચૂક્યા હતા. અહિંયા સંતો દ્વારા બનાવવામાં આવેલ પવિત્ર રસોઈ ઠાકોરજીને ધરાવીને સર્વે યાત્રિક ભક્તજનોને જમાડીને તૃપ્ત કર્યા હતા. ત્યારબાદ ૦૭.૦૦ કલાકે સ્ટેશને ૧૯ લકઝરી બસો દ્વારા ઉજ્જૈન નગરીમાં રહેલ પવિત્ર તીર્થસ્થાનોના દર્શન માટે સર્વે યાત્રિકો રવાના થયા હતા.

## પ્રાચીન નગરી ઉજ્જૈન માહાત્મ્ય...

પવિત્ર ક્ષિપ્રા નદીના કિનારે વસેલી આ અતિ પ્રાચીન નગરી મોક્ષદાયિની ગણાય છે. જેનું પ્રાચીન નામ અવન્તી હતું. આ નગરીને મણિપુર ચક્ર એટલે કે શરીરનો નાભિ દેશ પણ કહેવામાં આવ્યું છે. અહીં એક ધર્માત્મા બ્રાહ્મણ ચાર પુત્રો સાથે રહેતા. પરંતુ નગરીની નજીક આવેલી 'રત્નમાલા' નામે પહાડીઓમાં વસતો દૂષણ નામે રાક્ષસ અહીંની જનતાને મહાકષ્ટ આપતો. સૌએ આ યોગસિદ્ધ બ્રાહ્મણને આ ત્રાસમાંથી બચવા વિનંતી કરી. ભૂદેવે ભગવાન શિવજીનું ભીષણ તપ કર્યું અને આખરે શિવ 'ભગવાન મહાકાલ' બની પ્રગટ થયા. રાક્ષસનો સંહાર થયો. ભક્તોએ મહાકાલેશ્વર મહાદેવને નગરીમાં જ નિવાસ કરવા પ્રાર્થના કરી. મહાદેવ જ્યોતિર્લિંગના રૂપમાં અહીં કાયમીક વસી ગયા. ભારતભૂમિમાં રહેલ બાર જ્યોતિર્લિંગમાંનું આ એક જ્યોતિર્લિંગ ગણાયું છે. એકાવન શક્તિપીઠોમાંથી એક શક્તિપીઠ આ નગરીમાં ગણવામાં આવે છે. જ્યાં હરિસિદ્ધ માતાનું મંદિર છે.

પ્રાચીન યુગમાં આ નગરી કુશસ્થલી, ઉજ્જયની, પદ્માવતી, કુમુદવતી કે અમરાવતી તરીકે પણ ઓળખાતી. અને આ પ્રદેશ 'માળવા' તરીકે પણ ઓળખાતો.

હજારો વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામે અહીં સાંદીપનિ ઋષિના આશ્રમમાં રહી અનેક વિદ્યાનું અધ્યયન કર્યું હતું. આ આશ્રમ ક્ષિપ્રાનદીના દક્ષિણ કાંઠા ઉપર બતાવવામાં આવે છે.

સમ્રાટ અશોક જ્યારે યુવરાજ હતા ત્યારે આ નગરીના ઉપશાસક હતા. જેણે 'દેવી' નામે કન્યાને રાણી બનાવી. તેમના રાજકુમાર મહેન્દ્ર અને રાજકુમારી સંઘમિત્રા ઈતિહાસના પ્રસિદ્ધ પાત્રો છે.

ઈ.સ. પૂર્વે ૩૨૫ વર્ષ ઉપર આ નગરી મૌર્યવંશના શાસન તળે હતી. પરંતુ ઈસવીસન આરંભાયો તેનાથી પહેલાં ૫૮ વર્ષ પૂર્વે માળવાના ગર્દભિલ્લવંશી સમ્રાટ વિક્રમાદિત્યે શકોને હરાવ્યા અને ત્યારથી આ નગરી વીર વિક્રમ અને વૈતાલની વાર્તાઓનું પટસ્થાન બની ગઈ. તેની રાજસભા ધન્વંતરિ, ક્ષપણક, અમરસિંહ, સંકુ, વેતાલ ભટ્ટ, ઘટખર્પર, મહાકવિ કાલિદાસ, વારાહમિહિર અને વરરુચિ જેવા નવ રત્નોથી સુશોભિત હતી.

અહીં ક્ષિપ્રા નદી, મહાકાલેશ્વરનું મંદિર, સિદ્ધવડ, ભર્તૃહરિની ગુફા, વેધશાળા તથા વિક્રમાદિત્યની કુળદેવી

હરિસિદ્ધમાતાનું મંદિર આટલાં સ્થાનો વીર વિક્રમના સમયની સંસ્કૃતિનું દર્શન કરાવે છે.

અન્ય દર્શનીય સ્થળોમાં ગોપાલ મંદિર, કાલિયાદહ મહેલ, મંગલનાથ મંદિર વગેરે પ્રસિદ્ધ છે. જયપુર નરેશ જયસિંહજી દ્વારા સને ૧૯૯૩માં આ નગરીમાં વેધશાળા સ્થપાઈ હતી, ત્યારથી આ નગરી આજ પર્યંત જ્યોતિષવિદ્યાના કેન્દ્ર તરીકે પણ ખ્યાતિ પામી છે.

અહીં પ્રત્યેક બાર વર્ષે થતા કુંભમેળામાં લાખોની સંખ્યામાં ભાવિક જનતા ઊમટી પડે છે. આમભારતીયોના માનસમાં આ નગરીનો ખૂબ જ મહિમા છે.



પ્રાચીન નગરી ઉજ્જૈનમાં ટ્રેનયાત્રા...

અહિંયા પ્રથમ તમામ યાત્રિકોએ ઉજ્જૈનનગરીના મુખ્ય આરાધ્ય દેવ મહાકાલેશ્વર મહાદેવજીના દર્શન કર્યા હતા. ત્યાર પછી ઉજ્જૈન શહેર મધ્યે વહેતી પ્રાચીન ક્ષિપ્રા નદીમાં સંતો-ભક્તોએ ઠાકોરજીનો અભિષેક કરીને તથા સર્વે યાત્રિકોએ પણ પ્રાસાદિક જળમાં સમૂહ સ્નાન કર્યું. ત્યારબાદ સિદ્ધવડ, ભર્તૃહરિની ગુફા, વેધશાળા તથા વિક્રમાદિત્યની કુળદેવી હરિસિદ્ધમાતાનું મંદિર, ગોપાલ મંદિર, કાલિયાદહ મહેલ, મંગલનાથ મંદિર અને સાંદિપનિ આશ્રમ વગેરે તીર્થસ્થાનોના સંતો-ભક્તો આદિક યાત્રિકોએ ભાવથી દર્શન કર્યા. પછી ઉજ્જૈન રેલ્વે સ્ટેશને પરત આવીને રસોડામાં સેવા આપી રહેલા સંતો અને સ્વયંસેવક ભક્તોએ તૈયાર કરેલ ઠાકોરજીના થાળનો પ્રસાદ સર્વે યાત્રિક હરિભક્તોએ આરોગ્યો. અને સંતો-પાર્ષદોએ ફલાહાર કર્યું હતું.

આજે રેલ્વે પ્લેટફોર્મ ઉપર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયકકલાકાર હરિકૃષ્ણ પટેલે પોતાના સૂરીલા કંઠે 'મારે સ્વામિનારાયણ ભજવા રે...' એ કીર્તનથી સભાની શરૂઆત કરી હતી. ત્યારબાદ પૂ. પૂર્ણ સ્વામી, પૂ. આનંદ સ્વામી, પૂ. કોઠારી સ્વામી, પૂ. સ્વામીશ્રી આદિક સંતો-ભક્તોએ તીર્થયાત્રાનું માહાત્મ્ય અને શ્રીજીમહારાજના લીલાચરિત્રનું ગાન કરી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સત્સંગ સભા પૂર્ણ થયા બાદ બરાબર ૧૦.૦૦ કલાકે ટ્રેનયાત્રા આગળ મથુરા જવા માટે ગતિમાન થઈ હતી.

અનુસંધાન પાન નં. ૩૨ પરનું



મથુરા-વૃંદાવન-ગોકુળમાં ટ્રેનયાત્રા...

દર્શન કર્યા. પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તોએ શ્લોકગાન કરીને યમુનાજીનું જળ મસ્તકે ચડાવ્યું. તેમજ દીવડા પ્રગટાવી યમુનારાણીનું પૂજન કર્યું. અહીંથી નીકળીને પાસે જ ગોકુળ ગામછે ત્યાં આવ્યા. આ ગામ હજુ પણ સમૃદ્ધ નથી દેખાતું. પ્રાચીન જેવું જ લાગે છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ વખતના ચોરાસી સ્તંભ છે. (નંદરાજાનો મહેલ) ક્યાંક ભગવાન જમ્યા છે તો ક્યાંક વિયોગથી રડયા છે, તો તાળીઓ પાડીને ખડખડાટ હસ્યા છે વગેરે બાળલીલાઓની સ્મૃતિઓ હજુ પણ ભક્તજનોને તાદશ્ય થાય છે. નજીકમાં જ 'રમણ રેતી' છે ત્યાં આવ્યા. ભગવાન શ્રીકૃષ્ણએ મહારાસ લીલા કરી હતી તે આ મહાપ્રસાદીની જગ્યા છે. અહીં કુટીર આકારનું મંદિર છે. અહીં મોટું સદાવ્રત પણ ચાલે છે. વાતાવરણ ખૂબજ દિવ્ય અને શાંતમય છે. અંતઃકરણમાં થોડીવાર શાંતિ થઈ જાય, મનના વિચારો બંધ થઈ જાય એવા આ મહાપ્રસાદી સ્થાનમાં બધા સંતો-ભક્તો ગોળાકારે રમણરેતીના પટાંગણમાં બેઠા. ભગવાનની ચરણરજ માથે રડાવી, રેતીમાં સહુ કોઈ આળોટ્યા હતા.

ઉપરોક્ત તમામ તીર્થસ્થાનોના દર્શન કરી સર્વે યાત્રિકો ૦૭.૩૦ કલાકે મથુરા રેલ્વે સ્ટેશને પરત ફર્યા. સ્ટેશન પર સંધ્યા આરતી, સ્તુતિ-પ્રાર્થના કરીને યાત્રિક ભક્તજનોને સંતો તથા સ્વયંસેવકોએ મહિમાની સાથે તૈયાર કરેલ ઠાકોરજીનો મહાપ્રસાદ જમાડીને તૃપ્ત કર્યા. બરાબર ૧૦.૦૦ કલાકે તમામ યાત્રિકોને લઈને ટ્રેનયાત્રાએ આગળ ગંગાજી કિનારે આવેલ દેવભૂમિહરિદ્વારના માર્ગે જવા પ્રયાણ કર્યું હતું.ઉપરોક્ત તમામ તીર્થસ્થાનોના દર્શન કરી સર્વે યાત્રિકો ૦૭.૩૦ કલાકે મથુરા રેલ્વે સ્ટેશને પરત ફર્યા. સ્ટેશન પર સંધ્યા આરતી, સ્તુતિ-પ્રાર્થના કરીને યાત્રિક ભક્તજનોને સંતો તથા સ્વયંસેવકોએ મહિમાની સાથે તૈયાર કરી રાખેલ ઠાકોરજીનો મહાપ્રસાદ જમાડીને તૃપ્ત કર્યા. બરાબર ૧૦.૦૦ કલાકે તમામયાત્રિકોને લઈને ટ્રેનયાત્રાએ આગળ ગંગાજી કિનારે આવેલ દેવભૂમિ હરિદ્વારના માર્ગે જવા પ્રયાણ કર્યું હતું.



સવારના ૭.૦૦ કલાકે ટ્રેન મધ્યપ્રદેશ છોડી રાજસ્થાનના રાજ્યની સરહદને પાર કરી ઉત્તરપ્રદેશમાં આવેલી પવિત્ર મથુરા નગરીના રેલ્વે સ્ટેશને આવી પહોંચી હતી. અહિંયા સર્વે યાત્રાળુ સ્નાનાદિક નિત્યવિધિથી પરવારીને તૈયાર થયા હતા. સ્ટેશન પર મથુરામાં વસવાટ કરતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પુરોહિત બ્રાહ્મણો દ્વારા પૂ. સ્વામીશ્રી તેમજ અન્ય સંતો-ભક્તોનું પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી સર્વે ભક્તજનોને ઠાકોરજીના પ્રસાદરૂપી દૂધ-નાસ્તા-પાણી કરાવીને વૃંદાવન-મથુરા-ગોકુળમાં રહેલ તમામ તીર્થસ્થાનોના દર્શન કરવા ૧૯ બસો દ્વારા રવાના થયા હતા.

## મથુરા માહાત્મ્ય...

ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિના આ શહેરનું અસ્તિત્વ તો પ્રાચીનકાળથી છે. પરંતુ અર્વાચીન ઈતિહાસકારો દ્વારા ઈ. પૂર્વે પાંચમી શતાબ્દીથી તેનું મહત્ત્વ સિદ્ધ કરાયું છે. પુરાણ સમયથી જ મથુરા સમૃદ્ધિશાળી નગરી હતી. જ્યાં હિન્દુધર્મ પ્રચલિત હતો, અને પછીથી થોડાં વર્ષો બૌદ્ધ અને જૈન ધર્મનો પ્રભાવ પણ વધ્યો હતો.

જો કે છેલ્લા પાંચ હજાર વર્ષથીયે વધુ વર્ષોથી મથુરા ભગવાન શ્રીકૃષ્ણની રમણભૂમિ-લીલાભૂમિ તરીકે પુણ્યશાળી નગરી મનાતી રહી છે. વરાહ પુરાણમાં મથુરાની મહત્તા દર્શાવતા હોય તેવા એક હજાર શ્લોકો વિદ્યમાન છે.

આ નગરીનું મુખ્ય તીર્થ છે : ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ; કારાગૃહની એ કોટડી આજે પણ આપણને ભોંયરામાં બતાવવામાં આવે છે, જ્યાં પ્રભુ પ્રગટ્યા હતા. એ સંજોગો કેવા વિપરીત હશે તેની સાક્ષી પૂરતું આ તીર્થ યાત્રિકોને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે છે. શ્રીકૃષ્ણ જન્મભૂમિનો 'કેશવ મંદિર' વાળો વિસ્તાર મલ્લપુરા તરીકે ઓળખાય છે. કંસના શક્તિશાળી મલ્લો ચાણૂર, મુષ્ટિક, શલ, તોશલ વગેરે આ જગ્યાએ રહેતા હતા.

વસુદેવજી વ્રજમાં દેવકીપુત્ર કૃષ્ણને મૂકીને જશોદાને ઘેર જન્મેલી કન્યાને લઈને પાછા આવ્યા. કંસ તેને પણ પથ્થર પર પટકાવી મારી નાખવા ગયો, ત્યાં તે આકાશમાં વિલીન થઈ ગઈ અને કંસને ચેતવણી આપતી ગઈ કે 'તને મારનાર તો જન્મી ચૂક્યો છે...' આ કન્યા કંકાલી (કંસકાલી) દેવી તરીકે ઓળખાણી. હાલ, કંકાલી દેવીનું મંદિર કંકાલી ટેકરા ઉપર આવેલું છે.

કંસવધ પછી કૃષ્ણ-બલરામની મથુરામાં રથયાત્રા નીકળી હતી. અને યમુનાકાંઠે બંને ભાઈઓએ જે ઘાટ ઉપર વિશ્રામ લીધો હતો, તે વિશ્રામઘાટ તરીકે ઓળખાય છે. અહીંથી રોજ સવાર-સાંજ યમુના મૈયાની આરતી ઉતારી ભક્તો સવાર-સાંજ નદીમાં દીવા તરતા મૂકે છે. આ દૃશ્ય મનોહર લાગે છે. યમુનાના અહીં ૨૪ ઘાટ છે. જેમાં 'સ્વામી ઘાટ' અથવા 'વસુદેવ ઘાટ' જ્યાંથી કૃષ્ણને લઈને વસુદેવજી ગોકુળ ગયા હતા તે તથા કંસનો જૂનો કિલ્લો આટલાં સ્થાનો શ્રીકૃષ્ણના યુગની ઝાંખી કરાવે છે. બાકી હિન્દુઓના આસ્થાસ્થાન સમા, સંસ્કૃતિનાં અમૃત રેલાવતા આ તીર્થમાં હવે માત્ર પર્વત, નદી અને ભૂમિ એ ત્રણ જ પ્રાચીન રહ્યા છે. બાકી બધું નષ્ટ થયું છે, મહાભારતનું ભીષણ યુદ્ધ થયું. પાંડવો વિજયી બન્યા, પરંતુ થોડા જ સમયમાં પરીક્ષિતને સત્તારૂઢ

કરી સૌ સ્વર્ગારોહણ માટે નીકળી ગયા. બીજી તરફ ભગવાન શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં જ યાદવોએ પરસ્પર લડીને ભયંકર ખુવારી કરી. શ્રીકૃષ્ણના ધામગમન પછી દ્વારિકા દરિયામાં ડૂબી ગઈ, અને મથુરા પણ આખી વેરાન બની ગઈ. મથુરાના રાજા અને ભગવાન શ્રીકૃષ્ણના પૌત્ર વજનાભ પરીક્ષિતને કહે છે : 'क्व गता वै प्रजात्र्त्या यत्र राज्यं प्ररोचते' ન જાણે પ્રજા ક્યાં ગઈ ! જે રાજ્યમાં પ્રજા છે, ત્યાં જ રાજ્યનું સુખ છે...'

વજનાભની આવી દુર્દશા જોઈ પરીક્ષિતે ફરીથી મથુરા વસાવવાનું નક્કી કર્યું. પોતાના મિત્ર વજનાભનું નગર મથુરા ફરીથી પ્રાણવંત બનાવવા મોટા મોટા શેઠિયાઓ, બ્રાહ્મણો વગેરેને પરીક્ષિતે પોતાના નગર ઈન્દ્રપ્રસ્થથી લાવી મથુરા વસાવ્યા, આમ કૃષ્ણની નગરી ફરીથી જીવંત બની. જો કે અત્યારે છે તે મથુરાનું નવું જ કલેવર છે. હૂણ, શક ને મુસ્લિમ શાસકોએ અનેકવાર મથુરામાં કત્લેઆમ ચલાવી હતી.

સને ૧૦૧૭માં મહમૂદ ગઝનવીએ આ શહેર અને પ્રદેશને ૨૦ દિવસ સુધી ધમરોળ્યો હતો. ધર્મસ્થાનો ભ્રષ્ટ કર્યા હતા અને તોડી પાડ્યાં હતા. મહમૂદ ગઝનવીએ તોડેલું મંદિર એટલું ભવ્ય હતું કે તોડ્યા પછી પણ તે ભૂલી શક્યો નહીં. તે અફઘાનિસ્તાનની રાજધાની ગઝની પહોંચ્યા પછી પોતાના મુન્શી અલઉતલી મીર પાસે કહે છે કે 'એવું આલેશાન મકાન બાંધવા ૨૦૦ વર્ષ પણ ઓછાં પડે, દશ કરોડ સોનામહોરો ખર્ચવા છતાં એવું મકાન(મંદિર) તૈયાર ન થાય...! દૈવી શક્તિ વગર આવું સ્વપ્ન સિદ્ધ ન જ થઈ શકે !' (તારીખ યામની). શિલાલેખો પ્રમાણો વિ.સં. ૧૨૦૭માં મથુરાના શાસક વિજયપાલદેવના શાસનમાં 'જજ્જ' (યજ્ઞ) નામે કોઈ વ્યક્તિએ નવું મંદિર બાંધ્યું હતું.

સને ૧૫૦૦માં સિકંદર લોદીએ મથુરાનો સર્વનાશ કરી નાખ્યો. દેવમંદિરો અને મૂર્તિઓ ઘણાં મારી મારીને જમીનદોસ્ત કરી. મુગલ બાદશાહ જહાંગીરના સમયમાં (સને ૧૬૦૫-૧૬૨૭) ઓરછા નરેશ વીરસિંહ બુંદેલાએ અતિ મનોહર, અત્યંત ઊંચું 'કેશવ મંદિર' બંધાવ્યું. આ મંદિર ૨૫૦ ફૂટ ઊંચું હતું. તે જમાનામાં રૂા. ૩૩ લાખ ખર્ચાયા હતા. એક ઈટાલીયન યાત્રિકે નોંધ્યું કે... 'કેશવ મંદિરનું શિખર સોનાથી મઢેલું છે, એ શિખર એટલું ઊંચું છે કે મથુરાથી ૩૬ માઈલ દૂરના આગ્રા શહેરમાં ઊભા ઊભા તે જોઈ શકાય છે...' જન્માષ્ટમીએ શિખર ઉપર દીવડા મુકાય, તેનો પ્રકાશ જ્યારે આગ્રાના મહેલમાંથી બાદશાહ જહાંગીરને દેખાતો ત્યારે તે આફરીન પોકારી જતો ! પરંતુ ઔરંગઝેબે તો સને ૧૬૩૯માં કાળો કેર વર્તાવ્યો. હિન્દુપ્રજા પરના તેના સિતમો ને જુલ્મો ભયાનક, ક્રુર અને પાશવી હતા. તેણે સેંકડો મંદિરો ભોંય ભેગાં કર્યાં. આ ધર્માંધ બાદશાહે (સને ૧૬૫૮-૧૭૦૭) આ મંદિરને જડમૂળમાંથી ઊખાડીને પથ્થરે પથ્થરનો સર્વનાશ કરી નાંખ્યો ! એટલું જ નહીં, હંમેશ માટે હિન્દુઓને અપમાનનો બોધ કરાવવા માટે એણે મૂળ કૃષ્ણજન્મસ્થાન ઉપર એક મસ્જિદ ચણાવી દીધી !

'મ-અસિર-એ-આલમગીરી' ગ્રંથનું અવતરણ આ ધ્વંસનો દસ્તાવેજ છે : "ઔરંગઝેબે મથુરાના 'દેહરા કેસુરાય' નામે મંદિરને નષ્ટ કરવાની આજ્ઞા આપી દીધી ! અને ફરમાન મળતાં જ એ સત્યતાના શક્તિશાળી ગઢ સમા મંદિરને ધરતી સાથે રગદોળી દેવામાં આવ્યું, અને તે જ સ્થાન પર એક બૃહત્ મસ્જિદનો પાયો નાખવામાં આવ્યો."

આ મસ્જિદની પાછળના ભાગે બીજું કેશવ મંદિર બનાવાયું અને મૂળ મંદિર હતું તે જગા 'કેશવ કટરા' તરીકે ઓળખાવા લાગી. ત્યાં ખોદકામ કરતાં એ પ્રાચીન મંદિરના અવશેષો આજે પણ પ્રાપ્ત થઈ રહ્યા છે.

સને ૧૭૫૭માં વસંતોત્સવ ઊજવવા મથુરામાં ભેગા થયેલા હજારો ભક્તો પર અહમદશા અબદલ્લી પોતાની મુસ્લિમસેના સાથે અચાનક તૂટી પડ્યો ને હજારો નિર્દોષોની બેરહમ કતલ થઈ.

જો કે આટલા ઘા ખમ્યા પછી પણ મથુરાનું માહાત્મ્ય હિન્દુ લોકહૃદયમાં એટલું જ રહ્યું છે, યાત્રિકોનો પ્રવાહ બારે માસ રહે છે. અને વિવિધ મંદિરો ભગવાન શ્રીકૃષ્ણની સ્મૃતિ કરાવતાં આજે પણ આધ્યાત્મિક પ્રેરણા આપતાં મથુરાની ધરતી પર શોભી રહ્યાં છે.

## વૃંદાવન માહાત્મ્ય...

વૃંદાવન શ્રીકૃષ્ણ ભગવાનની દિવ્યલીલાઓથી યાત્રાનું મહાધામ બની ગયું છે. ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં આ સ્થળે તુલસી (વૃંદા)નું વન હતું તેથી તે વૃંદાવન તરીકે પ્રસિદ્ધ થયું છે.

અહીં આજે જુદા જુદા સંપ્રદાયનાં ઘણાં મંદિરો છે. જેમાં મુખ્યત્વે શ્રી ગોવિંદદેવજીનું મંદિર જે જયપુરના રાજા માનસિંહે બંધાવ્યું છે. તથા શ્રીરંગદેવનું મંદિર મથુરાના શેઠ લક્ષ્મીચંદબાબુએ બંધાવ્યું છે. અને દેવસ્થાન સન્મુખ સુવર્ણનો મોટો સ્તંભ મૂકવામાં આવ્યો છે. આ મંદિર દક્ષિણી નકશીશૈલીમાં બંધાયેલું છે. કારણ કે શેઠ લક્ષ્મીચંદબાબુના ગુરુ દક્ષિણભારતના હતા.

અહી બીજું એક બાંકે બિહારીનું મંદિર છે તે બંધાવનાર શેઠ લાલાબાબુ હતા તેને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોનો મેળાપ વૃંદાવનમાં થયો હતો, સ્વામિનારાયણ ભગવાનની વાત સાંભળી તેમણે સંતો સાથે કહેવરાવ્યું કે 'આપને આપના પરમહંસો સહિત અહીં આવવાનો જે કંઈ ખર્ચ થશે તે હું આપીશ, પણ આપ જરૂર દર્શન દેવા પધારો.' વળી રૂપિયા ૪૦૦નું એક તોલો મળે તેવું ભારે અત્તર આપ્યું. સંતોએ ગુજરાતમાં આવી શ્રીજીમહારાજને એમના ભાવની વાત કરી. મહારાજે દરેક સંતોના નાકે અત્તર લગાડ્યું ને કહ્યું : "રહેશે તમારા મુખનું પાણી, બીજા ભેખ થશે ધૂડધાણી."

પછી મહારાજે કહ્યું : "આ જન્મે તેમને અમારાં દર્શન થવાનો યોગ નથી." એ પછી શેઠ ઉત્સુકતાને કારણે જાતે જ મહારાજનાં દર્શને આવવા ઘોડીએ ચડીને નીકળ્યા. પરંતુ રસ્તામાં તેઓ પડ્યા અને તત્કાળ મૃત્યુ થયું.

બીજે જન્મે સત્સંગમાં જન્મલીધો અને એકાંતિક ભક્ત બનીને ધામમાં સિધાવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં માતા-પિતા ધર્મ-ભક્તિ, તથા ગુરુ રામાનંદ સ્વામીને અહીં કૃષ્ણપ્રભુએ દર્શન આપ્યાં હતાં. વૃંદાવનમાં ગોપીરૂપ ધરી શંકર ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓનો રાસ જોવા આવ્યા હતા તેથી ગોપીશ્વરનાથનું મંદિર પણ આવેલું છે. તુલસીદાસજી વૃંદાવનની યાત્રા કરવા આવ્યા ત્યારે અહીં બાંકે બિહારીનાં દર્શન કરતાં એ સાખી બોલ્યા હતા : 'કહા કહું છબી આજ કી...' એ પછી ભગવાને તેમને રઘુનંદન સ્વરૂપે દર્શન દીધાં. ત્યારથી આ તુલસીદાસ ગુંસાઈનું મંદિર કહેવાય છે. વિદ્વાનો, ભક્તો, શાહુકારો, રાજાઓ વગેરે સર્વેએ વૃંદાવનને પુનિત ધામ માન્યું છે. અહીં મુસ્લિમ કવિ રસખાન અને વલ્લભાચાર્યના અષ્ટછાપ સખા કવિઓમાં એક હરિદાસ તે બંનેની સમાધિ આ જ તીર્થમાં આવેલી છે. આ તીર્થ માટે તો રસખાનજીએ પણ કહ્યું હતું :

'માનુષ હો તૌ વહી રસખાની બસઉ, વ્રજ ગોકુલ ગાંવ કે વાટન, જો પશુ હો તો કહા બસ મેરો, ચરૌ નિત નંદકી ધેનુ મંજારન, (મધ્યમા) પાહન(પથ્થર) હો તો વહી ગિરિકો, જો ધરિયો કર છત્ર પુરંદર ધારન, જો ખગ હો તો બેસરો કરૌ મિલી કાલિન્દી, ફલ કદંબકી ડારન.'

વિદ્વાનોએ અહીં શાંતિ શોધી, ભક્તો ભગવાનને પામ્યા. શાહુકારોએ ધર્મશાળાઓ બંધાવી અને રાજા-મહારાજાઓએ મંદિરો બંધાવ્યા. વૃંદાવનમાં બંસીવટ અને કુંજગલીના નામમાત્રથી શ્રીકૃષ્ણ ભગવાનની બંસીલીલા અને રાસ, કુંજગલીની દાણલીલા સાંભરી આવે છે. ગોપીઓને અનેક પ્રકારે તેમના સંકલ્પ પ્રમાણે સુખ આપી, મહી લૂંટી, વસ્ત્ર ખેંચી, દૂધ, દહીં ઢોળી જે દિવ્યલીલા કરી છે તે પણ સ્મૃતિપટ પર અંકિત થયા વિના રહે જ નહીં. વૃંદાવનની પરિક્રમા કરતાં આવતાં વન-ઉપવનો અને બીજાં અનેક સ્થળોનાં દર્શન કરતાં ભક્તજનોનાં હૃદય ભક્તિભાવથી તરબોળ થઈ જાય છે. ઉદ્ધવજી તથા બ્રહ્માજીએ આ તીર્થનો મહિમા સમજીને અહીં જ વૃક્ષ-વન-વેલીનો અવતાર માગ્યો હતો. વૈષ્ણવોમાં આ વ્રજભૂમિની ૮૪ કોષ (ગાઉ)ની યાત્રાનું ખૂબ માહાત્મ્ય છે.

## ગોકુળ માહાત્મ્ય...

ગોકુળમાં નંદરાજાનો મહેલ, જૂનો કિલ્લો - જ્યાં શ્રીકૃષ્ણ તથા બલભદ્રને કંસની બીકથી નંદરાજાએ સંતાડ્યા હતા, યમુનાના ઘાટ ઉપર કદંબનું વૃક્ષ - જ્યાંથી ભગવાને યમુનામાં પડી કાલીય નાગને નાથ્યો હતો, પૂતના મંદિર - જ્યાં પૂતનામાસીનો વધ કર્યો હતો, વગેરે સ્થાનો દર્શનીય છે. અહીં શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી તથા શ્રી ગોકુલનાથજીની બેઠક છે.

જૂના ગોકુળમાં નંદરાયની ગૌશાળા ત્રણથી ચાર માઈલના વિસ્તારમાં દર્શાવાય છે. અહીં શ્રીકૃષ્ણ ભગવાને દહીં, દૂધ અને માખણની લીલાઓ ગોપભક્તો સાથે કરી હતી તેમ કહેવાય છે. અહીં યમુનાજીના કિનારા ઉપર ચીરઘાટ છે. જ્યાં શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓનાં ચીર (વસ્ત્ર) હરી લીધાં હતાં, વળી મહાવનમાં નંદભુવન છે જ્યાં જન્માષ્ટમીએ મોટો મેળો ભરાય છે. શ્રીકૃષ્ણના લીલાસ્થાન અને મહાપવિત્ર ભૂમિ તરીકે ગોકુળ એ હિન્દુઓનું મહામોટું તીર્થધામછે. મથુરાથી ૧૦ કિ.મી. દૂર ગોકુળ નગરી ગણવામાં આવે છે. અને ૩૦ કિ.મી. દૂર ઐતહાસિક ગોવર્ધન પર્વતના પણ દર્શન થાય છે. તેનું પણ માહાત્મ્ય એવું છે કે બાળપ્રભુ શ્રીકૃષ્ણે નંદરાજાને એક વખતે પૂછ્યું : "પિતાજી આ શાની પૂજાની તૈયારી ચાલે છે ? આ ઉત્સવનું ફળ શું છે?"

નંદરાજાએ ઈન્દ્રપૂજાની મહત્તા વર્ણવી કહ્યું : "વરસાદના સ્વામી ઈન્દ્રની કૃપાથી આપણી ખેતી તથા ગાયો વગેરેને જીવતદાન મળે છે. તેથી તેની પૂજા કરવાની આપણી પરંપરા છે. તેનાથી આપણે સુખી થઈએ છીએ."

આ સાંભળી બાળપ્રભુ શ્રીકૃષ્ણે પોતાના પિતાને સમજાવ્યું કે સુખ-દુઃખના મૂળમાં તો માનવનાં કર્મો છે અને કર્મફળપ્રદાતા ભગવાન છે. પછી કહ્યું : "પિતાજી ! આપણે તો વનવાસી છીએ. આ ગોવર્ધન પર્વત, આ ગાયો અને આ બ્રાહ્મણોની પૂજા મારે મન ઈન્દ્રપૂજા કરતાં શ્રેષ્ઠ છે..." એમ કહી આજ્ઞા આપી : यवसं च गवां दत्वा गिरये दीयतां बलिः । અર્થાત્ 'હવેથી હંમેશ માટે ગાયોને ચારો અને ગોવર્ધનને ભોગ આપવામાં આવે...'

સૌએ એ આજ્ઞા તરત માની. ગોવર્ધનમાં રહીને ભગવાન સ્વયં બધા જ પદાર્થો આરોગી ગયા. ઈન્દ્રને નારદજી દ્વારા જાણ થઈ કે મારી પૂજા અટકાવીને ગોકુળમાં સૌએ ગોવર્ધનની પૂજા કરી છે. તેણે તારાજ કરી નાખવા બારે મેઘ ખાંગા કર્યા. પણ પરમાત્માનું બળ કેવું હોય છે, તે બતાવવા ભગવાન શ્રીકૃષ્ણે માત્ર ટચલી આંગળીએ આખો ગોવર્ધન ઉપાડ્યો. તેની નીચે ગોકુળનાં નરનારી અને પશુઓની ભયંકર વરસાદથી રક્ષા કરી.


આ ગોવર્ધન પૂજાને 'અન્નકૂટ' એટલે કે અન્નનું શિખર પણ કહેવાય છે. નવા અનાજની નવી નવી વાનગીઓ ધરાવીને ભગવાન શ્રી ગોવર્ધન સમક્ષ આજે પણ ધરાવવામાં આવે છે.

## મથુરા-વૃંદાવન-ગોકુળમાં ટ્રેનયાત્રા...

તમામ યાત્રિકો ૧૮ લકઝરી બસો દ્વારા બરાબર ૦૮.૦૦ કલાકે મથુરા રેલ્વે સ્ટેશનથી વૃંદાવન-મથુરા-ગોકુળ વગેરેમાં તીર્થસ્થાનોના દર્શન કરવા માટે રવાના થયા. પ્રથમ ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિસ્થાનના દર્શન કર્યા. ત્યાંથી શેઠ લક્ષ્મીચંદબાબુએ બંધાવેલ શ્રી રંગનાથજી ભગવાનના ભવ્ય મંદિરના દર્શન કર્યા. પછી ત્યાંથી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ગુંજાવતા નંદભવન, કદંબનું વૃક્ષ, યમુના દર્શન, હરેરામ-હરેકૃષ્ણ મંદિર, સેવાકુંજ, બાંકેબિહારી મંદિર, માનસીગંગા, ગિરિરાજ પર્વત, શ્રી સ્વામિનારાયણ મંદિર અને ભગવાન શ્રીકૃષ્ણે મુખમાં માતા જશોદાને બ્રહ્માંડના દર્શન કરાવ્યા એ ચરિત્રની ભૂમિ એટલે બ્રહ્માંડ ઘાટ વગેરે તીર્થસ્થાનોના ભાવપૂર્વક

અનુસંધાન પાન નં. ૨૯ પર

# તા. ૧૨-૧૧-૦૬ કારતક વદ - ૭, દેવભૂમિ હરિદ્વાર - તપોભૂમિ ઋષિકેશ (ઉત્તરાંચલ રાજ્ય)



બીજે દિવસે મથુરાથી હરિદ્વારની મુસાફરી દરમિયાન ટ્રેનમાં સંતો-ભક્તો પૂજાપાઠ નિત્યવિધિથી પરવારીને તૈયાર થઈ ગયા. ત્યારબાદ પૂ. સ્વામીએ ઠાકોરજીની આરતી ઉતારી અને સર્વે યાત્રિકોને દૂધ-નાસ્તા-પાણી કરાવવામાં આવ્યા. પછી પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી તથા હરિકૃષ્ણ પટેલ દ્વારા સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને નંદસંતો દ્વારા રચિત કીર્તનોની રમઝટ બોલી. સહુ કોઈ ચાલુ ટ્રેને જ કોચની અંદર નાચગાનમાં મહારાજની સ્મૃતિ સાથે અતિ ગુલતાન બન્યા. ત્યારબાદ પૂ. સ્વામીશ્રીએ આગામી તીર્થસ્થાનનું માહાત્મ્ય સમજાવ્યું હતું. બરાબર ૦૧.૦૦ કલાકે ટ્રેન ઉત્તરપ્રદેશ છોડી હરિયાણા રાજ્ય (દિલ્હી) થઈ ઉત્તરાંચલ રાજ્યની દેવભૂમિ હરિદ્વાર પહોંચી હતી. સ્ટેશન પરથી જ તમામ યાત્રિકો ૨૪ લકઝરી બસો દ્વારા દેવભૂમિ હરિદ્વાર અને તપોભૂમિ ઋષિકેશમાં રહેલા તીર્થધામોનાં દર્શન કરવાને અર્થે રવાના થયા હતા.


## દેવભૂમિ હરિદ્વાર માહાત્મ્ય...

ઉત્તરાંચલ રાજ્યના સહરાનપુર જિલ્લામાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ છે. અહીં ગંગાજી સપ્તધારાયુક્ત ધીરગંભીર ભાવે વહે છે. આ ગંગાદ્વાર પણ કહેવાય છે. પુરાણમાં આ શહેરનો માયાપુર નામે પણ ઉલ્લેખ છે. વૈષ્ણવો 'હરિદ્વાર' પણ કહે છે.

પુરાણો પ્રમાણે આદિકાળમાં અહીં બ્રહ્માએ વિરાટ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું હતું. વળી, બદ્રિનાથ અને કેદારનાથ જવાના માર્ગ ઉપર હોવાથી આ ધામનું મહત્ત્વ ઘણું છે. ગંગાદ્વાર, કુશાવર્ત, બિલ્કેશ્વર, નીલ પર્વત અને કનખલ આ પાંચ પ્રધાન તીર્થો અહીં જ છે. ગંગાદ્વાર ઉપર બ્રહ્મકુંડ છે. જેમાં સ્નાન કરવાથી પરમપદના અધિકારી થવાય છે, એવું બ્રહ્માજીનું વરદાન છે. આ સ્થળ 'હરકી પૈડી'ના નામે પણ ઓળખાય છે. આ હરકી પૈડીની સંધ્યા એટલે નાસ્તિકને પણ આસ્તિકતા અર્પે એવી ઐતિહાસિક દિવ્ય ક્ષણો. જ્યારે સંધ્યા આરતી થાય છે ત્યારે ગંગાજીનું પાણી ત્યાં ઘૂમરી લઈ જાણે કે સ્થિર થઈ ગયું હોય તેવી એક અનુભૂતિ થાય છે. આરતીને પ્રજવલિત કરવા માટે ગંગાજીનું જળ લઈ આરતી ઉપર નાખવામાં આવે છે. પાણી નાંખતાની સાથે જ આરતી પ્રજવલિત થાય છે. જ્યારે આરતી પૂર્ણ થાય ત્યારે એ જ ગંગાજીના જળથી આરતીના અગ્નિને બુજાવવામાં આવે છે. એવું એક ચમત્કારી દિવ્યતાનું વાતાવરણ સંધ્યા આરતીમાં સર્જાય છે. અહીં ભર્તૃહરિએ તપશ્ચર્યા કરી હતી એટલે તેમના ભાઈ વિક્રમાદિત્યે બ્રહ્મકુંડ તથા સીડીઓની (પૈડી) રચના કરાવી હતી. નીલ પર્વત ઉપરથી ગંગાજી વહે છે એટલે એને નીલધારા અથવા સપ્તધારા પણ કહે છે. આ સ્થળે ધ્રુવજીએ તપ કરેલું, પણ ગંગાના વેગવાન પ્રવાહના ગંભીર ઘોષથી ધ્રુવજીને ખલેલ પડતી હતી. ધ્રુવજી આ સ્થાન છોડી બીજે જવા તૈયાર થયા. ત્યારે સ્વયં ગંગાજીએ પ્રગટ થઈ ધ્રુવજીને સમજાવ્યા : ''તમે અહીં જ તપ કરો. હું મારા વહેણને સાત ધારામાં વહેંચી મંદગતિએ

વહીશ... પણ તમે આ સ્થાન મૂકીને જશો નહીં!'' આવું સ્થાન સપ્તધારા, માયાદેવીનું મંદિર, ગીતાભવન તથા કનખલ વગેરે ખાસ જોવાલાયક તીર્થો છે. કનખલમાં દક્ષ પ્રજાપતિનો મહેલ છે. અહીં નીલધારા અને ગંગાજીનો સંગમ થાય છે. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો હતો અને બધા જ દેવતાઓને આમંત્રણ આપ્યું હતું. પણ શિવજીને આમંત્રણ ન આપ્યું એટલે તેમનાં પત્ની અને દક્ષનાં પુત્રી સતી (પાર્વતી) અહીં દક્ષના યજ્ઞકુંડમાં પડી જાતે બળી ગયાં હતાં તે સતીકુંડ પણ અહીં છે.

આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણીવેશે વનવિચરણ કરતાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમ શિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. એ પ્રસાદીનું શિવમંદિર આજે પણ વિદ્યમાન છે. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવું આ મહાન પ્રસાદીનું સ્થાન છે.



તપોભૂમિ ઋષિકેશ માહાત્મ્ય...

'ઋષિક' એટલે ઈન્દ્રિય. 'ઈશ' એટલે સ્વામી. જ્યાં ઈન્દ્રિયો ઉપર સંયમાન સહેજે કેળવાય એવું સ્થાન એટલે ઋષિકેશ ! આ ઋષિકેશ ઋષિઓની તપોભૂમિહતી. ચારધામના દ્વારરૂપ આ સ્થાનની રમ્યતા જોઈને યાત્રિકોનાં મન પ્રફુલ્લિત થઈ જાય છે. ત્રિવેણીઘાટ ઉપર ગંગાસ્નાન કરી અહીં મુખ્ય ભરતમંદિર તથા બીજાં રામમંદિર, વારાહ મંદિર, ચંદ્રેશ્વર આદિ મંદિરોમાં દર્શન કરી યાત્રિકો મહાપુણ્ય પામ્યાનો આનંદ અનુભવે છે.

અહીં ભરતમંદિરમાં ભરતજીની મૂર્તિ છે. ભગવાને રૈભ્યમુનિને ભરતરૂપે દર્શન દીધાં હતાં એટલે ભરત મંદિરમાં ભરતજીની મૂર્તિપ્રતિષ્ઠા કરી હશે. સત્તરમાં મન્વંતરમાં રૈભ્યમુનિ આ સ્થળે આંબાના વૃક્ષ નીચે તપ કરતા હતા. તેઓ કુબડા હોવાથી, આ સ્થળનું નામ કુબ્જામ્રક પણ છે. રાક્ષસોના ત્રાસથી બચીને ઋષિઓ શાંતિથી તપ કરી શકે તે માટે ભગવાને આ ભૂમિ ઋષિઓને અર્પણ કરી દીધી હતી.

અનેક પુરાણોમાં આ સ્થાનને મહાન શ્રાદ્ધતીર્થ પણ ગણવામાં આવ્યું છે.

લક્ષ્મણઝૂલાના રસ્તા ઉપર સ્વામી શિવાનંદજીનો આશ્રમ દર્શનીય છે. પૂર્વ બાજુ ગંગાતટ ઉપર સ્વર્ગાશ્રમ વગેરે સુંદર મંદિરો છે. ગંગા પાર કરવા માટે હોડીઓની વ્યવસ્થા હોય છે.

લક્ષ્મણઝૂલાના પૂલ પાસે જ લક્ષ્મણજીનું મંદિર છે. આ સ્થાનને લક્ષ્મણઝૂલા અથવા લછમનપુર પણ કહે છે. અહીં લક્ષ્મણજીએ બાર વર્ષ સુધી તપ કર્યું હતું. તપના સ્થાન ઉપર લક્ષ્મણજીનું મંદિર છે જેમાં લક્ષ્મણજીની તથા ધ્રુવજીની મૂર્તિઓ છે. લક્ષ્મણઝૂલા ઊતરીને પૂર્વ તરફ જ્યાં ઘાટ બાંધ્યો છે ત્યાંથી જ બદ્રિનાથ તથા કેદારનાથનો પગ રસ્તો શરૂ થાય છે. આજુબાજુ ગીચ વન છે, જ્યાં પુરાણકાળમાં ઋષિમુનિઓએ તપ કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણીવેશે તપોવનમાંથી ચાલતાં આવી અહીં લક્ષ્મણજીનાં દર્શન કર્યાં હતાં. પૂર્ણ પુરુષોત્તમનારાયણનાં દર્શન પામીને લક્ષ્મણજીને અતિ આનંદ થયો અને રામાવતાર યુગની વાત સંભારી, પોતાના સહોદર ભગવાન શ્રી રામચંદ્રજી દર્શન દેવા પધાર્યા એમ જાણી, શ્રીજીમહારાજને વારંવાર નમસ્કાર કરવા લાગ્યા. વળી મેવા, મીઠાઈ તથા ફળાદિકથી સેવા કરી, જે મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ ગ્રહણ કરી, પૂર્વની સ્મૃતિ કરાવી અને કહ્યું : ''તમે તો ઉત્તમ ભક્ત છો.'' એમ અનેક પ્રકારે લક્ષ્મણજીની પ્રશંસા કરીને ભગવાન શ્રીહરિ ગંગાકિનારે પહોંચ્યા. અહીં ગંગાજી સ્ત્રીનું રૂપ ધરી મહારાજની સેવાના અતિ મોટા આશયથી સામાં આવ્યા. શ્રીજીમહારાજે તેમનું પણ કલ્યાણ કરવા તેમની સેવા અંગીકાર કરી અને ત્યાંથી કેદારનાથને રસ્તે પધાર્યા હતા.



દેવભૂમિ હરિદ્વાર અને
તપોભૂમિ ઋષિકેશ ટ્રેનયાત્રા...


અનુસંધાન પાન નં. ૧૯ પર

# તા. ૧૪-૧૧-૦૬ કારતક વદ - ૯, ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્ય ભૂમિ છપૈયા (ઉત્તરપ્રદેશ રાજ્ય)



હરિદ્વારથી છપૈયા સુધીના રસ્તામાં લાંબો અંતર હોવાથી બીજે દિવસે ટ્રેન ગતિ સતત ચાલુ હતી. તમામ સંતો-ભક્તો તથા યાત્રિક ભક્તજનો સ્નાનાદિક પૂજાપાઠ નિત્યવિધિમાંથી પરવારી તૈયાર થઈ ગયા હતા. સર્વે યાત્રાળુઓને દરરોજના ક્રમમુજબ કાજુ-બદામ-પીસ્તા, કેસર યુક્ત અને ઠાકોરજીના પ્રસાદરૂપી દૂધની સાથે અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતો-ભક્તો દ્વારા ભજન-કીર્તન, ધૂનની રમઝટ અને પૂ. સ્વામીશ્રી તેમજ અન્ય સંતો દ્વારા કથા-વાર્તા કરીને યાત્રિકોને ભગવાન શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા તીર્થોનું માહાત્મ્ય સમજાવવામાં આવ્યું હતું. બરાબર ૦૧.૩૦ કલાકે છપૈયાથી ૩૫ કિ.મી દૂર એવા ફૈઝાબાદ રેલ્વે સ્ટેશને ટ્રેન પહોંચી હતી. અહિંયાથી ૧૮ લકઝરી બસોમાં બેસી સર્વે યાત્રિકોએ છપૈયા તરફ પગલા માંડ્યા હતા. ફૈઝાબાદથી છપૈયા જતાં રસ્તામાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ અને ભગવાન શ્રી રામચંદ્રજીના અનેક વખત સ્પર્શથી પવિત્ર બનેલી સરજુ નદી રામઘાટ ઉપર સંતો-ભક્તોએ પ્રથમ ઠાકોરજીનો અભિષેક સરજુ નદીના જળેથી વેદમંત્રોના ઉચ્ચારણ સાથે કર્યો હતો. અભિષેકના જળથી પૂ. સ્વામીશ્રીએ સર્વે સંતો-ભક્તો ઉપર છંટકાવ કર્યો. ત્યારપછી સંતોની સાથે યાત્રિક ભક્તોએ જળક્રિડા કરીને ઠાકોરજીને સરજુમાં નૌકાવિહાર કરાવ્યો હતો. ત્યાંથી આગળ વધીને જ્યાં બાળપ્રભુનો ચૌલ સંસ્કાર કરવામાં આવ્યો હતો અને દશરથ રાજાએ પુત્ર પ્રાપ્તિ માટે પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો હતો એવા મખોડા ઘાટના દર્શન કર્યા હતા. બરાબર ૦૭-૩૦ કલાકે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ, સર્વાવતારી, સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રેયસ્કર ચરણારવિંદ જે ભૂમિપર સૌપ્રથમ પડ્યા તેવા છપૈયાધામમાં પહોંચ્યા હતા. સહુ કોઈના મન પ્રફુલ્લિત થયા. હૃદયમાં આનંદ સમાતો નથી, તે આનંદ સર્વેના મુખ પર છવાઈ રહ્યો હોય તેવા સ્પષ્ટ દર્શન થતાં હતાં. પ્રથમ શિખરબધ્ધ મંદિરમાં બિરાજમાન દેવોના અને જન્મસ્થાનકના દર્શન સર્વેએ ભાવપૂર્વક કર્યા. ઠાકોરજીની શયન આરતી બાદ સંતોએ ફલાહાર કર્યું હતું અને હરિભક્તોના રસોડાની જવાબદારી સંભાળતા સંતો તથા સ્વયંસેવક ભક્તો દ્વારા તુરંત તૈયાર કરવામાં આવેલ ભોગી ખીચડી, શાક, કઢી વગેરેનો મહાપ્રસાદ ભક્તજનોને જમાડી તૃપ્ત કર્યા હતા. પછી સૌ કોઈએ આ ધરતી ઉપર બાળપ્રભુ શ્રી ઘનશ્યામે કરેલ દિવ્ય બાળચરિત્રોને યાદ કરતાં કરતાં વિશ્રાંતી લીધી હતી.

## પ્રાગટ્યભૂમિ છપૈયા માહાત્મ્ય...

છપૈયા એટલે સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિ. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં છપૈયા એક શિરમોડ તીર્થસ્થાન છે. સમગ્ર પૃથ્વિના બીજા કોઈ સ્થાનને પસંદ ન કરતાં શ્રીજીમહારાજે છપૈયાને જન્મસ્થાન તરીકે પસંદ કર્યું. તેથી જ તો સમગ્ર પૃથ્વિમાં આ સ્થાનને તોલે કોઈ ન આવે. અરે ! આ સ્થાનમાં ભગવાને ઘણાંક બાળચરિત્રો કરી આ ધરતીના એક એક રજકણોને પરમપવિત્ર કર્યા છે. કોઈપણ પાપી જીવાત્મા આ ભૂમિપર આવતાની

સાથે જ પ્રથમક્ષણે જ પોતાના અંતરે આનંદના ફૂવારા છૂટે, શાંતિનો સમુદ્ર રેલાય. અરે ! આ જન્મે તો શું પણ અનેક જન્મે જે સુખશાંતિનો અહેસાસ ન થયો હોય તેવી સુખશાંતિનો અહેસાસ આ પૃથ્વિ પર આજે પણ થાય છે. આ કારણથી જ મહાપુરુષોએ વારંવાર કહ્યું છે કે જિંદગીમાં એકવાર જરૂર છપૈયાની યાત્રા કરવી જ. અને મહિમા પણ તેથી જ ગવાય છે કે જેને ભગવાને સગવડતા આપી છે છતાં પણ આખી જિંદગીમાં છપૈયાની યાત્રા નથી કરી તેનો મનુષ્યજન્મ નિરર્થક મનાય છે.

આ પૃથ્વિ પર પધારેલા બાળપ્રભુના રૂપને જોઈ છપૈયાની નારીઓ 'ઘનશ્યામ' એવા વ્હાલા નામથી બાળપ્રભુને પુકારતી. આજે પણ સંપ્રદાયમાં છપૈયાની ધરતીને બાળપ્રભુ શ્રી ઘનશ્યામની - રમણભૂમિ તરીકે દર્શાવાય છે. બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે આ ભૂમિપર નાની નાની પગલીઓ પાડી છે, અરે ! ઘણીવાર બાળચરિત્રો કરતાં બાળપ્રભુએ માતા ભક્તિથી રિસાઈને આંસુડા પાડેલા છે. જ્યારે જ્યારે બાળપ્રભુ આ ચરિત્ર કરતાં ત્યારે અક્ષરધામના મુક્તો આવી બે હાથ જોડી, કરગરી કહેતાં કે હે પ્રભુ ! આવી રીતે નાની પગલીઓ પાડતા હોય, આંખમાંથી આંસુડાની ધારા વહેડાવતા હોય તેવા દર્શન તો અક્ષરધામમાં પણ દુર્લભ છે. તેથી આ ભૂમિને સંપ્રદાયમાં આજે અક્ષરધામકરતાં પણ મહાન મહિમાવંતી ભૂમિ તરીકે ગુણગાન ગવાય છે અને અનંતકાળ સુધી ગવાતા રહેશે.



પ્રાગટ્ય ભૂમિ છપૈયામાં ટ્રેનયાત્રા...

## તા. ૧૫-૧૧-૦૬ કારતક વદ - ૧૦

તા. ૧૫-૧૧-૦૬ના રોજ વહેલી સવારે તમામ સંતો-ભક્તોએ મંદિરમાં બિરાજમાન દેવોની મંગળા-શણગાર આરતી કરીને ભાવપૂર્વક દર્શન કરીને સર્વેએ દૂધ-નાસ્તા-પાણી કર્યા. ત્યારબાદ બરાબર ૦૮.૦૦ કલાકે બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે છપૈયાની ધરતી પર જ્યાં જ્યાં બાળલીલા ચરિત્રો કર્યા હતા તે સ્થાનોના દર્શનાર્થે તમામ સંતો અને યાત્રિકો એકી સાથે રવાના થયા.

સૌ પ્રથમ નારાયણસરોવરને કાંઠે જે સ્થળે ધર્મદેવ અને ભક્તિમાતાને દિવ્યગતિ આપીને તેઓના અસ્થિ પધરાવીને તેના ઉપર છત્રી કરવામાં આવી તેના દર્શન કર્યા હતા. પછી કૌશલદેશના મહાન તાંત્રિક અસુર કાલીદતનો બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે વિનાશ કર્યો હતો તેવા સ્થાનના દર્શન કરી, બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે ઘાસને બદલે ચીભડાના છોડને કાઢીને રામપ્રતાપભાઈ ઐશ્વર્ય બતાવેલ તેવા ત્રિકોણીયા ખેતરના દર્શન કર્યા. ત્યાંથી મીન સરોવર, જાંબુડાનું વૃક્ષ, બહિરીયો કૂવો, મોક્ષપીપળો, ખાંપા તલાવડી વગેરે બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજના દિવ્ય ચરિત્ર-સ્થાનોના દર્શન કરી સર્વે સંતો-ભક્તો મંદિરે આવ્યા. ઠાકોરજી જમાડીને થોડીવાર વિશ્રાંતી લીધી.

બરાબર ૦૪.૦૦ કલાકે સંગેમરમર પથ્થરમાં શોભાયમાન શિખરબધ્ધ મંદિરમાં વિરાજીત દેવોના દર્શન કરી તમામયાત્રિક સંતો-ભક્તો મંદિરથી પૂર્વ દિશામાં આવેલ અને બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે સખાઓ સાથે અનેક વખત સ્નાન કરેલ તેવા નારાયણ સરોવરમાં સમૂહ સ્નાન કરવા ગયા. જનમંગલ સ્તોત્ર અને વેદ મંત્રોના ઉચ્ચાર સાથે ઠાકોરજીને અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ સંતો તથા હરિભક્તોએ પણ સમૂહ સ્નાન કરીને પ્રાસાદિક સરોવરમાં જળક્રિડાનો આનંદ માણ્યો હતો.

સમૂહ સ્નાન બાદ મંદિરના વિશાળ પટાંગણમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂ. પૂર્ણસ્વરૂપ સ્વામી અને પૂ. સ્વામીશ્રીએ બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજના બાળચરિત્રોનું ગાન કરી ભક્તજનોને ૨૨૫ વર્ષ પૂર્વેના સમયમાં લઈ જઈને ચરિત્રોમાં ગરકાવ કર્યા હતા. ત્યારબાદ સંધ્યા આરતી, સ્તુતિ પ્રાર્થના, નિત્ય નિયમ, શયન આરતી આદિક ક્રિયામાંથી પરવારીને ફરીથી સત્સંગ સભાનું આયોજન થયું હતું.

રાત્રિ સત્સંગ સભામાં પૂ. સ્વામીશ્રીએ શ્રી સત્સંગિજીવન ગ્રંથના આધારે બાળપ્રભુની દિવ્યલીલાઓનું રસપાન કરાવીને ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી ભાવપૂર્વક કરી હતી. અંતમાં છંદ-દોહા અને કીર્તનની રમઝટ સાથે સંતો-ભક્તોએ રાસની જમાવટ કરી હતી. પછી સૌ કોઈએ બાળપ્રભુના ચરિત્રને વાગોળતાં થકાં છૂટા પડીને વિશ્રાંતી લીધી હતી.

## તા. ૧૬-૧૧-૦૬ કારતક વદ - ૧૧

તા. ૧૬-૧૧-૦૬ના રોજ તમામયાત્રિકો સ્નાનાદિક અને પૂજાપાઠ વિધિમાંથી પરવારી, તૈયાર થઈ ગયા. મંદિરમાં બિરાજમાન દેવોની મંગળા આરતીના દર્શન કર્યા. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર અને ટ્રેન સંચાલક પ્રફુલભાઈ ગઢવીના યજમાનપદે જન્મસ્થાનક મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજનો પંચામૃત જળે કરીને અભિષેક વેદમંત્રોના ગાન સાથે પૂ. સ્વામીશ્રી તથા પ્રફુલભાઈ ગઢવી દ્વારા કરવામાં આવ્યો. પછી અનેક પ્રકારની ભાવથી બનાવવામાં આવેલ

વાનગીઓનો બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટ આરતીના દર્શન કરી સહુ યાત્રિકો લકઝરી બસો દ્વારા છપૈયાથી ૧૫ કિ.મી. દૂર ગૌઘાટ આદિક સ્થાનોના દર્શન માટે રવાના થયા હતા.

અહિંયા બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજ ઘણીવાર ગાયો ચરાવવા સખામિત્રોના સંગે આવતાં. એકવાર કોઈ સખાને અતિ તૃષા લાગી ને આસપાસ પાણી નહોતું. તેથી બાળપ્રભુએ પોતાના જમણા પગનો અંગુઠો દાબીને પાતાળ ગંગાને પ્રગટ કર્યા ને પાણીની પીચકારી છૂટી, હાલમાં પણ અહીં પાણી અખંડ નીકળ્યા જ કરે છે. આસપાસ ધર્મકુળ પરિવારના જ ખેતરો અને નિવાસસ્થાનો રહેલા છે. આ સ્થાનમાં પંદરેક મીનીટ શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નામની ધૂન કરી. પછી પૂ. સ્વામીશ્રી તથા ગઢપુરથી પધારેલ પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીએ આ સ્થાનનો મહિમા કહ્યો. ત્યારબાદ પૂ. સંતો-ભક્તોએ ગૌઘાટમાં રહેલ જળ તેમજ ચરણરજ મસ્તકે ચડાવીને ત્યાંથી નીકળ્યા હતા. બરાબર ૧૧.૧૫ કલાકે મંદિરમાં રાજભોગ આરતીના દર્શન કરી તમામ યાત્રિકોએ પ્રભુપ્રસાદનો આસ્વાદ માણ્યો હતો.

થોડીવાર વિશ્રાંતી લઈને બપોરે ૦૨.૩૦ કલાકે પતિજીયા મહાદેવ છે ત્યાં આવ્યા. આ મહાદેવની પૂજા બાળપ્રભુએ કરી હતી ને અહીં દર વર્ષ મેળો ભરાય છે તેમાં બાળપ્રભુ ધર્મ-ભક્તિની સાથે આવ્યા હતા. ત્યાં દર્શન કરી ત્યાંથી સાતેક કિ.મી દૂર શ્રવણ તલાવડી આવ્યા. આ તલાવડીને કાંઠે બાળપ્રભુએ પોતાના ઐશ્વર્ય પ્રતાપથી આંધળાઓને દેખતા કર્યા ને ધુતારાને પાઠ ભણાવ્યો હતો. ત્યાં દર્શન કરી પરત મંદિરે તમામયાત્રિક સમુદાય આવ્યો હતો. ત્યાં સંધ્યા આરતી, સ્તુતિ-પ્રાર્થના કરીને ઠાકોરજી જમાડ્યા હતા. ત્યારપછી આજે પણ રાત્રિ સત્સંગ સભામાં પૂ. સ્વામીશ્રીએ શ્રી સત્સંગિજીવન ગ્રંથના આધારે બાળપ્રભુના કોટરાવધ, કાલીદત વધ વગેરે દિવ્યચરિત્રોનું રસપાન કરાવ્યું હતું. આ સભામાં છપૈયા મંદિરના મહંત સ્વામીએ પધારી સર્વે યાત્રિકોને શુભકામના પાઠવી હતી. અંતમાં છંદ-દોહા અને કીર્તનની રમઝટ સાથે સંતો-ભક્તોએ રાસની જમાવટ કરી હતી. પછી સહુ કોઈ ભક્તજનોએ બાળપ્રભુના ચરિત્રને વાગોળતાં છૂટા પડીને વિશ્રાંતી લીધી હતી.

તા. ૧૭ના રોજ સવારે આરતીના દર્શન કરી તમામયાત્રિકોએ મંદિરના પટાંગણમાં યોજાયેલ સમૂહ મહાપૂજાનો લાભ લીધો હતો. ત્યારબાદ ઠાકોરજીના મહાપ્રસાદને આરોગી ૧૦.૩૦ કલાકે છપૈયાથી વિદાય લઈ જ્યાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે આઠ વર્ષ રહીને અનેક લીલાઓ કરી હતી અને ભગવાન શ્રીરામચંદ્રની જન્મભૂમિ એવી પવિત્ર અયોધ્યા નગરી જવા નીકળ્યા હતા.

અનુસંધાન પાન નં. ૩૮ પરનું



## શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા માહાત્મ્ય...

અહીંનું બીજું મુખ્ય મંદિર કનકભવનછે. જે સીતાજીના રાજમહેલ તરીકે અને રામના અંતઃપુર તરીકે ઓળખવામાં આવે છે. ઓરછાના મહારાજાએ એ ભુવન બનાવ્યું હતું.

સરયૂ કિનારાથી એક માઇલના અંતરે ઊંચા ટેકરા પર હનુમાનગઢીનું મંદિર છે. જેમાં હનુમાનજીની વિશાળ મૂર્તિ છે. એક દોરી ખેંચીને હનુમાનજીને વિંઝણો ઢાળવાની અહીં પ્રથા છે. બાળ ઘનશ્યામ(ભગવાન સ્વામિનારાયણ) રોજ હનુમાનગઢી જતા ને રામકથાનો લાભ લેતા એવું એ પ્રસાદીનું મંદિર છે.

ભગવાન સ્વામિનારાયણનું ૪ થી ૧૧ વર્ષ સુધીનું બાળપણ અયોધ્યામાં બરહટ્ટાપુરમાં વીત્યું હતું. તે પ્રાસાદિક ઘર હતું તેની આગળના ભાગમાં હાલ શિખરબદ્ધ મંદિર કરવામાં આવ્યું છે. સામે જ રામાનંદ સ્વામીનું જન્મસ્થાન છે. ફળિયામાં પ્રસાદીનો કૂવો છે. ઘનશ્યામપ્રભુના પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીની સ્મૃતિ રૂપે આરસની દેરીઓ છે. એક હલવૈની દુકાન છે, જ્યાં શ્રીહરિ મીઠાઈ જમતા. ઘરની પાછળ શિવમંદિર છે. જ્યાં તેઓ બપોરે સુવા જતા. અયોધ્યાની ગલીઓ, મંદિરો એ બધી જ શ્રીહરિની રમણભૂમિછે. સરયૂ કિનારાનો રામઘાટ પ્રસિદ્ધ છે. તે ઘાટ પરથી જ બાળપ્રભુને વનવિચરણના પ્રારંભના જ દિવસે કૌશિક નામના અસુરે ધક્કો મારીને સરયૂ નદીમાં ફગાવી દીધા હતા.

તુલસીદાસે જ્યાં બેસીને 'રામચરિત માનસ' ની રચના કરી હતી તે 'તુલસીચોરા' વગેરે અનેક ઐતિહાસિક અને દિવ્ય ઘટનાઓ આ નગરી સાથે જોડાયેલી છે. અહીં અન્ય દર્શનીય સ્થાનોમાં સ્વર્ગદ્વાર તથા નાગેશ્વરનાથનું મંદિર છે. જેમાં રામચંદ્ર ભગવાનના પુત્ર કુશે નાગેશ્વરનાથની મૂર્તિ પધરાવી છે, એવું કહેવાય છે. આ સ્વર્ગદ્વારના ઘાટ ઉપર યાત્રીઓ પિંડદાન કરે છે. રામઘાટ, સ્વર્ગદ્વાર, રામકોટ, દર્શનેશ્વર વગેરે અનેક મંદિરો અતિ દર્શનીય છે. અયોધ્યાથી દક્ષિણે ૧૬ માઇલ દૂર ભરતજીએ રામની પાદુકા પૂજી હતી તે સ્થળ 'નંદીગ્રામ' પણ દર્શનીય છે. આમ આ તીર્થનો અપાર મહિમા છે.

# તા. ૧૭-૧૧-૦૬ કારતક વદ - ૧૨, શ્રીરામજન્મ ભૂમિ અયોધ્યા (ઉત્તરપ્રદેશ રાજ્ય)




૧૨.૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર એટલે કે ધર્મ-ભક્તિ અને રામાનંદ સ્વામીનું નિવાસસ્થાન છે ત્યાં આવ્યા. પૂ. સ્વામીશ્રીએ અયોધ્યા નગરીનો મહિમા તેમજ બાળપ્રભુએ અયોધ્યામાં કરેલ અનેક દિવ્યચરિત્રોનું તમામયાત્રિકોને રસપાન કરાવ્યું હતું. શિખરબધ્ધ મંદિરના દર્શન કરી પ્રસાદીની હલવાઈની મીઠાઈ દુકાનના દર્શન કર્યા. ત્યાંથી મંદિરની પાછળ શિવમંદિર છે જ્યાં બાળપ્રભુ બપોરે સુવા જતા અને વિષયી કાયસ્થના કામભાવને જોતા તેના દર્શન કરી શ્રીરામ જન્મભૂમિ, હનુમાનગઢી, કનકભુવન, કોપભુવન વગેરેના ભાવથી દર્શન કરીને પૂ. સંતો નંદીગ્રામમાં જ્યાં ભરતજીએ તપશ્ચર્યા કરી હતી ત્યાં ભરત મંદિરના દર્શન કર્યા. બરાબર ૦૭.૩૦ કલાકે ફૈઝાબાદ રેલ્વે સ્ટેશને પહોંચી તમામ યાત્રિકોએ રસોઈની સેવામાં રહેલ સંતો-હરિભક્તોએ ભાવથી બનાવેલ ઠાકોરજીનો મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. રાત્રિના ૧૦.૦૦ કલાકે ટ્રેન ત્રિવેણી સંગમસ્થાન પ્રયાગરાજના માર્ગે આગળ ધપી હતી.


## શ્રીરામજન્મ ભૂમિ અયોધ્યા માહાત્મ્ય...

પુરાણયુગથી પ્રસિદ્ધ અયોધ્યા નગરીમાં સમૃદ્ધિની છોળો ઊછળતી. જેની સ્થાપના મનુમહારાજે કરી હતી. સ્કંદ પુરાણ કહે છે : 'અયોધ્યાનગરી સુદર્શન ચક્ર ઉપર વસેલી નગરી છે. બ્રહ્મા, શિવ અને વિષ્ણુ આ ત્રણેનું સમન્વિત સ્વરૂપ એટલે આ પવિત્ર નગરી. અહીનો બ્રહ્મકુંડ બ્રહ્માએ બનાવ્યો હતો અને આ જ કુંડ પાસે આવેલા ઋષમોચન તીર્થમાં લોમશઋષિએ સ્નાન કર્યું હતું. ઈશ્વાકુ રાજા અને દિલીપ રાજા જેવા સમર્થ રાજવીઓ અહીં રાજ્ય કરી ગયા. અહીં સૂર્યવંશી રાજા દશરથને ત્યાં મર્યાદા પુરુષોત્તમ રામ ત્રેતાયુગમાં પ્રગટ થયા, એમની જન્મભૂમિ આજે પણ ' રામ જન્મભૂમિ' તરીકે ઓળખાય છે. ભારતભરમાંથી લાખો યાત્રિકો અહીં દર વર્ષે 'રામલલ્લા' નાં દર્શન માટે ઊમટે છે. એમાંય રામનવમી-ચૈત્ર સુદ નોમના દિવસે તો અયોધ્યાની રોનક જ દિવ્ય બની જાય છે.

રામચંદ્રજીના દેહત્યાગ પછી આખી અયોધ્યાની પ્રજા વૈકુંઠ સિધાવી. તે પછી વિશ્વામિત્ર ઋષિના સહકારથી રામપુત્ર કુશે નગરી ફરીથી વસાવી પણ કાળક્રમે તે પણ ઉજ્જડ બની. એકવાર માલવપતિ વિક્રમાદિત્ય આ સ્થળે લશકર સાથે આવી ચડ્યા અને ઋષિઓને પૂછતાં આ સ્થળનો મહિમા સમજાયો. તેમણે ફરીથી આજનું અયોધ્યા વસાવ્યું. અને 'રામજન્મભૂમિ' પર સુંદર મંદિર તૈયાર કર્યું. પરંતુ મોગલ શાસકોની આક્રમણ ધર્માંધતાને કારણે તે મંદિર સહિત અનેક મંદિરો વારંવાર નષ્ટ થતાં રહ્યા. આખરે બાબરના ઉમરાવ મીર બાંકીએ સને ૧૫૨૮ માં એ ધર્મસ્થળે 'બાબરી' નામે ઓળખાતી મસ્જિદનો ઢાંચો ચણાવી દીધો. સેંકડો વર્ષોમાં અનેક હિન્દુ મહાત્માઓ, રાજાઓ, શૂરવીરો અને ભક્તો આ સ્થાન બચાવવા માટે કુરબાન થઈ ગયા. પણ 'રામજન્મભૂમિ' આજે પણ ટકી રહી છે. જ્યાં આજે લશ્કરી પહેરો રાખવામાં આવ્યો છે અને વિવાદાસ્પદ બાબરી ઢાંચો સને ૧૯૯૨ માં પાડી દેવામાં આવ્યો છે.


અનુસંધાન પાન નં. ૩૭ પર

## તા. ૧૮-૧૧-૦૬ કારતક વદ - ૧૩, ત્રિવેણી સંગમસ્થાન પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ રાજ્ય)



તા. ૧૮-૧૧-૦૬ના રોજ પ્રાતઃકાળે ૦૭.૦૦ કલાકે ટ્રેન જ્યાં યમુના-ગંગા-સરસ્વતી આ ત્રણે નદીનો સંગમ થાય છે તેવા પ્રયાગરાજ એટલે કે અલ્હાબાદ રેલ્વે સ્ટેશને પહોંચી હતી. દરેક યાત્રાળુઓ ચાલુ ટ્રેનમાં જ પૂજાપાઠ-નિત્યવિધિથી પરવારી ચૂક્યા હતા. પછી સર્વે યાત્રિકોને નાસ્તા-પાણી કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ અહિંયાથી પ્રયાગરાજના તીર્થસ્થાનના દર્શન તેમજ ત્રિવેણી સંગમમાં સમૂહ સ્નાન માટે ૧૮ લકઝરી બસો દ્વારા સહુ કોઈ રવાના થયા હતા.

### ત્રિવેણી સંગમસ્થાન પ્રયાગરાજ માહાત્મ્ય...

પ્રાચીન સમયથી પ્રયાગ નામે ઓળખાતી સપ્તપુરીમાંની આ નગરી હવે અલ્હાબાદ નામે ઓળખાય છે. સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ ગણાતા આ તીર્થમાં બ્રહ્માજીએ યજ્ઞો કર્યા હતા, તેથી તે પ્રયાગ કહેવાયું. આ સોમ, વરુણ અને પ્રજાપતિનું જન્મસ્થળ પણ કહેવાયું છે.

યજ્ઞસ્થાનો, દશાશ્વમેધ ઘાટ તથા પ્રાચીન અક્ષયવટ યાત્રિકો માટેનાં દર્શન સ્થાન છે અને ત્રિવેણીસંગમમાં સ્નાન એ આવશ્યક મનાય છે.

અક્ષયવટ બહુ જ પ્રાચીન વડ છે. કહે છે કે પ્રલય સમયે આ વડના પત્ર ઉપર ભગવાન બાલમુકુંદ પોઢે છે. ત્રિવેણી સંગમ પાસેના જૂના કિલ્લામાં નીચે ગુફા છે. આ ગુફાને પ્રયાગવડની ગુફા કહે છે. આ ગુફામાં શ્રીજીમહારાજ પધાર્યા હશે એમ અપ્રસિદ્ધ 'વચનામૃત'માં આ ગુફાના ઉલ્લેખ ઉપરથી જણાય છે.

અહીં ગંગાજી, યમુનાજી તથા અંતઃસલિલા સરસ્વતીનો સંગમ થાય છે એટલે આ 'મુક્ત ત્રિવેણી' ને નામે ઓળખાય છે. ફરી બંગાળમાં ત્રણે નદીઓ જુદી થઈ જાય છે. આ એક કુદરતી ચમત્કાર છે. તે જોઈ લોકો મુગ્ધ બની જાય છે. પુરાણની કથા પ્રમાણે જ્યારે ગંગાજી અહીં પધાર્યાં ત્યારે યમુનાજી અર્ઘ્ય લઈ સન્માન કરવા ગયા. ગંગાજીએ કહ્યું કે 'હું તારામાં સમાઈશ તો તારા મહામોટા મહિમાને લઈને મારું નામ ભુલાઈ જશે.' એટલે યમુનાજીએ કહ્યું કે 'એવી બીક ન રાખીશ, હું તારામાં સમાઈ જઈશ.' એ પ્રમાણે લગભગ ૪૦૦ ગાઉ સુધી યમુનાજી ગંગાના વહેણમાં સમાયાં, જે ગંગા તરીકે જ ઓળખાય છે.

આ ત્રણે નદીઓનો સંગમ ૐકારથી સંબંધિત પણ માનવામાં આવ્યો છે. એવું પુરાણ - વચન છે :-

अकारः शारदा प्रोक्ता प्रद्युम्नस्तत्र जायते ।<br>
उकारो यमुना प्रोक्तानिरुद्धस्तज्जलात्मकः ॥<br>
मकारो जाह्ववी गंगा तत्र संकर्षणो हरिः ।<br>
एवं त्रिवेणी विख्याता वेदबीजं प्रकीर्तिता ॥

અર્થાત્ અ, ઉ અને મ્ અનુક્રમે સરસ્વતી, યમુના અને ગંગાના દ્યોતક છે,

અને ત્રણેનું જળ અનુક્રમે પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ એવા શ્રીહરિનું પ્રતીક છે !

અહીં જ રહીને ભગવાન વેદવ્યાસે શિવપુરાણ રચ્યું હતું એમપણ કહેવાય છે. ભરદ્વાજ આશ્રમ, બિંદુ માધવ, વેણી માધવ, નાગવાસુકી વગેરે સ્થળો પવિત્ર છે. એ સર્વે આ નગરીની પ્રાચીનતા અને પવિત્રતા દર્શાવે છે. જ્યારે દેવ - દાનવોએ સમુદ્રમંથન કર્યું, ત્યારે અંતે અમૃતકુંભ પ્રગટ થયો કુંભને વિરાટસ્વરૂપે ભગવાનના આશીર્વાદથી પ્રગટેલો માની, તેમાં અમૃત ભરેલું હોવાથી બ્રહ્માદિ ત્રણે દેવો તેમાં પ્રતિષ્ઠિત માનવામા આવે છે. બાર આદિત્ય, બાર માસ, બાર રાશિ, એકાદશ રુદ્ર, દશ ઈન્દ્રિયો, અગિયાર વામન અને આઠ વસુ તેની અંદર નિવાસ કરે છે, આવું માહાત્મ્ય જાણી ઈન્દ્રનો પુત્ર જયંત તે લઈને ભાગ્યો. દાનવો બાર દિવસ અને બાર રાત સુધી તેની પાછળ દોડ્યા. આખરે જયંત પકડાયો. ત્યાં વિષ્ણુ ભગવાન મોહિનીરૂપે પ્રગટ થયા. અને અસુરોને મોહ પમાડી અમૃત દેવોને વહેંચી દીધું. પરંતુ કુંભ માટેની દેવ - દાનવોની ખેંચતાણમાં કુલ ચાર જગાએ કુંભ પડી ગયો, તે પવિત્ર સ્થળો એટલે હરદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈન. અમૃતની વહેંચણી સમયે કુંભમાંથી અમૃત ટપકી ન જાય તેનું ધ્યાન ચંદ્ર રાખતા હતા, અને કુંભ ફુટી ન જાય તેનું ધ્યાન સૂર્ય રાખતા હતા, બૃહસ્પતિ અર્થાત્ ગુરુ કુંભનું રક્ષણ કરતા હતા, તેથી ચંદ્ર, સૂર્ય અને ગુરુનો અમુક - અમુક યોગ આવતા ઉપરોક્ત તીર્થોમાં કુંભસ્નાન કરવાનો મહિમા છે. અને આ તમામ સ્થળોએ ભવ્ય કુંભ મેળો પણ યોજાય છે, અને લાખો યાત્રિકો કુંભસ્નાન માટે ઊમટે છે.

દર બાર વર્ષે ચૈત્રમાં હરદ્વારમાં કુંભમેળો થાય જેમાં ગુરુ કુંભ રાશિમાં અને સૂર્ય મેષ રાશિમાં હોય છે. ત્યાર પછી ત્રણ વર્ષે પ્રયાગમાં માઘ માસમાં અર્ધકુંભ યોજાય, જેમાં ગુરુ વૃષભ રાષિમાં અને સૂર્ય મકર રાશિમાં હોય છે. એ પછીના છ વર્ષે નાસિકમાં શ્રાવણ માસમાં 'કુંભ' ભરાય છે, જેમાં ગુરુ સિંહ રાશિ અને સૂર્ય પણ સિંહ રાશિમાં હોય છે ! અને એ પછી આઠ મહિને ચૈત્રમાં ઉજ્જૈન ખાતે ક્ષિપ્રા નદીને કિનારે કુંભમેળાનું આયોજન થાય છે. જેમાં સૂર્ય મેષ રાશિમાં સંક્રાન્ત થાય છે, ને ગુરુ સિંહ રાશિમાં હોય છે.

આ નિશ્ચિત સમયગાળો ભારતીય ગ્રહગણિતના આધારે રાખવામાં આવ્યો છે. જેમાં સૂર્ય, ચંદ્ર અને ગુરુનું સ્થાન મહત્ત્વનું છે. જેમ પૃથ્વીને સૂર્યનું પરિભ્રમણ કરતાં ૧ વર્ષ એટલે કે ૩૬૫ દિવસ થાય છે, તેમ ગુરુને સૂર્યનું પરિભ્રમણ કરતાં બાર વર્ષ લાગે છે. પૃથ્વીના સમય પ્રમાણે સૂર્ય વર્ષમાં એક માસ એક રાશિમાં રહે છે, જ્યારે ગુરુ બાર વર્ષમાં એક રાશિમાં એક વર્ષ રહે છે. આથી જ્યારે ગુરુ અને સૂર્ય ઉપરોક્ત રીતે અમુક રાશિમાં હોય ત્યારે કુંભમેળાનું આયોજન ભવ્યતાથી સાકાર કરવામાં આવે છે.

પ્રયાગનું મહત્ત્વ ચંદ્રગુપ્ત અને હર્ષવર્ધનના સમયમાં ખૂબ જ હતું. સમ્રાટ હર્ષવર્ધન તો કુંભમેળામાં દર બાર વર્ષે ઉપસ્થિત રહેતાં. પરંતુ મુગલ શાસનકાળમાં સમ્રાટ અકબરે (સને ૧૫૫૬ - સને ૧૫૮૫) તેનું નામ 'અલ્લાહબાદ' રાખ્યું ત્યારથી બંને નામે પણ આ તીર્થ પ્રસિદ્ધ થયું.




ત્રિવેણી સંગમ સ્થાન

પ્રયાગરાજમાં ટ્રેનયાત્રા...

સર્વ પ્રથમ જ્યાં ભરતજી ભગવાન શ્રી રામચંદ્રજીને મળવા માટે જતાં હતા ત્યારે ભારદ્વાજમુનિએ ભરતજીના સન્માન-સ્વાગતમાં મહેલો પોતાની યોગકળાથી ઊભા કર્યા હતા, પરંતુ ભરતજીએ એક તૃણની કુટિરમાં રાત્રિનિવાસ કર્યો તેવા ભારદ્વાજ મુનિના આશ્રમના દર્શન કર્યા. અહિં પૂ. સ્વામીશ્રીએ પોતાની આગવી ભાવવાહી શૈલીમાં ભરતમિલાપ ચરિત્રની કથાનું રસપાન સર્વે યાત્રિકોને કરાવ્યું હતું. ત્યાંથી યમુના-ગંગા-સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સમૂહ સ્નાન કરવા ગયા. કિનારેથી નૌકાવિહારમાં ધૂન-કીર્તન કરતાં કરતાં જ્યાં ત્રણે નદીઓનું સંગમ થાય છે ત્યાં પહોંચ્યા. આ સંગમનો વિસ્તાર વિશાળ સમુદ્ર જેવો લાગે છે. પૂ. સ્વામીશ્રીએ ઠાકોરજીનો અભિષેક પંચામૃત જળ અને કેસરયુક્ત જળથી કર્યો. સર્વે સંતો-ભક્તો ઉપર અભિષેકના જળનો છંટકાવ કર્યો. પછી સર્વેએ સ્નાન કર્યું. ત્યાંથી ત્રિવેણી સંગમથી દૂર સૂતા હનુમાનજી મંદિર, અક્ષયવડ, અશોક કીલ્લો વગેરેના દર્શન કરી આપણાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સહુ દર્શનાર્થે આવ્યા. ત્યાંથી દર્શન કરી સહુ ભક્તજનો બરાબર ૦૪.૦૦ વાગ્યાના સુમારે રેલ્વે સ્ટેશને પહોંચી ગયા હતા. સાંજે સંધ્યા આરતી અને નિત્યનિયમ કરી સર્વેએ ઠાકોરજી જમાડ્યા. ત્યારબાદ ૦૮.૦૦ કલાકે ટ્રેન કાશી તરફ આગળ વધી હતી.

# તા. ૧૯-૧૧-૦૬ કારતક વદ - ૧૪, મોક્ષદાયિની નગરી કાશી-બનારસ (ઉત્તરપ્રદેશ રાજ્ય)



તા. ૧૯ના રોજ પ્રાતઃકાળે ૦૬.૦૦ કલાકે ટ્રેન સાત મોક્ષદાયિની ગણાતી નગરીઓમાં મુખ્ય નગરી એવી કાશી-બનારસ રેલ્વે સ્ટેશને પહોંચી હતી. તમામયાત્રિકો સ્નાનાદિક નિત્યવિધિથી પરવારી ચૂક્યા હતા. પછી સર્વે યાત્રિકોને નાસ્તા-પાણી કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ અહિંયાથી કાશી-બનારસ ક્ષેત્રના તીર્થસ્થાનોના દર્શનાર્થે ૧૮ લકઝરી બસો દ્વારા તમામ યાત્રિક ભક્તજનોએ પ્રયાણ કર્યું હતું.

## મોક્ષદાયિની નગરી કાશી-બનારસ માહાત્મ્ય...

સાત મોક્ષદાયિની ગણાતી નગરીઓમાં કાશી મુખ્ય ગણાય છે. તેને દેવનગરી પણ કહે છે, તેથી જ કાશીનું મરણ પ્રશંસા પામ્યું છે. હિન્દુઓ માટે આ નગરી અતૂટ ધાર્મિકતા, પવિત્રતા, પુણ્ય અને વિદ્યાનું સ્થાનક છે. અનેક હિન્દુ સંપ્રદાયો ઉપરાંત બોદ્ધ ધર્મના સિદ્ધાંત પણ આ જ ધરતી પર ઉદ્‌ઘોષિત થયા હતા. ગૌતમબુદ્ધે ગયામાં 'સંબોધિ' જ્ઞાન પ્રાપ્ત કર્યું અને વારાણસીના સારનાથમાં આવીને ધર્મચક્રનું પ્રવર્તન કર્યું હતું. આમ આ નગર આર્યોની સંસ્કૃતિની અનેક લીલાઓનું કેન્દ્ર સ્થાન બની ચૂક્યું હતું. આ પૌરાણિક નગરીનો ઉલ્લેખ અનેક પુરાણોમાં આવે છે. સ્કંદપુરાણમાં કાશીની કથા આપવામાં આવી છે.

બ્રહ્માજી પર ક્રોધે ભરાયેલા શિવજીએ બ્રહ્માનું માથું (કપાલ) કાપી નાખ્યું પણ તે નીચે પડવાને બદલે શિવજીની હથેળી સાથે ચોંટી ગયું. એ પછી શિવજી 'કાપાલી' તરીકે ઓળખાયા. શિવજીએ અનેક તીર્થો કર્યાં પણ બ્રહ્મહત્યા તો વળગેલી જ રહી. છેવટે કાશી આવ્યા અને મસ્તક હથેળીમાંથી છૂટું પડી ગયું. જે સ્થળે આ ઘટના બની તેને કપાલમોચન તીર્થ તરીકે સૌ ઓળખે છે. શિવજીએ આ સ્થળે જ કાયમ નિવાસ કરવા વિષ્ણુની સંમતિ માગી. આથી તેમને પણ હર્ષનાં આંસુ આવી ગયાં. તે બિંદુ જયાં પડ્યાં ત્યાં આજે 'બિંદુ સરોવર' વિદ્યમાન છે.

ભગવાન વિષ્ણુએ સૃષ્ટિસર્જન સત્વરે શક્ય બને તે માટે શિવનું ધ્યાન કરવા માંડ્યું. તેમના પરિશ્રમને કારણે તે સમયે અનેક જળધારા વહેવા લાગી. વિષ્ણુ જાગ્યા. પાણી જોઈ માથું ધુણાવતા આશ્ચર્ય વ્યક્ત કરવા લાગ્યા. ત્યારે તેમના કાનનો એક મણિ પડી ગયો. એ સ્થાન એટલે 'મણિકર્ણિક' અને જળધારાથી છલકાયેલો પ્રદેશ એટલે કાશી. જે ડૂબી ન જાય તે માટે શિવજીએ કાશીને ત્રિશૂળની અણીએ ધારણ કરી રાખી. તે આલોકમાં કર્મનો નાશ કરનાર અને જ્ઞાનનો પ્રકાશ આપનાર નગરી તરીકે પ્રસિદ્ધ થઇ તેથી તેને 'કાશી' કહેવામાં આવે છે.

અહીંનું જ્યોતિર્લિંગ શિવે જાતે જ સ્થાપ્યું હતું, અને તેનું નામ'અવિમુક્તેશ્વર' રાખ્યું હતું. આજે એ જ જગ્યા 'કાશીવિશ્વનાથ મહાદેવ' નામે પ્રસિદ્ધ છે. અને આ નગર વરણા અને અસિ એ બે નદીઓની વચ્ચેના વિસ્તારમાં વસ્યું હોવાથી 'વારાણસી' તરીકે પણ ઓળખાય છે. અને બનાર નામે રાજાએ વસાવ્યું તેથી બનારસ તરીકે પણ ઓળખાય છે.

મંદિર ઉપર આતતાયીઓનો જુલમ

અનેકવાર વરસતો રહ્યો. ઔરંગઝેબના આક્રમણ વખતે વિશ્વનાથ મહાદેવનું લિંગ બાજુના ઊંડા કૂવામાં કૂદી પડ્યું, એ કૂવો 'જ્ઞાનવાપી' તરીકે ઓળખાય છે. આ મંદિરનો નાશ ઓછો હોય તેમ ઔરંગઝેબે મંદિરને અડીને જ એક મસ્જિદ ખડકી દીધી. જે આજે પણ છે. આ બનાવવામાં હિન્દુત્વનું, હિન્દુ દેવતાનું અને હિન્દુ પ્રજાનું કાયમમાટે અપમાન કરાવવાનો જ દુરાશય હતો.

ઔરંગઝેબની સેના ગયા પછી ભક્તોએ શિવલિંગ જ્ઞાનવાપીમાંથી કાઢી ફરી પ્રતિષ્ઠા કરી મંદિર બચાવી લીધું. વચ્ચેના લગભગ ૮૦ વર્ષો સુધી કાશીમાં સંજોગો અનુસાર શિવલિંગ એક જગાથી બીજી જગાએ લઈ જઈ પૂજવામાં આવતું. પણ મંદિરના મૂળસ્થાને જ નવું મંદિર કરાવી મહારાણી અહલ્યાબાઈએ (સને ૧૭૨૮-૧૭૯૪) લિંગની પુનઃપ્રતિષ્ઠા કરાવી. મંદિર ઉપરનું શિખર પંજાબ કેસરી રણજિતસિંહે સોનાથી મઢાવ્યું હતું.


કાશી ગંગા કિનારે વસ્યું હોવાથી યાત્રિકોની સ્નાન સુવિધા માટે જુદા જુદા ઈતિહાસો સાથે ઘણા ઘાટ અહીં રચાયેલા છે. અને ૧૫૦૦થી વધુ મંદિરો આ નાનકડા શહેરને વધુ તીર્થત્વ આપી રહ્યાં છે.

સ્કંદપુરાણ કહે છે : 'विद्यानां सदनं काशी' કાશી ભારતભરમાં મોટામાં મોટું વિદ્યાકેન્દ્ર ગણાતું હતું. આજે વિશ્વમા સૌથી મોટી હિન્દુ યુનિવર્સિટી એટલે કાશીમાં આવેલી બનારસ હિન્દુ યુનિવર્સિટી છે ! વળી, અહીં માનસમંદિર, વેધશાળા, સુવર્ણમંદિર, ભારતકળા ભુવન, દુર્ગાકુંડ, દશાશ્વમેધઘાટ, મણિકર્ણિકાઘાટ, ગૌઘાટ, વગેરે ૫૧ ઘાટ ઉપર અનેક દર્શનીય સ્થાનો છે. થોડે દૂર બોદ્ધ તીર્થધામ સારનાથ પણ અહીં જ આવેલું છે.

ભક્તિ સાહિત્યના અનન્ય ભક્તોનો નિવાસ આ તીર્થમાં હતો. જેમાં કબીરજી, રૈદાસ, તુલસીદાસ વગેરે મુખ્ય હતા. ગૌમઠમાં ભગવાન સ્વામિનારાયણે માત્ર ૧૧ વર્ષની ઉંમરે ઘનશ્યામસ્વરૂપે વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરીને 'વિશિષ્ટાદ્વૈત' મતની સ્થાપના કરી હતી. આવી આ નગરીએ આજે પણ પોતાનું પૌરાણિક ગૌરવ જાળવી રાખ્યું છે.

## મોક્ષદાયિની નગરી કાશી-બનારસમાં ટ્રેનયાત્રા...

કાશી વિશ્વનાથના દર્શનાર્થે સર્વે યાત્રિકો બરાબર ૦૭.૦૦ કલાકે પહોંચ્યા હતા. ત્યાં વિશ્વનાથ મહાદેવના દર્શન સર્વેએ ખૂબ ભાવથી કર્યા. સોનાના શિખર યુક્ત વિશ્વનાથજીનું મંદિર શોભી રહ્યું છે. ત્યાંથી જ્યાં પાર્વતીજીની કાનની મણી પડી તેવું મર્ણિકર્ણિકા ઘાટથી નાવમાં બેસી ગંગા નદીના સામે કાંઠે ગયા. અહિંયા જનમંગલ સ્તોત્ર



મોક્ષદાયિની નગરી કાશી-બનારસમાં ટ્રેનયાત્રા...

અને વેદમંત્રોના ઉચ્ચાર સાથે ઠાકોરજીનો અભિષેક કર્યો હતો. પૂ. સંતો-ભક્તો ઉપર અભિષેકના જળથી છંટકાવ કરવામાં આવ્યો. ત્યાંથી ફરીથી નૌકાવિહાર કરીને ગંગાના કિનારા પર રહેલા સર્વે ઘાટોના દર્શન કરતા કરતા ગાયઘાટથી નાવથી નીચે ઉતરીને નજીકમાં આવેલ આપણાં શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન દેવોના દર્શન તમામ યાત્રિકોએ ભાવપૂર્વક કર્યા. મંદિરમાં નિવાસ કરતા પૂ. સંતોએ યાત્રિક સંતો-ભક્તોનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું. ત્યાંથી તુલસી માનસ મંદિર, સંકટમોચન શ્રી હનુમાનજીના દર્શન કરી સહુ કોઈ દર્શન બપોરે ૦૩.૦૦ કલાકે પરત રેલ્વે સ્ટેશને આવ્યા હતા. ત્યાં ઠાકોરજી જમાડીને તૃપ્ત થઈ થોડીવાર વિશ્રાંતી લઈ કાશી-બનારસના ખરીદી બજાર સેન્ટરમાં યાત્રિકો યાત્રા યાદગાર ભેટ માટે ગયા હતા. ત્યારપછી સાંજે ૦.૭.૦૦ કલાકે સ્ટેશન પર સંધ્યા આરતી, નિત્ય નિયમઆદિક કરીને ૧૦.૦૦ કલાકે ટ્રેને ગયાજીના માર્ગે પ્રયાણ કર્યું હતું.

અનુસંધાન પાન નં. ૨૭ પરનું

ત્યારબાદ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીએ સર્વે યાત્રિકોને આશીર્વાદાત્મક સંદેશો સંભળાવીને પૂ. સંતોના કોચમાં પધરામણી કરી વિદાય થયા હતા. અમદાવાદના હરિભક્તો દ્વારા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તોનું ફૂલમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ યાત્રિકોએ ટ્રેનમાં પોતપોતાનું સ્થાન લઈ લીધું. ચાલુ ટ્રેને વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે ફોન દ્વારા આશીર્વાદ આપતા કહ્યું : વ્હાલા યાત્રિકો ! તમો તીર્થયાત્રામાં જઈ રહ્યા છો ત્યારે એક ભલામણ કરું છું કે, જ્યાં જ્યાં દર્શન કરો ત્યાં શ્રીજીમહારાજની સ્મૃતિ સહિત દર્શન કરજો અને અમોને પણ યાદ કરજો. ત્યારબાદ અમદાવાદ સ્ટેશનથી ટ્રેન આગળ ધપવા લાગી હતી.

## તા. ૨૦-૧૧-૦૬ કારતક વદ - ૩૦, ગયાજી-બોદ્ધગયા ( બિહાર રાજ્ય)



વહેલી સવારના ૦૬.૩૦ કલાકે ટ્રેન પિતૃશ્રાદ્ધ માટે ઉત્તમતીર્થ ગણાતાં એવા ગયાજી ક્ષેત્રના રેલ્વે સ્ટેશને વિરમી હતું. અહિંયાથી ૭ કિ.મીના અંતરે આવેલા ગયાજી અને બોદ્ધગયાના તીર્થસ્થાનોના દર્શન કરવા માટે ૧૮ લકઝરી બસો દ્વારા સર્વે યાત્રિકો ગતિમાન થયા હતા.

### ગયાજી-બોદ્ધગયા માહાત્મ્ય...

પિતૃશ્રાદ્ધ માટે આ અતિ પવિત્ર સ્થાન અને વૈષ્ણવોનું આ તીર્થ બિહારમાં પટનાથી ૧૫૧ કિ.મી. દૂર આવેલું છે. વાયુ પુરાણમાં આ તીર્થસ્થાનનું માહાત્મ્ય એ રીતે દર્શાવાયું છે કે સઘળા પિતૃઓ આ સ્થાનમાં જ વસે છે અને તેમના વંશજ અહીં ફક્ત ફલ્ગુ નદીના જળનો સ્પર્શ કરે એટલામાં પિતૃઓ મોક્ષ પામે છે.

આ તીર્થનો કથાસાર ઘણો રસપ્રદ છે.

ગયા નામે એક અસુર હતો. તેણે કોલાહલ નામે પર્વત પર હજારો વર્ષ તપ કરી વિષ્ણુ પાસે વરદાન મેળવ્યું કે હું દેવો, ઋષિઓ, મંત્રો બધા કરતાં વધુ પવિત્ર થઈ જાઉં. આ વરદાન મળતાં જ તે જે કોઈ પાપી - પુણ્યશાળીને સ્પર્શે તે સ્વર્ગમાં જ જવા લાગ્યા. યમરાજને ચિંતા થઈ કે મારા નર્કકુંડ ખાલી જ રહેશે કે શું ? તેમણે દેવતાઓ અને ભગવાન વિષ્ણુને આ અંગે જણાવી નિવેદન કર્યું કે પાપીનો નિવાસ તો નરકમાં જ જોઈએ. ભગવાન વિષ્ણુએ ગયાસુરને સમજાવ્યું. તેણે હાથ જોડ્યા અને કહ્યું :'તો પ્રભુ, હું આપની શી સેવા કરુ?' વિષ્ણુએ કહ્યુ : 'તપથી તારું તન પવિત્ર થયું છે તેથી તેના પર અમારે યજ્ઞ કરવો છે, તું શરીરનું દાન કર.' તેણે શરીર આપ્યું. યજ્ઞ આરંભાયો. પણ તેનું મસ્તક હાલતું હતું તેથી દેવતાઓએ તેના પર ધર્મશિલા મૂકી. છતાં હાલ્યું. તેથી સ્વયં વિષ્ણુ તેના પર બિરાજ્યા. વિષ્ણુએ પ્રસન્ન થઈ તેને વર માગવા કહ્યું. ગયાસુરે વર માગ્યો કે યાવચ્ચંદ્રદિવાકરૌ - જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર તપે છે, ત્યાં સુધી બધા દેવો મારા તન પર આમને આમ બિરાજે, વળી આ ભૂમિ મહાતીર્થ બને. અહીં દાન - પુણ્ય કે તર્પણ કરનારને અન્ય તીર્થ કરતાં અધિક ફળ મળે. અને હજારો કુળનો ઉદ્ધાર થાય. વિષ્ણુએ 'તથાસ્તુ' કહ્યું ને એ પ્રમાણે આ ગયાતીર્થનો મહિમા વધ્યો.

ડો. રાજેન્દ્રલાલ મિત્રનો મત એ છે કે આ કથા બોદ્ધધર્મના નાસ્તિક અંશ ઉપર બ્રાહ્મણવાદના આસ્તિકવાદનો વિજય સૂચવે છે, તો અન્ય અભ્યાસકો માને છે કે ફલ્ગુનો તટ પ્રદેશ ગંગા - યમુનાના તટપ્રદેશની જેમ પવિત્ર માનવામાં નહોતો આવતો, તેથી આ ગાથા દ્વારા તે તટ પ્રદેશનો મહિમા વધારવામાં આવ્યો છે.

અહીં રામશિલા, પ્રેતશિલા, વૈતરણી, બાગેશ્વરી, બ્રહ્મકુંડ વગેરે મહત્ત્વનાં સ્થાનો છે.

વસિષ્ઠ ધર્મસૂત્ર લખે છે કે ગયામાં પોતાના પિતૃઓને ભોજન કરાવીએ તો પુત્રપ્રાપ્તિ થાય છે, તો વિષ્ણુધર્મ સૂત્ર કહે છે કે અહીં આપેલું દાન અક્ષય ફળ અપાવે છે - આ ઉપરાંત અત્રિસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, શંખ અને લિખિતની સ્મૃતિઓ બધે જ ગયાનું માહાત્મ્ય



વિષ્ણુપદ મંદિર :

ગયામાં ફલ્ગુ નદીના કિનારા ઉપર આવેલું આ ઘણું જ વિશાળ મંદિર છે. અહીં ભગવાનના ચરણચિહ્ન છે. બીજું ગદાધર ભગવાનનું મંદિર છે. આ મંદિરમાં વિષ્ણુ ભગવાનની ચતુર્ભુજ સ્વરૂપની મૂર્તિ છે. એ ઉપરાંત આદિ ગયા પ્રાચીન તીર્થ છે. સીતાકુંડ અથવા રામગયા, રામશિલા, વૈતરણી સરોવર, ભીમગયા, વૈતરણીની પાસે બ્રહ્મસરોવર ઈત્યાદિ ઘણા દર્શનસ્થાનો છે. અહીં ફાગણ માસમાં સ્નાનનો મહિમા છે. અહીં પિતૃઓનું તો તર્પણ થાય જ છે, પણ વ્યક્તિ પોતાનું પિંડદાન પણ પોતે કરી શકે છે. શ્રાદ્ધતર્પણ માટે પાંચ કલાક જેટલો વિધિ કરાતો હોય છે. જેનું મુખ્ય સ્થાન છે વિષ્ણુપદ મંદિર. આ વિધિ ગયાવાલ બ્રાહ્મણો સિવાય કોઈ કરાવી શકતું નથી. આ મંદિરનું નિર્માણ ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈએ કરાવ્યું હતું.



બોધિગયા :

ગયાથી લગભગ ૭ માઈલ દૂર બુદ્ધગયા (કે બોધિગયા) આવેલું છે. જે ઉરુબેલા નામે ઓળખાય છે. અહીં બુદ્ધ ભગવાનનું વિશાળ મંદિર છે. આ મંદિર સમ્રાટ અશોકે બંધાવ્યું છે. તે'મહાબોધિ મંદિર' તરીકે ઓળખાય છે. મંદિરની પાછળ બોધિવૃક્ષ છે. જેની નીચે બુદ્ધ ભગવાન ૬ વર્ષ સુધી ધ્યાનમાં બેસતા. અહીં એમને 'સંબોધિત્વ' અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. અહીંથી થોડે દૂર જગ્યા છે જ્યાં બુદ્ધ ભગવાન તપશ્ચર્યા કરતા, એવું કહેવાય છે. અસલ બોધિવૃક્ષ તો નાશ પામી ગયું છે પરંતુ તે જ સ્થાનમાં નવું પીપલવૃક્ષ છે તેને બોધિવૃક્ષ તરીકે ત્યાંના વાસીઓ ઓળખાવે છે. આ વૃક્ષની નીચે આજે પણ ઘણા બોદ્ધ ભિખ્ખુઓ ધ્યાન કરે છે અને બુદ્ધના તપસ્યા સ્થાનમાં અસંખ્ય દિવાઓ પ્રગટાવી ભક્તિભાવથી અર્ચના કરે છે. મંદિરની વિશાળતા, સ્વચ્છતા, ધૂપદીપથી મહેકતી સુગંધી હવા અને ભજન - કીર્તનના તાલબદ્ધ સૂરોથી, આ સ્થાન વિશેષ રમ્ય જણાય છે. ઐતિહાસિક વૃક્ષની એક શાખા સમ્રાટ અશોકે ઈ.પૂ. ૨૫૦ માં શ્રીલંકા મોકલી હતી. જે કંડી નામે સ્થાનમાં વવાઈ.

બોધિવૃક્ષ નીચે એક શિલા ઉપર ભગવાન બુદ્ધનાં ચરણારવિંદ પથ્થરમાં કોતરેલાં હતાં. તેંના ઉપરથી બીજાં ઘણાં ચરણારવિંદ પાડી આપતા હતા. તેથી ચરણ પૂજવાની પ્રથા હશે તેવો ખ્યાલ આવે છે.



ગયાજી-બોદ્ધગયામાં ટ્રેનયાત્રા...

સર્વ પ્રથમ ભગવાન વિષ્ણુના મંદિરના દર્શન કર્યા. ત્યાંથી ફલ્ગુ નદીના જળ મસ્તકે ચડાવી ગયાજીમાં રહેલ અન્ય તીર્થોના દર્શન કરી ગયાજીથી ૭ માઈલ દૂર બોદ્ધગયા ગયા હતા. અહિંયા ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે બોધિવૃક્ષ, તળાવ અને તે સ્થાને બનાવવામાં આવેલ વિશાળ મંદિરના દર્શન કર્યા. બોદ્ધધર્મ આખી દુનિયામાં પથરાયેલ હોવાથી અનેક દેશના અહિં અલગ અલગ મંદિરો જોવા મળે છે. જેવા કે થાઈલેન્ડ, તિબેટ, ચીન, ડાઈજીકિયો, જાપાન વગેરે કલાત્મક મંદિરોના દર્શન કરી ૦૩.૦૦ કલાકે પરત ગયાજી રેલ્વે સ્ટેશને આવ્યા હતા. સર્વે ઠાકોરજીનો મહાપ્રસાદ જમીને પ્લેટફોર્મ ઉપર યોજાયેલ સત્સંગ સભામાં બિરાજમાન થયા હતા. સત્સંગ સભામાં પૂ. સ્વામીશ્રી આદિક સંતો-ભક્તોએ તીર્થ માહાત્મ્ય અને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. સત્સંગ સભાની પૂર્ણતા થયા બાદ બરાબર ૧૦.૦૦ કલાકે ટ્રેન ગંગાસાગર સંગમને મળવા કલકત્તાના માર્ગે આગળ ધપી હતી.

## તા. ૨૧-૧૧-૦૬ માગશર સુદ - ૧, ગંગાસાગર-કપિલાશ્રમ (પશ્ચિમબંગાલ રાજ્ય)



સંતો-ભક્તો દ્વારા ભજન-કીર્તન, ધૂનની રમઝટ અને પૂ. સ્વામીશ્રી તેમજ અન્ય સંતો દ્વારા કથા-વાર્તાનો લાભ લેતા લેતા કલકત્તાના હાવડા રેલ્વે સ્ટેશને ટ્રેન બપોરના ૧૨-૩૦ કલાકે પહોંચી હતી. આજે ચાલુ ટ્રેનમાં જ સર્વે યાત્રિકોને, સંતો-સ્વયંસેવકોના પુરુષાર્થથી તૈયાર કરવામાં આવેલ ઢેબરાં, શાક, દહિંનો ઠાકોરજીનો મહાપ્રસાદ જમાડીને તૃપ્ત કર્યા હતા. બપોરના ૦૧.૦૦ કલાકે હાવડા રેલ્વે સ્ટેશનથી ૧૮ લકઝરી બસો દ્વારા કલકત્તાથી ૧૩૦ કિ.મી દૂર ગંગાસાગરના તીર્થસ્થાને જવા માટે રવાના થયા હતા.

### ગંગાસાગર-કપિલાશ્રમ માહાત્મ્ય...

ગંગાસાગર ના મહાત્મ્યે લખાયું છે કે..... **'સર્વતીર્થેષુ યત્ પુણ્યમ્ સર્વદાનેષુ યત્ ભવેત્ । લભતે પુરૂષઃ સર્વમ્ સ્નાત્વા સાગર સંગમે ॥'**

સર્વે તીર્થોમાં સ્નાન કરવાથી જે પુણ્ય મળે છે તે સર્વે દાન કરવાથી જે પુણ્ય થાય છે તે સર્વે ફળ ગંગાસાગરે સ્નાન કરવાથી મળે છે.

જો કે ગંગા નદિ સર્વત્ર પરમપવિત્ર જ છે. છતા પણ હરિદ્વારે સપ્તધારા યુક્ત વહે છે પ્રયાગરાજે (અલ્હાબાદ) ત્રિવેણી સંગમ થાય છે. અને કાશીએ ગંગા ઉત્તર તરફ વહે છે. માટે આ ત્રણ સ્થાનનો મહિમા તો છે જ પણ તે જ ગંગા નદી જ્યારે સગર રાજાના ૬૦,૦૦૦ પુત્રોનો મોક્ષ કરી પોતાના પતિ એવા સાગરને મળવા જ્યારે ઉતાવળી બને છે ને બંનેનું જ્યાં મિલન-સંગમ થાય છે તેને જ ગંગાસાગર કહે છે ને તેનો મહિમા સર્વોત્કૃષ્ટ છે. તેથી જ કહેવાયું છે.

**'સર્વત્ર પાવની ગંગા ત્રીષુ સ્થાનેષુ દુર્લભા ।**
**ગંગાદ્વારે પ્રયાગે ચ ગંગાસાગર સંગમે ॥'**

શ્રીમદ્ ભાગવત અનુસાર અયોધ્યાના ઈક્ષ્વાકુ વંશના રાજા સગરના અશ્વમેધ યજ્ઞ પછી દિગ્વિજય અશ્વ પાછો ન આવતા રાજાના ૬૦,૦૦૦ પુત્રોએ તપાસ કરી ત્યારે તે અશ્વ કપિલ મુનિના આશ્રમે દેવરાજ ઈન્દ્રે બાંધેલ તે મુનિને ખ્યાલ ન હતો. સર્વે પુત્રોએ કપિલ મુનિને જ અશ્વચોર ગણી તેના પર ઘણા અત્યાચાર કર્યા. તેનાથી ક્રોધીત થઈ મુનિએ શ્રાપ આપી ૬૦,૦૦૦ પુત્રોને બાળીને ભસ્મીભૂત કર્યા. તેના ઉદ્ધારને અર્થે સગર રાજા તથા તેમના પૌત્ર અંશુમાને ઉપાયો શરૂ કરી સ્વર્ગમાંથી ગંગાજી લાવવા ભગીરથ સુધી આ પ્રયત્નો શરૂ રહ્યા ને અંતે ભગીરથ રાજાને તેમાં સફળતા મળી. સ્વર્ગના સુમેરૂ પર્વતથી ગંગાજી પૃથ્વીના કૈલાસ પર્વત ઉપર બિરાજીત ભોળા શંકરની જટામાં પ્રચંડ જળપ્રપાત સાથે જીલાઈ ત્યાંથી આગળ ચાલતા કપિલ મુનિના આશ્રમ સુધી આવી તે ગંગાજળ સગર પુત્રોની ભસ્મ ઉપર ફરી વળ્યા ને તેનો ઉદ્ધાર થયો ને પછી ગંગાજી સાગરમાં સમાઈ ગયા. તેથી જ આ સ્થળને ગંગાસાગર કહે છે. આમ ગંગાસાગર એ માત્ર ભૌગોલિક સ્થાન જ નથી પરંતુ ભારતની સંસ્કૃતિનું સંગમસ્થાન છે.

અહિં જ મહામુનિ કપિલજીનું મંદિર છે તે મંદિરમાં કપિલજીની વિશાલ સિંદુર

લગાડેલી લાલ પ્રતિમા છે. જેના ડાબા હાથમાં ગંગાના પ્રતિક રૂપે કમંડળ અને જમણા હાથમાં મોક્ષના પ્રતિક રૂપે જપમાળા છે. મસ્તક ઉપર પાંચ નાગ છે. જમણી બાજુ ખોળામાં ચતુર્ભુજા પતિત પાવની ગંગાની મૂર્તિ છે. બાજુમાં શાલીગ્રામ જેને વિષ્ણુ સ્વરૂપ માની પુજાય છે. બાજુમાં હનુમાનજીની મૂર્તિ, ડાબીબાજુ નવદેવીની મૂર્તિ તેની બાજુમાં ઈન્દ્રની મૂર્તિ દૃષ્ટિમાન થાય છે.

કપિલદેવ ભગવાન વિષ્ણુનો અવતાર છે. તેઓ સાંખ્ય યોગના પ્રણેતા છે. તેમનો જન્મ પ્રજાપતિ કર્દમ ઋષિ અને મનુકન્યા દેવહુતિથી ગુજરાતમાં આવેલ બિંદુ સરોવર આશ્રમમાં થયો હતો. અને ઉત્તર ગુજરાતે આવેલ સિદ્ધપુરે પોતાની માતા દેવહુતિને સાંખ્ય યોગનું જ્ઞાન આપેલું જે જ્ઞાન ''કપિલગીતા'' નામથી પ્રસિદ્ધિને પામેલું છે ખરેખર કપિલમુનિ ઘણાંજ સિદ્ધ પુરુષ હતા તેથીજ ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીના ૧૦ માં અધ્યાયમાં કહ્યું છે :-

**'સિદ્ધાનામ્ કપિલો મુનિઃ ।'** (ગીતા - ૧૦/૬)

તેથી જ તો દર વર્ષે ૫ લાખ થી વધારે શ્રદ્ધાળુઓ આ ગંગાસાગરે આવી આ કપિલજીના દર્શન કરે છે.

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ વનવિચરણ કરતા થકા ગંગાસાગર પધારી ત્યાં સ્નાન કરી ત્રણ દિવસ ત્યાં રોકાઈ મકર સંક્રાતિના મેળામાં હજારો લોકોને દર્શન આપીને પછી મહાપ્રભુ વર્ણી અહિં કપિલાશ્રમે પધાર્યા હતા. અહિં સાંખ્યના આચાર્ય કપિલમુનિના મંદિરે દર્શને આવ્યા ત્યારે ખુદ કપિલમુનિએ આનંદમાં આવી નીલંકઠવર્ણીની પૂજા કરી ત્યારે નીલકંઠવર્ણીએ તેને આશીર્વાદ આપ્યો કે 'તમારા સાંખ્ય દર્શનનો સમન્વય અન્ય દર્શનો સાથે કરી તમારા મતને અમે તમારા વિચારો પ્રમાણે પ્રવર્તાવીશું.''

તે સાંભળી કપિલમુનિને વધારે આનંદ થયો. વર્ણીને આ એકાંત સ્થાન ગમી ગયું તેથી વર્ણી ધ્યાન મગ્ન બની જતા. સાત સાત દિવસ સુધી અખંડ ધ્યાન નિલકંઠવર્ણીએ અહીં કર્યું છે. કુલ વર્ણી અહિં બે માસ જેટલું રોકાયા છે ને ઘણી દિવ્ય લીલાઓ કરી છે.

આજે પણ આ સ્થાનનો રસ્તો ઘણો વિકટ છે. તો ૨૦૦ વર્ષ પહેલા પધારેલા આપણા ઈષ્ટદેવે કેટલી અને કેવી આત્મનિષ્ઠાને ધારણ કરી હશે....!

ગંગાસાગર દક્ષિણ - પશ્ચિમગંગા અને બ્રહ્મપુત્રાના ત્રિકોણ પ્રદેશમાં આવેલા સાગર દ્વિપની દક્ષિણે આવેલું તીર્થ છે. સાગર દ્વિપ ત્યાંના સુંદર વનનો એક ભાગ છે. તે ૩૦ કિ.મી. લાંબો છે ને ૧૦ કિ.મી. પહોળો છે. ત્યાં જવા માટે કલકત્તાથી ૬૦ કિ.મી. દૂર આવેલા ડાયમંડ હાર્બર સુધી પહોંચી ત્યાંથી નતુન રસ્તે ૪૦કિ.મી. સુધી જઈ લટ નંબર ૮ માં ૪ કિ.મી. ગયા પછી બોટમાં બેસી જળમાર્ગે ૮ કિ.મી. ગયા પછી કચુબેડિયા નામના સ્થળે પહોંચાય છે. અને ત્યાંથી શરૂ કરી ૩૦ કિ.મી. પ્રવાસ કર્યા પછી દ્વિપના દક્ષિણ છેડે બંગાળ ની ખાડીને અડીને આવેલા ગંગાસાગર નામના તીર્થસ્થાને પહોંચાય છે. અહિંજ કપિલ મુનિનું મંદિર છે. ભૂમિ રસ્તા અને જળમાર્ગ રસ્તા દ્વારા થતી આ સફર ખુબજ પ્રાકૃતિક અને રોમાચંક છે. આ દ્વિપ ૫૦૦૦ વર્ષ પુરાણો છે.



ગંગાસાગર-કપિલાશ્રમમાં ટ્રેનયાત્રા...

કલકત્તામાં હુગલી નદી ઉપર અંગ્રેજો દ્વારા બનાવેલ વિશાળ પુલ પર પસાર થઈને બરાબર ૦૫.૦૦ કલાકે લટ નં. ૮ પર પહોંચ્યા હતા. પરંતુ આજે અમાસની ભરતી-ઓટ હોવાથી આ કાંઠેથી સામે કિનારે કોઈ સ્ટીમ્બર કે નાવ જવું મુશ્કેલ હતું. તેથી દૂરથી ગંગાસાગર સંગમ અને કપિલાશ્રમને પ્રણામ કરી પરત ૧૧.૦૦ કલાકે કલકત્તા રેલ્વે સ્ટેશને સહુ કોઈ આવ્યા હતા. બરાબર ૧૨.૦૦ કલાકે ટ્રેને જગન્નાથપુરીનો માર્ગ લીધો હતો.


**:: સંપૂર્ણ અંક લેખન/સંકલન ::**

સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. રાજુ ભગત

ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

**:: છબીકલા ::**

સુરેશ ભુવા. મો. ૯૮૯૮૭ ૬૬૭૦૬

શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સરધાર

અમિત પટેલ. મો. ૯૮૨૫૬ ૫૮૮૨૭

ક્રિષ્ના ડીજીટલ ફોટોગ્રાફી - સુરત

નીતિન પટેલ. મો. ૯૯૨૫૦ ૩૦૨૫૦


શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સુરત

**:: મુદ્રક ::**

શ્રીજી આર્ટ - અમદાવાદ

મો. ૯૮૭૯૬ ૦૬૬૮૬

## તા. ૨૨-૧૧-૦૬ માગશર સુદ - ૨, જગન્નાથપુરી-ભૂવનેશ્વર-સાક્ષીગોપાલ-કોનાર્ક (ઓરિસ્સા રાજ્ય)



કલકત્તાથી રાત્રિના ૧૨.૦૦ કલાકે રવાના થઈને તા. ૨૨ના રોજ બપોરના ૦૧.૩૦ કલાકે ટ્રેન ભારતભરના ચારધામ માંહેલું ધામ જગન્નાથપુરી પહોંચી હતી. પુરીધામમાં ત્રણ દિવસ રોકાણ હોવાથી રેલ્વે સ્ટેશનથી યાત્રિક ભક્તજનો પોતપોતાના જરૂરી સામાન સાથે ૧૮ લકઝરી બસો દ્વારા રવાના થયા હતા. ભગવાન શ્રી જગન્નાથ મંદિર નજીક સુંદર ધર્મશાળાઓમાં સર્વે યાત્રિક ભક્તજનોના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉતારા-પાણીની વ્યવસ્થા કરીને ભગવાન શ્રી જગન્નાથના દર્શન કર્યા હતા. ત્યારબાદ પૂ. સંતો અને સ્વયંસેવકો ભક્તો દ્વારા તૈયાર કરેલ ઠાકોરજીનો મહાપ્રસાદ આરોગી ધર્મશાળાના પટાંગણમાં યોજાયેલ વિશાળ સત્સંગ સભાનો લાભ લીધો હતો. આ સભામાં વિધિવત્ પૂ. સ્વામીશ્રી દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન કથામૃતનું સર્વે ભક્તોને આચમન કરાવાયું હતું. બરાબર ૧૧.૦૦ કલાકે સભા પૂર્ણ થઈ ને સર્વેએ વિશ્રાંતી લીધી હતી.

### જગન્નાથપુરી માહાત્મ્ય...

ચાર ધામોમાંનું આ એક યાત્રાનું મહત્ત્વનું ધામ, પૂર્વ તરફના સમુદ્ર કિનારા ઉપર ઓરિસ્સા રાજ્યમાં વસેલું છે. આ તીર્થની કથા એવી છે કે માળવાના રાજા ઈન્દ્રદ્યુમ્નને ભગવાન શ્રી નીલમાધવનાં દર્શનની ઈચ્છા હતી તેથી ચારે દિશામાં ઘણા બ્રાહ્મણોને મંદિર શોધવા મોકલ્યા. તેમા વિદ્યાપતિ નામે બ્રાહ્મણે એકવાર વિશ્વવસુ નામે વ્યક્તિને પૂજાસામગ્રી લઈ જતા જોયા. તેમના ઘરે રહી અનેક વિનંતી કરી વિદ્યાપતિની આંખે પાટા બાંધ્યા નીલમાધવનું સ્થળ આવ્યું ત્યારે આકાશવાણી થઈ જેમાં નીલમાધવ ભગવાનની આજ્ઞા થઈ કે ઈન્દ્રદ્યુમ્નને સમાચાર આપ ! વિદ્યાપતિ તો તત્કાળ ઊપડ્યો. જઈને રાજાને કહ્યું : 'રાજન્, આખરે એ મંદિર મળી ગયું છે!' રાજાએ વિદ્યાપતિ સાથે તત્કાળ કઠિયારાઓ મોકલ્યા, પોતે પણ સાથે જ જંગલમાં નીકળી પડ્યો. એવામાં ફરીથી આકાશવાણી થઈ : 'હે રાજા, તું મારાં દર્શન નહીં જ કરી શકે, જો તું એક હજાર અશ્વમેધ કરીશ તો તને નીલમાધવરૂપે નહીં પણ 'મહાદારુ' (લાકડા) રૂપે દર્શન દઈશ' રાજાએ તમામ અશ્વમેધ પૂર્ણ કર્યા. એવામાં સમુદ્રમાં 'મહાદારુ' તરતું હતું તે દેખાયું... એટલે તેમાંથી તેણે ભગવાન વિષ્ણુ, સુભદ્રાજી અને બલદેવજીની મૂર્તિઓ કરાવવાનું નક્કી કર્યું. તે વખતે વિશ્વકર્માએ સ્વયં સુથારના રૂપે રાજા પાસે આવી મૂર્તિ તૈયાર કરી આપવા કહ્યું, ને એક શરત કરી કે 'મૂર્તિઓ તૈયાર ન થાય ત્યાં સુધી મારા ઓરડામાં કોઈએ આવવું નહી' રાજાએ આ શરત કબૂલ કરી. થોડા વખતે તેને ઉત્સુકતા થઈ કે 'મૂર્તિઓ તૈયાર થઈ હશે કે કેમ?' તેણે બારણું ઉઘાડીને જોયું તો મૂર્તિઓ તૈયાર હતી, પરંતુ હાથ અર્ધા હતા. વિશ્વકર્મા તો અદૃશ્ય થઈ ગયા ! રાજાને ઘણું દુઃખ થયું પરંતુ આકાશવાણી થઈ કે 'આ જ સ્વરૂપમાં પ્રતિષ્ઠા કરીને અમારું પૂજન શરૂ કરો. અમારી ઈચ્છાથી જ આ બન્યું છે.' તેથી તે જ સ્વરૂપમાં મૂર્તિઓનું પૂજન શરૂ થયું.

આ ઉપરાંત અન્ય કથા એવી પણ મળે છે કે ઈન્દ્રદ્યુમ્ન રાજાએ તમામ અશ્વમેધ યજ્ઞ પૂરા કર્યા, પછી તેણે ઉત્કલપ્રદેશમાં મંદિર નિર્માણ પૂરું કરાવ્યું પ્રતિષ્ઠા માટે તેમને ખૂબ ચિંતા રહેતી. શાની મૂર્તિ બનાવવી ? એ

વિચારમાં ને વિચારમાં તેઓ રાજકાજ પણ ભૂલી જતા. એકવાર પંચરાત્ર શાસ્ત્ર પ્રમાણે ભગવાનનું પૂજન કર્યું તેથી પ્રભુ પ્રસન્ન થયા. રાજા જ્યારે સ્તુતિ કરીને સૂતા, ત્યારે ભગવાને તેમને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને આશીર્વાદ આપીને કહ્યું : 'તારી ચિંતા હું જાણું છું. તું સવારે સમુદ્ર કિનારે જઇશ, ત્યાં મહાવૃક્ષનાં દર્શન થશે. તેમાંથી તું આ મૂર્તિઓ બનાવી પ્રતિષ્ઠા કરજે...' રાજા તો સવારે એ મહાન્ વૃક્ષ જોઇ અચંબામાં પડી ગયો. જાતે જ કુહાડો લઇ વૃક્ષ પાડી નાખ્યું. વિશ્વકર્માએ સુંદર મૂર્તિઓ રચી, જે કૃષ્ણ, બલરામ અને સુભદ્રાજીની મૂર્તિઓ હતી. આજે આ ક્ષેત્ર પુરુષોત્તમક્ષેત્ર ગણાય છે. મૂર્તિઓની વિધિપૂર્વક રથયાત્રા, પૂજન અને દર્શન થાય છે, સૌને આ ઉત્સવમાં ભગવાનનાં અદ્ભુત દર્શન થાય છે.

જગન્નાથજી ઓરિસ્સાના રાજા કહેવાય છે. તેઓ ભીલોના ભગવાન અને દરિદ્રોના દેવ તરીકે પંકાયા છે. અષાઢ સુદ બીજ રથયાત્રાના દિવસે લાખો ભાવિકો ઊમટે છે. ભગવાન રથમાં બિરાજે પછી સેંકડો માણસો તે રથને ખેંચે છે, આજે પણ ત્યાંના રાજા રથ ખેંચવા આવે છે, અને સુવર્ણની સળી યુક્ત સાવરણીથી રથની આગળનો રસ્તો રાજા જાતે સાફ કરે છે!

આ રથ આશરે ૪૫ ફુટ ઊંચો અને ૩૫ ફુટ પહોળો હોય છે. જે ૭ ફુટ વ્યાસના ૧૬ પૈડાંથી ગતિ કરે છે. તેની કલગી પર ગરૂડ હોય છે. તે પછી સુભદ્રાજીનો રથ થોડો નાનો હોય છે. તેના શિખર પર પદ્મ હોય છે, અને ત્રીજો બલરામનો રથ જેના શિખર પર હનુમાનજી બિરાજે છે.

કંસ-સંહારના આનંદમાં પણ આ રથયાત્રા શરૂ થઇ હોય એવી વાત પણ મળે છે. રથ ખેંચીને કનકમહેલ(જનકપુર) સુધી લાવવામાં આવે છે. ત્રણ દિવસ મૂર્તિઓ અહીં રહે છે. તે દરમ્યાન મંદિર ખાલી રહે છે. પછી ફરીથી મૂર્તિઓ સ્થાપવામાં આવે છે. ૧. સ્થાનિક રાજા, ૨. ચૈતન્યપ્રભુનો ગૌડીય સમાજ, ૨. મંદિરનો વ્યવસ્થાપક ગણ રથના હકદાર ગણાય છે.

અભ્યાસકો માને છે કે ગંગવંશના તામ્રપત્ર અનુસાગર ગંગેશ્વર- ચોડ ગંગે આ મહામંદિરનું નિર્માણ કરાવેલું. એ સાલ હતી સને ૧૦૭૮ ! પરંતુ ડો. ડી.સી. સરકાર 'ગોડ પુરુષોત્તમ એટ પુરી' માં નોંધે છે કે 'માદલા પંજી' પ્રમાણે મંદિરનું નિર્માણ ચોડ ગંગે નહીં, પણ તેના પ્રપૌત્ર અનંગ ભીમદેવે કરાવ્યું હતું, જેમા રાજા અનંગ ભીમદેવે પંદર લાખ સોનામહોર ખર્ચ્યા અને મંદિર સને ૧૧૯૮ માં ચૌદ વર્ષે પૂર્ણ થયું. મંદિરના ભોગમંડપનો ભાગ રાજા પુરુષોત્તમદેવે (૧૪૬૫-૯૫) એ બંધાવ્યો અને મુખશાલાનું નિર્માણ રાજા પ્રતાપ રુદ્રદેવે (૧૪૯૫-૧૫૩૨) કર્યું હતું. પણ પછીથી બંગાળના મુસ્લિમરાજા હુસેનશાહે તથા પઠાણ 'કાલા પહાડે' મંદિર અને નગરને ખૂબ નુકસાન કર્યું હતું. મરાઠા શાસન દરમ્યાન કોણાર્કમાં આવેલો અરુણ સ્તંભ જગન્નાથ મંદિરમાં સ્થાપિત કરી દેવામાં આવ્યો, જે આજે પણ વિદ્યમાન છે જેને 'ગરુડસ્તંભ' તરીકે ઓળખવામાં આવે છે.

આજે આ મહામંદિરને ચાર પ્રકોષ્ઠ છે. ભોગમંદિર, જ્યાં ઠાકોરોજીને ભોગ ધરાવવામાં આવે છે. નૃત્ય મંદિર, જ્યાં સંગીત - નૃત્ય વગેરેથી ઠાકોરજીને રીઝવવામાં આવતા, જગન્નાથ મંદિર, જ્યાં યાત્રીઓ એકત્ર થઇ દર્શન લાભ લે છે. અને અંતઃપ્રકોષ્ઠ - જ્યાં જગન્નાથજીની પ્રતિમાઓ પધરાવવામાં આવી છે. મંદિરના ઊંચા શિખર સૂચિ (સોય) આકાર કહેવાય છે, જે ૧૯૨ ફીટ ઊંચા છે, જેની ઉપર એક ચક્ર અને ધજા છે. સમુદ્ર કિનારાથી માત્ર ૧૦-૧૨ મિનિટના પગ-રસ્તાના અંતરે આવેલા આ મંદિરની ભૂમિ સમુદ્રકિનારાથી ૨૦ ફુટ ઊંચી છે, તેને જ પૂર્વે નીલગિરિ કહેવાતો હશે, તેવું અભ્યાસકોનું અનુમાન છે. આ મહામંદિરની વિશેષતા એ છે કે તેમાં સિંહદ્વારની બહાર કોઇ જ જાતિ - નિષેધ નથી ! જગન્નાથ દરેક જાતિઓના દેવતા છે. વળી જગન્નાથજીનો પ્રસાદ ભાત અતિ પવિત્ર ગણાય છે. રાંધેલો ભાત હોવા છતાં હલકી જ્ઞાતિના લોકો પાસેથી પણ બ્રાહ્મણો વગેરે જમી શકે છે. એટલું જ નહીં, એ પ્રસાદ મહાપુણ્યકારક માનવામાં આવે છે.

આ મંદિરમાં શ્રીકૃષ્ણ, બલદેવ અને સુભદ્રાની મૂર્તિઓ પધરાવેલી છે અને તેને વસ્ત્ર- આભૂષણો ધરાવી ધામધૂમથી પૂજા થાય છે. મૂર્તિઓને ચરણસ્પર્શ કરી શકાય છે તેમજ અંદર પ્રદક્ષિણા કરવા માટેની પણ સંપૂર્ણ જગ્યા છે. નિજમંદિરની સામે ગરુડસ્તંભ છે. શ્રીજીમહારાજ વર્ણીવેશે આ સ્તંભને ભેટયા હતા અને અહીંજ આસન કર્યું હતું. કોઇ પણ જાતના ભેદભાવ સિવાય જગન્નાથજીનો પ્રસાદ સાથે બેસી સૌ જમે છે. એવો એનો મહિમા છે.

ચાર ધામોમાં પણ આ ધામનું મહત્ત્વ ઘણું જ છે. મોટા મોટા પંડિતો, વિદ્વાનો, કવિઓ, ભક્તો અને આચાર્યો પણ આ ધામની યાત્રા કરીને જ પૂર્ણકામ માને છે. ભક્તિમતી મીરાંબાઇ પણ અહીં દર્શને આવી ગયાં હતાં. વળી ચૈતન્ય મહાપ્રભુ તો પોતાના અંતિમ સમયે જગન્નાથજીની મૂર્તિ પાસે કીર્તનભક્તિ કરતાં કરતાં જ શ્રી જગન્નાથજીની મૂર્તિમાં સમાઇ ગયાં હતાં.

બીજાં દર્શનીય સ્થાનોમાં મુખ્ય ઇન્દ્રદ્યુમ્નની રાણીના નામે ગુડિચા મંદિર છે. ૐથયાત્રાના સમયમાં અહીં શ્રીજગન્નાથજીના મંદિરની ત્રણેય મૂર્તિઓને રાખવામાં આવે છે. તે વખતે અસલ મંદિરમાં કોઇ મૂર્તિ રહેતી નથી. આ મંદિરના ઉત્તર ભાગમાં ઇન્દ્રદ્યુમ્ન સરોવર છે.

ભગવાન શ્રી નીલકંઠવર્ણી ૧૮ કિ.મી. દૂર આવેલા સાક્ષીગોપાલનાં દર્શન કરીને આષાઢી સં. ૧૮૫૪ નાં આ સરોવરને કાંઠે આવ્યા હતા અને અહીં ઊતર્યા હતા. જગન્નાથજીના પૂજારીને, મહારાજની અતિ રમણીય અને દિવ્ય મૂર્તિનાં દર્શન થતાં જ ખૂબ ભાવ થયો હતો. તે રોજ મહારાજને જગન્નાથજીનો થાળ આપતા. અહીં શ્રીહરિએ રથયાત્રા ઉત્સવ પણ કર્યો હતો. વળી મંદિરના પૂર્વદ્વાર પાસે એક વડ હતો તેની નીચે ભાગવતની કથા વંચાતી, મહારાજ ત્યાં બેસીને કથાનું શ્રવણ કરતા. હાલ તો તે વડ નાશ પામ્યો છે.

મંદિરથી લગભગ અર્ધો માઇલ દૂર ચંદન તળાવ છે. ત્યાં શ્રીહરિ રોજ યોગાભ્યાસ કરતા. જગન્નાથપુરીમાં તેઓ છ માસ

અને છ દિવસ રહ્યા હતા. રોજ સમુદ્ર સ્નાન કરવા જતા. ભાગવત ધર્મનું સ્થાપન કર્યું હતું. ત્યાં રહેતા ૧૦,૦૦૦ નાગડા બાવાનો ખૂબજ ત્રાસ હતો. એક વૈરાગીએ મહારાજને ભાજી તોડીને લાવવા કહ્યું. મહારાજે કહ્યું કે 'તેમાં જીવ છે માટે નહી તોડીએ.' એટલે તલવારથી ડારો દીધો પણ વૈરાગીના મોટેરાએ તો મહારાજનો પક્ષ લીધો. આમ અંદરો અંદર કજીયો થયો અને ત્યાંજ અસ્ત્રશસ્ત્ર વડે સૌ અંદરો અંદર લડવાનું શરૂ કર્યું. જે યુદ્ધ આશરે બે માસ સુધી ચાલતું રહ્યું જેમાં બધા જ આસુરી બાવાઓ માર્યા ગયા. આ પ્રમાણે અસુરોનો નાશ કરી, પોતે ત્યાંથી ચાલી નીકળવાનો સંકલ્પ કર્યો.

શ્રીજી મહારાજ અગણોતેરા કાળમાં (સં.૧૮૬૯) આ મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા હતા અને પૂજારીનો છળકપટ અને ભક્તિભાવ વગેરે જોતા. (ગ.પ્ર.૬૮) એવી મહાન પ્રસાદીની મૂર્તિઓ પુરીમાં સૌને દર્શન આપી રહી છે.

આ સિવાય પણ મહોદધિ, રોહિણીકુંડ, માર્કંડેય તળાવ, ચંદન તળાવ, શ્વેતગંગા સરોવર, શ્રીલોકનાથ સરોવર, ચક્રતીર્થ વગેરે ઘણાં દર્શનીય સ્થળો છે.



જગન્નાથપુરીમાં ટ્રેનયાત્રા...

## તા. ૨૩-૧૧-૦૬

આજના દિવસે સવારની ભગવાન શ્રી જગન્નાથની આરતીના દર્શન કરી તમામ સંતો-ભક્તો યાત્રિકોએ લકઝરી બસો દ્વારા પુરીથી ૧૦ કિ.મી દૂર આવેલ સાક્ષીગોપાલ મંદિરમાં વિરાજીત ભગવાન શ્રીકૃષ્ણના ભાવથી દર્શન કર્યા. આ મૂર્તિ તીર્થવાસી એક બ્રાહ્મણ પુત્ર અને બીજા એક વૃદ્ધ બ્રાહ્મણ વચ્ચે થયેલ કરારના સાક્ષીરૂપે વૃંદાવનથી અહીં સુધી આવી હતી. ત્યાંથી ધોલાગીરીમાં આવેલ શાંતિસ્તૂપ બૌદ્ધ સ્મારકના દર્શન કર્યા. આ સ્થાને મગધ દેશના રાજા અશોક સમ્રાટે કલિંગની પ્રજા સાથે યુદ્ધ કર્યું હતું. તેમાં લાખોની સંખ્યામાં કલિંગ પ્રજા ભોગ બની હતી. બાજુમાં રહેલ દયા નદીનું પાણી લોહીથી લાલ બની ગયું હતું. આ દૃશ્ય જોઈને અશોક સમ્રાટ શોકમગ્ન થઈ ગયા અને વૈરાગ્ય ઉત્પન્ન થતાં બૌદ્ધધર્મ સ્વીકારી તેમનો પ્રચાર દુનિયાનાં દેશોદેશમાં કર્યો હતો. ત્યાંથી ઓરિસ્સા રાજ્યની રાજધાની ભૂવનેશ્વર શહેરના વિશાળ મંદિરમાં આવેલ લીંગરાજ ભૂવનેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા. આ લીંગ સ્વયં ધરતીમાંથી પ્રગટ થઈ છે તેથી આ શહેરનું નામપણ ભૂવનેશ્વર રાખવામાં આવ્યું છે. ત્યાંથી ભારત દેશનું સહુથી મોટું પ્રાણીસંગ્રહાલય એવું નંદનકાનન-પ્રાણીસંગ્રહાલયને નિહાળ્યું હતું. ત્યાંથી ભારતીય સ્થાપત્યકળાની બેનમૂન સિદ્ધિ અને વિશ્વમાં અજોડ કહી શકાય તેવા કોનાર્કમાં આવેલ ભવ્ય સૂર્ય મંદિરના દર્શન કર્યા હતા. આ મંદિરની કલાકોતરણી જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ ઊઠે છે. કહેવાય છે કે એક સમયે મંદિરના એક ભાગમાં શિખર પર એક ખૂબ જ મોટું લોહચુંબક લગાવેલું હતું. જેની શક્તિ એટલી તીવ્ર હતી કે પાસે આવતા જહાજો અહીં ખેંચાઈ આવતા. મંદિરની રચના એક વિશાળ રથરૂપે કરવામાં આવી છે, જેના ૨૪ ચક્રો આજે પણ જોવા મળે છે. દરેક ચક્ર સાડા દસ ફૂટ ઊંચા છે. ત્યાંથી ચંદ્રભાગા બીચ પર ઠાકોરજીને સમુદ્રના જળનો સ્પર્શ કરાવી સૌ કોઈ દરિયા કિનારે રાત્રિના દિવ્ય શાંતિનો આનંદ માણ્યો હતો. આ બધા તીર્થોના દર્શન કરી બરાબર ૦૮.૦૦ કલાકે પુરીમાં પરત ફર્યા હતા. તમામ યાત્રિકોએ ઠાકોરજીના મહાપ્રસાદને ગ્રહણ કરીને વિશ્રાંતી લીધી હતી.

## તા. ૨૪-૧૧-૦૬

પ્રાતઃકાળની નિત્યવિધિથી પરવારી પૂ. સ્વામીશ્રી તેમજ સંતો-ભક્તો દ્વારા બનાવવામાં આવેલ ભજીયાં-ચટ્ટણીના ઠાકોરજીના પ્રસાદરૂપી નાસ્તો કરીને સર્વે યાત્રિકો તૈયાર થયા હતા. બરાબર ૦૮.૦૦ કલાકે પુરી શહેરના મુખ્ય માર્ગ ઉપર તમામ યાત્રિકો સાથે પૂ. સ્વામીશ્રી અને સંતો-ભક્તોની વિશાળ રેલીના રૂપમાં પસાર થઈને મંદિરથી દોઢેક કિ.મી દૂર આવેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાસાદિક સમુદ્રમાં સમૂહ સ્નાનાર્થે ગયા હતા. ઠાકોરજીનો વેદ મંત્રોના ઉચ્ચાર સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સહુ કોઈએ દરિયાના વિશાળ મોજા-તરંગોમાં ભગવાન શ્રીહરિના નામસ્મરણની સાથે સમૂહ સ્નાનનો આનંદ લીધો હતો. ત્યાંથી જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠ વર્ણી વેશે દશ હજાર અસુરોનો વિનાશ કર્યો હતો ત્યાં ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં સ્નાન કર્યું અને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગીજીવનના શ્રવણ સ્થળે ચક્રતીર્થના દર્શન કર્યા. પછી ઠાકોરજી જમાડી થોડીવાર વિશ્રાંતી લઈને બરાબર ૦૪.૩૦ કલાકે સત્સંગ સભામાં સભામાં વિરાજીત થયા હતા. આજે પણ પૂ. સ્વામીશ્રી દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન કથામૃતનું ટૂંક સારાંશમાં સંપૂર્ણ પાન કરાવ્યું હતું. ત્યારબાદ ટ્રેન સંચાલક શ્રી પ્રફુલભાઈ ગઢવી આદિક આયોજકોની સમિતિ તેમજ સ્વયંસેવકોનું ગરમચાદરો અને દૈનિક કેલેન્ડરો અર્પણ કરીને પૂ. સ્વામીશ્રીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સર્વેને ઠાકોરજીના મહાપ્રસાદથી તૃપ્ત કરીને બરાબર ૧૦.૩૦ કલાકે આ યાત્રાના સંસ્મરણો કરતા કરતા ઓરિસ્સા રાજ્યથી ગુજરાત રાજ્ય તરફ ટ્રેનયાત્રાએ પ્રયાણ કર્યું હતું.

# ઉત્તર-પૂર્વ ભારતની યોજાયેલ અજોડ કલ્યાણકારી ટ્રેનયાત્રા ઉપસંહાર



તા. ૨૭-૧૧-૦૬, માગશર સુદ - ૭ને સોમવાર. આ ટ્રેનયાત્રાનો અંતિમદિવસ હતો. જો કે ટ્રેનયાત્રા તા. ૨૪-૧૧-૦૬ના રોજ જગન્નાથપુરીમાંજ યાત્રા સંપૂર્ણ થઈ હતી. જગન્નાથપુરીથી ગુજરાત(રાજકોટ) સુધી પહોંચતા ત્રણ રાત્રિ ને બે દિવસ જેટલો સમય લઈ તા. ૨૭ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે ટ્રેનયાત્રા રાજકોટ રેલ્વે સ્ટેશને આવી પહોંચી હતી.

## સુરત રેલ્વે સ્ટેશન :


આ ટ્રેનયાત્રાના સ્વાગત-સામૈયા આગળના દિવસથી જ શરૂ થઈ ગયા હતા. તા. ૨૬ના રોજ રાત્રે ૧૧.૦૦ કલાકે સુરત ટ્રેનયાત્રા પહોંચી ત્યારે ઘણા ભક્તોએ સ્ટેશન ઉપર દોડી આવી પૂ. સ્વામીશ્રી તથા સંતો-પાર્ષદો-હરિભક્તોને પુષ્પમાળાઓ પહેરાવી પરસ્પર ભેટી ખૂબ જ ભાવ-પ્રેમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરત સ્ટેશને પૂ. કોઠારી સ્વામી આદિક સંતો તથા સુરતના યાત્રિક હરિભક્તો પણ સુરત સ્ટેશને ઉતરી પોતાના સગા-સંબંધીઓ લેવા આવેલા તેમની સાથે યાત્રાની સુખની યાદગાર પળોને સંભારતા ટ્રેનયાત્રાથી જૂદા પડ્યા ત્યારે પૂ. સ્વામીશ્રીએ પણ તે યાત્રિકોને ભાવપૂર્વક વિદાય આપી હતી.

## રાજકોટ રેલ્વે સ્ટેશન :

ત્યારબાદ સવારના ૧૦.૦૦ કલાકે ટ્રેનયાત્રા રાજકોટ સ્ટેશને આવી પહોંચી. અહિં પણ ટ્રેનની રાહ જોઈ સવારથી જ આવી પહોંચેલા ત્યાંના સ્થાનિક ભક્તો તથા સરધારથી પધારેલા પાર્ષદોએ પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તોનું પુષ્પમાળાઓ પહેરાવી પરસ્પર ભેટીને સ્વાગત કર્યું હતું. દરેક યાત્રિક સંતો-ભક્તોના મુખ પર તીર્થયાત્રાનો ખૂબ જ આનંદ-ઉત્સાહ જણાતો હતો. સૌ કોઈના મુખે યાત્રાના સંસ્મરણોના આનંદ-મોજની વાત નીકળતી હતી. પૂ. સ્વામીશ્રીએ સર્વે યાત્રિક ભક્તજનોનો હૃદયપૂર્વક આભાર માની સૌના નેત્રને સહર્ષ સજળ બનાવી ભાવભીની વિદાય આપી હતી. અને પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો તથા અન્ય સરધારના યાત્રિક ભક્તજનોએ સરધાર જવા પ્રયાણ કર્યું હતું.

## સરધારધામમાં તીર્થવાસીઓનું આગમન :

વ્હાલા ભક્તજનો ! જ્યારે પૂ. સ્વામીશ્રી તથા સર્વે યાત્રિક સંતો-ભક્તો સરધાર પહોંચ્યા ત્યારે સરધાર સ્થિત પૂ. જ્ઞાનવલ્લભ સ્વામી અને પૂ. પ્રેમવલ્લભ સ્વામી આદિક સંતો-પાર્ષદો તથા ગામના દરેક પુરુષ-સ્ત્રી ભક્તોએ જૂના મંદિરે પૂ. સંતોનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની પૂ. સ્વામીશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારપછી જુના મંદિરથી નૂતન મંદિરે શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નારા સાથે પધાર્યા હતા. ત્યાં થોડીવાર વિશાળ સભામંડપમાં પૂ. સ્વામીશ્રીએ તીર્થયાત્રાની દિવ્ય પળોના સંસ્મરણોને યાદ કરી કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સર્વે હરિભક્તોએ પૂ. સ્વામીશ્રી તથા દરેક સંતોને દંડવત-પ્રણામ કરી સહુ પરસ્પર બાથ લઈને ભેટ્યા હતા. અને સર્વેના શારિરીક સમાચાર પૂછ્યા હતા. જો કે સંપૂર્ણ તીર્થયાત્રા દરમિયાન એક પણ સંતો-પાર્ષદો કે હરિભક્તો આદિક સર્વેના સ્વાસ્થ્ય નીરોગી રહ્યા હતા. તે વાતનો સર્વે સરધાર નિવાસી ભક્તોને હૈયામાં આનંદ હતો.






## યાત્રિક હરિભક્તોના અંતરના ઉદ્‌ગારો :

આ ટ્રેનયાત્રા ઓગણીસ દિવસની કેટલી દિવ્ય અને ભવ્ય હતી તેનું વર્ણન કરવું અશક્ય છે. એ તો જેમણે આ ટ્રેનયાત્રાનો નિજ અનુભવ કર્યો હોય તેઓનું જ અંતર માપી શકે. સંપૂર્ણ યાત્રામાં જરા પણ કોઈ જગ્યાએ અવ્યવસ્થા થઈ જ નથી. એકદમ સુંદર અને મહિમાથી યંત્રવત ટ્રેનયાત્રાનું સેવાકાર્ય ચાલતું. આ ટ્રેનયાત્રામાં કેટલી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી હતી તેની વધારે તો શું વાતો કરીએ ? પૂ. સ્વામીશ્રીના માર્ગદર્શન પ્રમાણે પીરસવાની જે વ્યવસ્થા, તેના વર્ણનથી ખ્યાલ આવશે કે આ ટ્રેનયાત્રાનું આયોજન કેટલું સુંદર અને વ્યવસ્થિત હશે. ૧૫ જેટલા ડબ્બા(કોચ)માં પીરસવાનું માત્ર ૩ મીનીટમાં પૂર્ણ થઈ જતું હતું. ચાલુ ટ્રેનમાં જ તમામયાત્રિકોને પીરસાયને જમવાનું કાર્ય ફક્ત ૧૦ થી ૧૫ મીનીટમાં પરિપૂર્ણ થઈ સંકેલાઈ જતું હતું. આવી અનેકાનેક અદ્‌ભૂત વ્યવસ્થા ટ્રેનયાત્રામાં ઊભી કરવામાં આવી હતી.

તેથી તો સર્વે યાત્રિક હરિભક્તોના મુખે એક જ સૂર હતો : 'સ્વામી ! આપે આ ટ્રેનયાત્રામાં એવી અમને સગવડતા આપી છે કે અમોને આવી સગવડતા-વ્યવસ્થા ઘેર પણ નથી મળતી. જેથી અમો હવે જ્યારે ઘેરે જઈશું ત્યારે ઘરમાં અમોને નહિ ગમે. કારણ કે સવારના સ્નાનાદિક નિત્યવિધિથી લઈ રાત્રિભોજન સુધી ખૂબ જ સાચવ્યા છે, બહુ જમાડ્યા છે, ખૂબ કથા-વાર્તા કરી ભગવાન શ્રીહરિની મૂર્તિના સુખે સુખીયા કર્યા છે. હે સ્વામી ! આપે કરાવેલ આ ટ્રેનયાત્રાને જિંદગી પર્યંત આ ઋણને અમો નહિ ભૂલીએ. અરે ! અમોને ભારત સંસ્કૃતિના અજોડ તીર્થસ્થાનોના દર્શન કરાવીને અમારી આટલી સાર સંભાળ લીધી તે વાતને ક્યારેય હૃદયમાંથી વિસારી શકીશું નહીં. જો અમારાથી કંઈક ગેરવર્તન કે ભૂલ કે કોઈ વાતનો હઠાગ્રહ થયો હોય તો અમોને ક્ષમા(માફી) કરશો. વિશેષમાં જેમ ઉત્તર-પૂર્વ ભારત તીર્થયાત્રાનો આનંદ આપે અપાવ્યો તેમ હવે જ્યારે પણ દક્ષિણ ભારત તીર્થયાત્રાનું આયોજન કરો તો જરૂરથી અમોને યાદ કરજો. આમ, યાત્રિક ભક્તજનો જ્યારે ટ્રેનયાત્રાથી અને પૂ. સંતોથી વિદાય લીધી ત્યારે તેઓના ઉપરોક્ત શબ્દો મુખમાંથી સરી પડ્યા હતા.

## ટ્રેનયાત્રાની દિવ્યતા અને ભવ્યતા :

વ્હાલા ભક્તજનો ! બહુ જ દિવ્ય આનંદ અપાવનારી એક અતિ ભવ્ય આ ટ્રેનયાત્રા ખરેખર જીવનની યાદગાર સ્મરણાંજલી રૂપ હતી. આ ટ્રેનયાત્રામાં ટ્રેનનો રૂટ તથા બસ દ્વારા તીર્થસ્થળોના દર્શન રૂટ મળી ૮,૦૦૦ હજારથી વધારે કિલોમીટરની આ તીર્થયાત્રા હતી. આ ટ્રેનયાત્રાએ ૧૨થી વધારે રાજ્યોમાંથી પસાર થઈ હતી. આ યાત્રાએ છપૈયાધિશ બાળપ્રભુના ગગનચુંબી શિખરોથી લઈ જગન્નાથપુરીના સમુદ્ર કિનારા સુધીના તીર્થોના દર્શન કરાવ્યા હતા. આ ટ્રેનયાત્રાએ ઐતિહાસિક અને અતિ પ્રાચીન કોનાર્કના સૂર્ય મંદિરથી લઈ આજના આધુનિક યુગના બોદ્ધ મંદિરો-ઈસ્કોન મંદિરોના પણ દર્શન કરાવ્યા હતા. આ યાત્રાએ રામ-શ્યામ-ઘનશ્યામની જન્મભૂમિ તથા ત્રણેયની રમણભૂમિના દર્શન કરાવ્યા હતા.

હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન જેવી કુંભનગરીના દર્શન પણ આ ટ્રેનયાત્રાએ કરાવ્યા હતા, આ યાત્રાએ પિતૃઓના મોક્ષાર્થે જ ગયાજીમાં પિતૃ તર્પણવિધિ કરાવ્યા હતા તો જીવનયાત્રાની પૂર્ણતાને આરે પહોંચેલા પિતા માટે પણ ચાલુ ઠંડીના વાતાવરણથી રક્ષણ મેળવવા ઉનના ધાબળાઓ વગેરેની ખરીદી આ ટ્રેનયાત્રાએ કરાવી હતી. આમ, આ યાત્રા તો બાળકથી લઈ વૃદ્ધ સુધી ને, પરલોક સિધાવેલ કે આ લોકના દરેક માટે આ ટ્રેનયાત્રા ઉપકારી બની હતી.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની પૂર્ણકૃપાથી અને વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન અને અથાગ પરિશ્રમથી અને ટ્રેન સંચાલક શ્રી પ્રફુલભાઈ ગઢવી (રાજકોટ)ના સફળ મેનેજમેન્ટ પ્રમાણે તેમજ યાત્રા વ્યવસ્થાના દરેક નાના-મોટા આયોજકો-સ્વયંસેવકોની તનતોડ-ખંતપૂર્વકની સેવાથી બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજના ચરણારવિંદથી અંકિત તેમજ મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીના ચરણથી અંકિત થયેલી અતિ પાવનકારી દિવ્ય ભવ્ય ઉત્તર-પૂર્વ ભારતની પવિત્ર ભૂમિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર આયેજીત તૃતીય શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા તા. ૨૭-૧૧-૦૬ માગશર સુદ ૨ ના રોજ રાજકોટમાં શ્રીજી ચરણાંકિત પ્રસાદિના સ્થાને સવારે ૧૦.૦૦ કલાકે પૂર્ણ રીતે જાહેર કરવામાં આવી હતી.



# સત્સંગ સમાચાર પત્રિકા

## પીઠવડીમાં યોજાયેલ હોમાત્મક યજ્ઞનું બીડું હોમતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૩૦-૧૧-૦૬ના રોજ સવારે શ્રી ગઢપુર મહોત્સવની પૂર્ણાહુતિ કરીને બપોરે ૦૫.૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી પીઠવડી પધાર્યા હતા. અહિં કથા-પારાયણ પ્રસંગે યોજાયેલ હોમાત્મક યજ્ઞનું બીડું હોમીને પૂર્ણાહુતી કરી હતી. ત્યાર પછી સત્સંગ સભામાં પધાર્યા હતા. યજ્ઞના યજમાનો અને અગ્રણી ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સર્વે ભક્તજનોને પોતાની દિવ્યમય અમૃતવાણીરૂપી આશીર્વાદ પાઠવ્યા હતા.

## જામવંથલીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ મંદિરમાં બિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ

જામનગર જિલ્લાના જામવંથલી ખાતે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના દ્વારા પ્રતિષ્ઠિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન અર્ચા સ્વરૂપ દેવોનો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તા. ૨૪ થી ૩૦ નવેમ્બર સુધી અમરેલી નિવાસી પૂ.સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી ગોપાલમુનિદાસજીના વક્તાપદે સંપ્રદાયના મહાન ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન કથા-પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૨૯ના રોજ સાંજે ૫.૦૦ કલાકે વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. તેઓશ્રીના સ્વાગત-સામૈયાની ભવ્ય શોભાયાત્રા મુખ્ય માર્ગ ઉપર કાઢવામાં આવી હતી. ત્યારબાદ મંદિરમાં બિરાજમાન દેવોની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. પછી મંદિરના ભવ્ય હોલમાં યોજાયેલ સત્સંગ સભામાં સરધારથી પધારેલ પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી અને અમરેલી નિવાસી પૂ.સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સર્વે ભક્તજનોને પોતાની દિવ્યમય અમૃતવાણીરૂપી આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૩૦ના રોજ સવારે ૦૭.૦૦ કલાકે મંદિરમાં બિરાજમાન દેવોના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તકમળ દ્વારા પ્રતિષ્ઠિત શ્રીહરિકૃષ્ણ મહારાજની પંચધાતુ મૂર્તિનો પવિત્ર વિપ્રોના મુખે વેદ મંત્રોના ગાન સાથે પંચામૃત કેસરજળે કરીને અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી વડતાલ જવા પ્રયાણ કર્યું હતું.

## ભક્તરાજ શ્રી રામબાઈ માનો અક્ષરવાસ (ઉં.વર્ષ : ૬૫ તા. ૨૭-૧૧-૦૬)

ગામશ્રી વેળાવદરના વતની જેઓ છેલ્લા ઘણા વર્ષોથી ફક્ત પ્રભુ પરાયણ જીવન વિતાવી અને ચાંદ્રાયણ-ધારણા-પારણાં આદિક વ્રતની સાથે શ્રીજીમહારાજની દૃઢનિષ્ઠાથી ભક્તિ કરતા શ્રી રામબાઈ મા (જેઓ દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ સંપ્રદાયના કથાકાર પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના પૂર્વાશ્રમના માતુશ્રી હતા)ને એક નજીવી બિમારી આવતા આગલા દિવસે સર્વેને ધામમાં જવાની વાત કરીને તા. ૨૭-૧૧-૦૬ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સ્મરણની સાથે અક્ષરનિવાસી થયા છે.

જો કે જેમની કુખે પૂ. સ્વામીશ્રી જેવા મહામુક્તનો જન્મ થયો હોય તે જીવાત્મા કોઈ સામાન્ય તો ન જ હોય. ખરેખર શ્રીજીમહારાજના કૃપાપાત્ર જીવાત્મા જ હોય ત્યારે જ તેમને કુખે આવા મહાપુરુષોનું પ્રાગટ્ય થતું હોય છે. શ્રી રામબાઈ માનું સંપૂર્ણ જીવન જ શ્રીજીમહારાજની ભક્તિમાં જ વિતેલું હતું. અંતરથી જ નખશિખ અણિશુદ્ધ જીવન અને પ્રમાણિકતા તેમનો સ્વભાવ હતો. સર્વે કોઈ સ્ત્રીભક્તોને જીવન જીવવાની દિવાદાંડી મળી રહે તેવું અદ્‌ભૂત જીવન જેમણે જીવ્યું છે. સાથોસાથ પૂ. સ્વામીશ્રી જેવા સંતનું પ્રાગટ્ય જેની કુખે થયું હોય તે જીવાત્મા જરૂર શ્રીજીમહારાજના ધામમાં જ પહોંચ્યા હોય છે. પરંતુ જેમણે પૂ. સ્વામીશ્રી જેવા એક વિરલ અને નિયમ-નિશ્ચય-પક્ષમાં દૃઢ નિષ્ઠાવાન સંતની જ્યારે આ સંપ્રદાયમાં ભેટ ધરી હોય ત્યારે તે ભક્તરાજનું ઋણ અવિસ્મરણીય છે. ત્યારે તેવા ભક્તોની ખોટ અનુભવતા આપણે સૌ ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં સર્વને શાંતિ આપે એવી પ્રાર્થના કરી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ...

# મહાદિવ્ય કાર્યક્રમ

**સવારે**

| | |
|---|---|
| ૪-૩૦ થી ૬-૦૦ | સ્નાનાદિક, પૂજાવિધિ |
| ૬-૦૦ થી ૬-૩૦ | પ્રભાતફેરી |
| ૬-૩૦ થી ૭-૦૦ | પ્રભાતિયા |
| ૭-૦૦ થી ૮-૦૦ | કીર્તન વિવેચન |
| **વક્તા :- પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** | |
| ૮-૦૦ થી ૯-૧૫ | શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા |
| **વક્તા :- સાધુ શ્રી નિષ્કામસ્વરૂપદાસજી** | |
| ૯-૧૫ થી ૧૦-૦૦ | જ્ઞાનગોષ્ઠી |
| ૧૦-૦૦ થી ૧૧-૧૫ | વચનામૃત વિવેચન |
| **વક્તા :- પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** | |
| ૧૧-૧૫ થી ૧૧-૪૫ | પ્રવચન, માનસી પૂજા |
| ૧૧-૪૫ થી ૧-૦૦ | મહાપ્રસાદ |

**બપોર**

| | |
|---|---|
| ૧-૦૦ થી ૨-૦૦ | વચનામૃત કથા, પ્રશ્નોત્તરી |
| ૨-૦૦ થી ૩-૩૦ | વિશ્રાંતી |
| ૩-૩૦ થી ૩-૪૫ | માનસી, ફગવા |
| ૩-૪૫ થી ૫-૦૦ | શ્રી ઘનશ્યામલીલામૃત |
| **વક્તા :- સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી** | |
| ૫-૦૦ થી ૬-૧૫ | વચનામૃત વિવેચન |
| **વક્તા :- પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** | |
| ૬-૧૫ થી ૭-૩૦ | પ્રવચન, ગોડી, આરતી, સ્તુતિ |
| ૭-૩૦ થી ૮-૩૦ | મહાપ્રસાદ |
| ૮-૩૦ થી ૯-૦૦ | નિયમચેષ્ટા |
| ૯-૦૦ થી ૧૦-૦૦ | વ્યાખાનમાળા |
| ૧૦-૦૦ થી ૪-૩૦ | વિરામ |

# છાવણીની મહત્તા

- જગતના નાશવંત પદાર્થમાંથી મનને મોકળુ કરી ભગવાન શ્રીહરિમાં જોડી દેવું તેનું નામ જ છાવણી.
- મન તો માયાનું છે તેને ભીડામાં લીધા સિવાય તે ભગવાન શ્રીહરિમાં લાગે તેમ નથી. તેવા મનને ભીડામાં લઈ ભગવાન શ્રીહરિમાં જોડી દેવું તેનું નામજ છાવણી.
- આઠ-આઠ દિવસ સુધી સંસારની વિટમણામાંથી સંપૂર્ણપણે બાકાત થઈ જગત ભૂલી જગદીશશ્વરમાં જોડાઈ જવું તેનું નામ જ છાવણી.
- ભગવાન શ્રીહરિને રીજવી તેના મહા અલૌક્કિ સુખમાં ડુબી શકાય છે. ભગવાન શ્રીહરિની મૂર્તિમાં સંપૂર્ણપણે જોડાઈ જઈ ભગવાનને વ્હાલા લાગીએ તેવું જીવન બની જાય તેનું નામ જ છાવણી.

ભક્તજનો ! તેથી જ તો આ છાવણીના માધ્યમથી આપણે સાચા અર્થમાં ભક્ત બની શકીએ છીએ. પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજની આજ્ઞાથી અને પ.પૂ. લાલજી મહારાજના અધ્યક્ષપદે હજારોની સંખ્યામાં ભક્ત સમુદાય છાવણીનો લાભ લેવા માટે ઉમટશે. તેના માટે બધા જ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. આ છાવણીમાં પુરુષભક્તો તથા સ્ત્રી ભક્તો તેમ બંને લાભ લઈ શકશે. માટે જોજ્યો તમો આ મહા અલૌક્કિ લાભ લેવાનું ચુકી ન જતા...!!!

**વિશેષ કાર્યક્રમ :- તા. ૧૪-૧-૦૬, રવિવારને મકરસંક્રાતિ પર્વના શુભ દિવસે ભવ્ય 'શાકોત્સવ' રાખવામાં આવેલ છે. તેમજ તા. ૧૫-૧-૦૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે હરિભક્તોના ઉતારા માટે તૈયાર કરવામાં આવેલ વિશાળ 'શ્રી નૃગેન્દ્ર યાત્રિક ભુવન' તથા 'આચાર્યશ્રી ભુવન' નું ઉદ્‌ઘાટન રાખવામાં આવેલ છે. જેની દરેક ભક્તોએ નોંધ લેવી.**

# આમંત્રણ પત્રિકા

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને રૂડા આશીર્વાદ સહ
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના અધ્યક્ષપદે
સરધારધામને આંગણે ભવ્ય અગિયારમી

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી


સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** જ્યાં ચાર ચાર માસ સુધી રોકાયા છે. તથા ગુરુવર્ય ઉદ્ધવાવતાર મહા મુક્તરાજ સદ્‌ગુરુપદને શોભાવતા **શ્રી રામાનંદ સ્વામી** તથા સત્સંગમાં જેમને ખુદ ભગવાન શ્રીહરિએ ''મા'' નું બિરૂદ આપીને વારંવાર બિરદાવેલ છે એવા **સ.ગુ. મુક્તાનંદ સ્વામી**નું પ્રથમ મિલન થયું છે. અને પાંચસો પરમહંસોના મહા મંગલમય પદ પંકજથી પુનિત થયેલ અક્ષરધામ તુલ્ય સરધારધામની દિવ્ય ભૂમિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તથા દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ**ની આજ્ઞા અને રૂડા આશીર્વાદથી તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના અધ્યક્ષપદે અને આપણા સૌના સહિયારા પુરુષાર્થથી પોષવદ-૪ તા. ૭-૧-૦૭ થી તા. ૧૫-૧-૦૭ સુધી **''શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી''** નું વિશાળ ફલક ઉપર ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ત્યારે આ વાતને આપ સુધી પહોંચાડતા અમારા હૃદયમાં અતિ આનંદ થઈ રહ્યો છે. આપ સર્વ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત છો અને મહારાજને પામવાના સાચા તાનવાળા છો તો આપણા પ્રાણપ્યારા પ્રિયતમ ભગવાન શ્રી સ્વામિનારાયણને રીજવવાનો આ સુવર્ણ અવસર છે તો આ છાવણીમાં શ્રીહરિરસામૃતનું પાન કરવા જરૂર સહભાગી થાશોજી.

વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રીહરિની મૂર્તિના સુખે સુખીયા થવા માટે, ફેશન, વ્યસન અને વહેમથી મુક્ત થવા માટે, ષડ્અંગી સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંતો સમજવા માટે, ભગવાન શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે, આ મહા અલૌક્કિ અને આધ્યાત્મિકતાના શિખર સમાન છાવણીમાં ભક્તોએ પ્રભુપ્રેમમાં મહેકતા થવા અને ભવાટવીના ભટકણ થકી મુક્ત થઈ ભગવાન શ્રીહરિને ભેટવાનો આ સોનેરી અવસર રખેને ભુલાય ન જવાય...!!! તો નવા વર્ષમાં નવપલ્લવિત દિવસોમાં ભક્તિનું ભાથું બંધાય, ધર્મ નિષ્ઠાનો રંગ પૂરાય તથા જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ પથરાય અને આપણા જીવનમાં નવ ચેતનાનો સંચાર થાય તો આવી સત્સંગ છાવણીમાં દરેક હરિભક્તોને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**લી. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજીના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ**

Shree Swaminarayan Chintan, November/December-2006 Reg. No. GRJ - 517/05 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC

11.The Format Of imprinline is reproduced as your imprint line does not contain complete details of....... (a) Printed By P.V. Dixit, Published by Viraktaswarup Swami on behalf of (or owned by) Shree Swaminarayan Mandir-Sardhar and printed at Sahjanand Press, 80 feet Road, Rajkot. (name of printing press with full address) and published from Sardhar (place of publication with full address). Editor Divyaswarup Swami. (only Editor word is accepted as per PRB Act in the imprint line.)



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન શિખરબધ્ધ શ્રી સ્વા. મંદિર - સરધારના આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'ના યાત્રિકોની શ્રીજીમહારાજની પ્રાગટ્ય ભૂમિ છપૈયામાં યોજાયેલ ભવ્ય સત્સંગ સભા



'આયો ચરન તેરે શ્રી જગન્નાથજી' હિન્દુસ્તાનના પવિત્ર ચારધામ માંહેલું તીર્થધામપુરીમાં ભગવાન શ્રી જગન્નાથજીના દર્શન માટે જતાં પૂ. સ્વામીશ્રી સાથે યાત્રિક સંતો-ભક્તો.

છબીકલા : સુરેશ ભુવા - સરધાર મો. ૯૮૯૮૭ ૬૬૭૦૩



1



2



3



4



5



6



7



8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ ભવ્ય શ્રી ગઢપુર મહોત્સવ - ૨૦૦૬

૧/૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી ઘનશ્યામજન્મોત્સવની નૃત્યગાનની સાથે ઉજવણી કરતા પૂ. સંતો-ભક્તો. ૩. ગાદી પટ્ટાભિષેક મહોત્સવ અંતર્ગત પંચામૃત યુક્ત કેસર જળેથી ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે યજમાનશ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ - અમેરિકા. ૪. ગઢપુરમાં શ્રીહરિના પ્રથમઆગમન પ્રસંગે શ્રીજીમહારાજનું સ્વાગત પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. અન્નકૂટ મહોત્સવની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા. ૬. માણકી ઘોડી ઉપર અસાવર થઈને મહોત્સવના તમામવિભાગમાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. મંદિરમાં વિરાજમાન દેવોની અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. શ્રીહરિયાગ યજ્ઞમાં પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીફળ બીડું હોમતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે મુખ્ય યજમાનશ્રીઓ.



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ ભવ્ય શ્રી ગઢપુર મહોત્સવ - ૨૦૦૬

પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રત્યક્ષ દર્શન તેમજ પોતાના હૃદયની ભાવઉર્મિઓ પ્રગટ કરતા રાજકીય મહાનુભાવો : ૧. ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા. ૨. ઉર્જામંત્રી માન. શ્રી સૌરભભાઈ પટેલ. ૩. પૂર્વ મુખ્યમંત્રી માન. શ્રી છબીલદાસ મહેતા. ૪. માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નાનાભાઈ શ્રી પ્રહ્લાદભાઈ મોદી. ૫. વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી માન. શ્રી પ્રવિણભાઈ તોગડીયા. ૬. પૂર્વ ગૃહમંત્રી માન. શ્રી ગોરધનભાઈ ઝડફીયા. ૭. રાજ્યમંત્રી માન. શ્રી પરસોતમભાઈ સોલંકી. ૮. પૂર્વ કેન્દ્રીય મંત્રી માન. ડો. શ્રી વલ્લભભાઈ કથીરીયા. ૯. અમરેલી વિસ્તારના સંસદ સભ્ય માન. શ્રી વિઠ્ઠલભાઈ હુંમર. ૧૦. સુરેન્દ્રનગર વિસ્તારના સંસદ સભ્ય માન. શ્રી સોમાભાઈ પટેલ. ૧૧. પૂર્વ ધારાસભ્ય માન. શ્રી આત્મારામભાઈ પરમાર. ૧૨. ધારાસભ્ય માન. શ્રી બાલુભાઈ તંતી.




## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ ભવ્ય શ્રી ગઢપુર મહોત્સવ - ૨૦૦૬

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું પ્રાસાદિક લીંબવૃક્ષના કાષ્ઠમાં તૈયાર કરવામાં ચાખડી આપીને સન્માન કરવામાં આવ્યું હતું : ૧. મહોત્સવનના મુખ્ય યજમાન શ્રી ચિમનભાઈ પટેલ - અમેરિકા. ૨. શ્રી ગોપીનાથજી શતામૃત મહોત્સવના યજમાન શ્રી ઘનશ્યામભાઈ જોબનપુત્રા - આફ્રિકા. ૩. શ્રી વાસુદેવનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના યજમાન શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ - અમેરિકા. ૪. છેલ્લા દિવસના ખર્ચના યજમાન શ્રી કનુભાઈ શાહ - બોટાદ. ૫. ધર્મકુળ પૂજનના યજમાન શ્રી શેઠ કુંવરજીભાઈ - શેડુભાર. ૬. સંતપૂજનના યજમાન શ્રી અમૃતભાઈ સોની - મલાડ. ૭. સર્વરોગ નિદાન કેમ્પના યજમાન શ્રી શામજીભાઈ - ગઢડા. ૮. સંહિતાપાઠના યજમાન શ્રી વેલજીભાઈ વેકરીયા - લંડન. ૯. સંહિતાપાઠના યજમાન શ્રી ડો. સાવલીયા સાહેબ - અમરેલી. ૧૦. યજમાનશ્રી. ૧૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શને શ્રી આપાગીગા જગ્યા - ચલાલાના મહંત પૂ. શ્રી વલકુ બાપુ. ૧૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીના ભાવપૂર્વક દર્શન કરતા પૂ. આત્માનંદ સરસ્વતી - બોટાદ.




**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ ભવ્ય**
**શ્રી ગઢપુર મહોત્સવ - ૨૦૦૬**

**૧/૨. મંદિરના પટાંગણથી વિશાળ જનમેદની સાથે નીકળેલ ભવ્ય પોથીયાત્રા. ૩. સભામંડપના મુખ્ય દરવાજાનું વેદોક્ત વિધિથી પૂજન કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીને ૩૩ ફૂટનો હાર પહેરાવી સ્વાગત કરતા સ્ટેજ વિભાગના સ્વયંસેવકો. ૫. કીર્તન આરાધના રાત્રિ કાર્યક્રમમાં પોતાના સૂરીલા કંઠે કીર્તનનો આસ્વાદ મણાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. સાંસ્કૃતિક કાર્યક્રમમાં તલવારરાસ રજૂ કરતાં હરિકૃષ્ણ રાસ મંડળ - રાજકોટના ખમીરવંતા યુવાનો. ૭/૮. ઠાકોરજીના મહાપ્રસાદનો લાભ લેતા હજારો ભક્તો.**



**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય**

## શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૬

૧. રાજકોટ રેલ્વે સ્ટેશન પર યોજાયેલ વિદાય સભામાં પૂ. સ્વામીશ્રી, પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર અને પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - અમરેલી. ૨. અમદાવાદ રેલ્વે સ્ટેશને યાત્રિકોને ધર્મકુળ પરિવાર વતી આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૩. ઉજ્જૈન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મમાં યોજાયેલ યાત્રિકોની સત્સંગ સભા. ૪. હરિદ્વારમાં ગંગાજીના કિનારે પૂ. સ્વામીશ્રી તથા મહાનુભાવો સંતો-મહંતોના સાંનિધ્યમાં વિશાળ સત્સંગ સભા. ૫. અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યાત્રિકોને બાળપ્રભુના લીલાચરિત્રોનું રસપાન કરાવતા પૂ. સ્વામીશ્રી તથા સંતો. ૬. અલ્હાબાદમાં ભારદ્વાજ મુનિના આશ્રમમાં યોજાયેલ યાત્રિકોની સત્સંગ સભા. ૭. ગયાજી રેલ્વે સ્ટેશને યોજાયેલ યાત્રિકોની સત્સંગ સભા. ૮. જગન્નાથપુરીમાં શ્રીમદ્ સત્સંગિજીવન કથામૃતનું આચમન કરાવતા પૂ. સ્વામીશ્રી તથા લાભ લેતા યાત્રિક ભક્તજનો.



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય

## શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૬

૧. અયોધ્યામાં ધર્મ-ભક્તિના નિવાસ સ્થાનના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૨. અયોધ્યામાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના નિવાસ સ્થાનના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૩. અયોધ્યામાં પ્રાસાદિક મીઠાઈ દુકાનના દર્શને પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૪. બાળપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજ દ્વારા પૂજેલ શ્રી મહાદેવજીના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૫. નંદિગ્રામમાં ભરત મંદિરના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૬. કાશીમાં ગંગા નદીના ઠાકોરજી સાથે નૌકાવિહાર કરતા પૂ. સંતો-ભક્તો. ૭. ગયાજીમાં વિષ્ણુપદ મંદિરના દર્શને પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૮. બોદ્ધગયામાં બોદ્ધધર્મના થાઈલેન્ડ નિવાસી પૂ. સંતો સાથે પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો.


1



2


3


4


5


6


7


8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૬

૧. કલકત્તાના હાવડા બ્રીજ પાસેથી પ્રસાર થઈને ગંગાસાગર સંગમસ્થળે જતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૨. જગન્નાથપુરીમાં ભગવાન શ્રી જગન્નાથજીના દર્શને યાત્રિક સમુદાય. ૩. સાક્ષીગોપાલ ભગવાનના મંદિર આગળ મહિમા સમજાવતા પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૪. ભુવેનશ્વરમાં મહાન સમ્રાટ રાજા અશોકે સ્થાપેલ બોદ્ધ શાંતિ સ્તુપના દર્શને યાત્રિક સમુદાય. ૫. ભુવનેશ્વરમાં પ્રાસાદિક મુક્તેશ્વર મહાદેવના દર્શને પૂ. સંતો-ભક્તો. ૬. કોનાર્કના કલાત્મક સૂર્યમંદિરના દર્શને પૂ. સંતો-ભક્તો. ૭. જગન્નાથપુરીમાં યોજાયેલ કથા-પારાયણમાં ટ્રેન સંચાલક શ્રી પ્રફુલભાઈ ગઢવીનું છપૈયાધીશ બાળપ્રભુના પ્રાસાદિક હાર પહેરાવી સન્માન કરતા પૂ. સ્વામીશ્રી. ૮. જગન્નાથપુરીમાં યોજાયેલ કથા-પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે આરતી ઉતારતા પૂ. વડિલ સંતો તથા અગ્રગણ્ય ભક્તજનો.



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૬ 'પ્રાગટ્ય ભૂમિ- છપૈયા દર્શન'

૧. ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યાં બાળચરિત્રો કર્યા તેવા છપૈયા ધામમાં રહેલ ચરિત્રસ્થાનોના દર્શને જતા યાત્રિક સમુદાય. ૨. ધર્મ-ભક્તિના સ્મૃતિ સ્થળે યાત્રિકોને માહાત્મ્ય સમજાવતા પૂ. સ્વામીશ્રી. ૩. કાલિદત વિનાશ સ્થળના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૪. મીન સરોવરના કિનારે પૂ. સંતો-ભક્તો. ૫. જાંબુડા લીલાસ્થાનના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૬. બહિરીયો કૂવાના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૭. મોક્ષપીપળા સ્થાનના દર્શન કરીને મહિમા સમજાવતા પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૮. ખાંપા તલાવડીના કિનારે સમૂહમાં યાત્રિક પૂ. સંતો-ભક્તો. ૯. ગૌઘાટનું જળ મસ્તેક ચડાવતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૧૦. ગૌઘાટના કિનારે યાત્રિકોને તે સ્થાનની લીલા સંભળાવતા પૂ. સ્વામીશ્રી તથા સાથે ગઢપુર મંદિરના પૂ. કોઠારી સ્વામીશ્રી. ૧૧. પતજિયા મહાદેવના દર્શન કરીને પટાંગણમાં બાળપ્રભુના લીલાચરિત્રોનું રસપાન કરાવતા પૂ. સ્વામીશ્રી. ૧૨. શ્રવણ તલાવડીના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો.



## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૬

૧. ઉજ્જૈનમાં શ્રી મહાકાલેશ્વર મહાદેવનો અભિષેક કરતા પૂ. સંતો-ભક્તો. ૨. મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિના દર્શન જતા યાત્રિક ભક્તજનો. ૩. મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શન જતા યાત્રિક પૂ. સંતો-ભક્તો. ૪. ગોકુળમાં બ્રહ્માંડઘાટનું જળ મસ્તકે ચડાવતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૫. ગોકુળમાં ૮૪ સ્થંભયુક્ત નંદરાજા મહેલના દર્શને પૂ. સંતો-ભક્તો. ૬. ગિરિરાજ પર્વતનું પૂજન કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૭. રમણ રેતીમાં આળોટતા પૂ. સંતો-ભક્તો. ૮. ઋષિકેશ લક્ષ્મણ ઝૂલા ઉપર પૂ. સંતો-ભક્તો. ૯. અયોધ્યામાં આવેલ પવિત્ર મખોડા ઘાટનું જળ મસ્તકે ચડાવતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૧૦. અલ્હાબાદમાં ભારદ્વાજ મુનિના આશ્રમમાં શ્રી મહાદેવજીના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૧૧. કાશીમાં પવિત્ર ઘાટોના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૧૨. ગંગાસાગરના સંગમસ્થળે પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો.




**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ ઉત્તર-પૂર્વ ભારતની તૃતીય**

## શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૬

**૧. ઉજ્જૈન શહેરમાં આવેલ ક્ષિપ્રા નદીમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો-ભક્તો. ૨/૩. હરિદ્વારમાં ગંગાજી નદીમાં ઠાકોરજીનો અભિષેક તથા આરતી ઉતારતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૪. અયોધ્યામાં પ્રાસાદિક સરયૂ નદીમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૫. અલ્હાબાદમાં ત્રિવેણી સંગમમાં પંચામૃત જળેથી ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૬. જગન્નાથપુરીમાં સમુદ્ર કિનારે ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો. ૮. જગન્નાથપુરીમાં પ્રાસાદિક ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો.**